ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૦૨ |
| પાઉન્ડ | ૧૧૦.૦૧ |
| યુરો | ૯૨.૨૧ |
| સઉદી રિયાલ | ૨૨.૩૮ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૮,૩૫૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૯,૯૯૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૬૭ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

### સોમનાથમાં બુલડોઝર એક્શનથી ખફા ઉચ્ચ અદાલત : ગુજરાત સરકારને તતડાવી

# જો અદાલતનું અવમાન થયું હશે તો ફરી બાંધકામનો આદેશ અપાશે : સુપ્રીમ

## જસ્ટિસ ગવઈએ કહ્યું, જો અમારા અગાઉના આદેશનો ભંગ થયો હશે તો 'જૈસે થે'નો હુકમ કરીશું

(એજન્સી) નવી દિલ્હી,તા.૪

સોમનાથ મંદિર પાસે નવ ધર્મ સ્થાનોને તોડી પાડવાના ગુજરાત સરકારના ડિમોલિશન ઓપરેશન અંગે શુક્રવારે સુપ્રીમકોર્ટે ભારે નાજગી વ્યક્ત કરી હતી અને ગુજરાત સરકારને ઠપકો આપીને સાફ-સાફ શબ્દોમાં દર્શાવ્યું હતું કે જો બુલડોઝર એકશન અંગેના ઉચ્ચઅદાલતના અગાઉના આદેશની અવહેલના થઈ હશે અને અદાલતનો તિરસ્કાર થયેલો લાગશે તો એ તોડી પડાયેલા તમામ બાંધકામોનું ભરીથી નિર્માણ કરવાનો આદેશ આપવામાં આવશે. સુપ્રીમકોર્ટ આ રીતે ગીર સોમનાથ સત્તાવાળાઓ ઉપર લાલઘૂમ થઈ ઉઠી છે. સુપ્રીમે ચેતવણી આપી છે કે જો અમારા આદેશની અવહેલના કરવામાં આવી હશે તો અમે એ અધિકારીઓને જેલમાં તો મોકલીશું પણ એ તમામ બાંધકામો પુનઃ સ્થાપિત કરવાનો એમને આદેશ આપીશું.

જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ વિશ્વનાથનની બેંચે સરકારનો જવાબ માંગ્યો છે અને અરજી પર સ્પષ્ટતા કરવા અને ખુલાસો કરવાનો પણ સોલિસિટર જનરલ તુષાર મહેતાને આદેશ આપ્યો હતો. સુપ્રીમમાં હવે પછી ૧૬મી ઓકટોબરે સુનાવણી થશે. સુપ્રીમે અત્યારે યથાવત સ્થિતિ માટે કોઈ આદેશ કરવાનું નકાર્યું હતું. પણ સાથે સાથે એવી ટકોર પણ કરી હતી કે જો બુલડોઝરની કાર્યવાહી અગાઉના આદેશની વિરૂદ્ધ હશે તો સરકારે બાંધકામો ફરી કરાવવા પડશે. ગત ૧૭મી સપ્ટેમ્બરે સુપ્રીમકોર્ટે એવું નિરીક્ષણ કર્યું હતું કે બુલડોઝરનો ઉપયોગ સજા કરવાના હથિયાર તરીકે કરવામાં આવી રહ્યો છે જે બંધારણના સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. એટલે ન્યાયતંત્રના દાયરામાં એ કાર્યવાહીને લાવીને તેની સમીક્ષા કરવી જરૂરી છે.

CELEBRATING EXCELLENCE 34 years GT

## સમસ્ત પટણી મુસ્લિમ જમાત દ્વારા રજૂઆત કોઈ નોટિસ વિના બાંધકામ તોડી પડાયા




### બેન્ચે પૂછ્યું કે હજુ કેટલા બાંધકામ ત્યાં છે ? ત્યારે અરજદારના વકીલે કહ્યું, પાંચ દરગાહ અને દસ મસ્જિદ છે

પ્રભાસપાટણમાં સોમનાથ મંદિરની આસપાસ આવેલી જમીન પરથી લઘુમતી મુસ્લિમ સમાજની દરગાહ અને કબ્રસ્તાન સહિતના નવ ધાર્મિક સ્થળો બુલડોઝરથી તોડી પાડવામાં આવ્યા હતા. એ સમયે ત્રણ જિલ્લાના એસ.પી.ની આગેવાની હેઠળ ૨૪૦૦ પોલીસનો જંગી કાફલો સ્થળો પર ગોઠવવામાં આવ્યો હતો અને વહેલી સવારથી તોડફોડ શરૂ કરી દેવામાં આવી હતી અને એકઠા થયેલા લોકોના ટોળા પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. એટલું જ નહીં ૧૨ કલાક સુધી પ્રભાસપાટણની મુખ્ય બજારો પણ બંધ કરી દેવામાં આવ્યા હતા.

આ કાર્યવાહી સામે સમસ્ત પટણી મુસ્લિમ જમાત દ્વારા સુપ્રીમકોર્ટમાં અરજી

## ગુજરાતના પ્રિન્સિપાલ સેક્રેટરી, સોમનાથ કલેક્ટર અને એસપી સામે કોર્ટ તિરસ્કારની કાર્યવાહી કરવા માંગ

કરીને એવી દલીલ કરવામાં આવી હતી કે અદાલતના આદેશનો તિરસ્કાર કરવામાં આવ્યો છે. અરજદારોએ ગુજરાત સરકારના પ્રિન્સિપાલ સેક્રેટરી તથા ગીરસોમનાથના કલેકટર અને ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ તેમજ એસ.પી. સામે કોર્ટ તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવા ઉચ્ચઅદાલતને અનુરોધ કર્યો હતો.

જમાતની અરજીમાં દર્શાવવામાં આવ્યું હતું કે લગભગ ૧૩૦૦ વર્ષ જૂની દરગાહ, મકબરા, ઈદગાહ, મસ્જિદો અને એ દરગાહના મુતવ્વલીઓના મકાનો તોડી પાડવા માટે ૨૮ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારના બુલડોઝરથી ડિમોલિશન ઓપરેશન કરવામાં આવ્યું હતું. કોઈ અગાઉથી નોટિસ આપવામાં આવી નથી અને અમારી રજૂઆત સાંભળવાની તક પણ આપવામાં આવી નથી.

સિનિયર એડવોકેટ સંજય હેગડેએ અરજદાર વતી સુપ્રીમમાં રજૂઆત કરી હતી કે ૧૩૦૦ વર્ષ જૂના બાંધકામોને લગતો આ મુદ્દો છે. જે નોટિસો અપાઈ હતી તેમાં ડિમોલિશનનો કોઈ ઉલ્લેખ ન હતો એટલે સત્તાવાળાઓની કાર્યવાહી ૧૭મી સપ્ટેમ્બરમાં સુપ્રીમકોર્ટના આદેશની વિરૂદ્ધ છે સુપ્રીમે ત્યારે આદેશ આપ્યો હતો કે ઉચ્ચઅદાલતની મંજૂરી વિના કોઈ ડિમોલિશન કરી શકાશે. નહીં. તેમ છતાં ૫૭ એકર વિસ્તાર પર આવેલી પાંચ દરગાહ, ૧૦ મસ્જિદો અને ૪૫ મકાનોને તોડી પાડવામાં આવ્યા છે. હેગડેએ રજૂઆત કરી હતી કે જે પ્રકારના બાંધકામો તોડાવાનો સુપ્રીમનો આદેશ છે એ શ્રેણીમાં આ મિલકતો (એટલે કે સોમનાથની) આવતી નથી.

આ તકે જસ્ટિસ વિશ્વનાથને પૂછ્યું હતું કે નવ બાંધકામ તોડી પડાયા છે અને કેટલાક બાંધકામ ત્યાં છે ત્યારે હેગડેએ માહિતી આપી હતી કે ૫૭ એકર જગ્યા જૂનાગઢના બાબી રાજવંશ દ્વારા આપવામાં આવી હતી. તેના પર પાંચ દરગાહ, ૧૦ મસ્જિદો અને ૪૫ મકાનો આવેલા છે. તે બધા પર જોખમ છે અને યથાવત સ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપવો જોઈએ. જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે જો અમને એવું લાગશે કે અમારા આદેશનું અવમાન કરવામાં આવ્યું છે તો અમે જૈસે થે સ્થિતિ રાખવાનો આદેશ આપીશું. ગીર સોમનાથના કલેકટર સહિતના અધિકારીઓ સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી કરવા પટણી મુસ્લિમ જમાતે સુપ્રીમને અનુરોધ કર્યો હતો.

## "જો આવી રીતે ચૂંટણી યોજવા તમે MCD એક્ટ હેઠળ વહીવટી સત્તાનો ઉપયોગ કરવા લાગશો તો લોકશાહી ભયમાં મૂકાઈ જશે"; MCD સ્ટેન્ડિંગ કમિટીની ચૂંટણીઓ બાબતે દિલ્હીના લેફ. ગવર્નરની ભારે ઝાટકણી કાઢતી સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના છઠ્ઠા સભ્ય માટેની ચૂંટણીઓ જે ઢબે અને જે રીતે થઈ છે તેની સામે સુપ્રીમ કોર્ટે આજે નારાજગી વ્યક્ત કરી હતી અને સ્ટેન્ડિંગ કમિટીને આદેશ આપવાના દિલ્હીના લેફ્ટ. ગવર્નરના નિર્ણય સામે સવાલ ઉઠાવ્યો હતો અને સુપ્રીમ કોર્ટે એવો સીધો સવાલ કર્યો હતો કે એમસીડી મેયર નથી ત્યારે ચૂંટણીની આટલી બધી ઉતાવળ શું ફાટી પડતી હતી ? એલજી દ્વારા એમસીડી કાયદાની કલમ ૪૮૭નો ઉપયોગ કરવામાં આવ્યો તેની સામે પણ સુપ્રીમે સવાલ ઉઠાવ્યો હતો અને ટકોર કરી હતી કે એમસીડી એક્ટ હેઠળ ચૂંટણી યોજવા માટે જો તમે વહીવટી સત્તાનો ઉપયોગ કરવા લાગશો તો પછી લોકશાહી ભયમાં મૂકાઈ જશે. અદાલતે LG ઓફિસ પાસેથી જવાબ માંગ્યો છે અને જે કાંઈ બન્યું છે તે વિશે વિગતો અદાલતને આપી જવાબ રજૂ કરવા માટે તાકીદ કરી છે અને બે સપ્તાહ પછી ફરી સુનાવણી નક્કી કરી છે. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે કલમ ૪૮૭ એ વહીવટી

**એલજી પાસેથી અદાલતે સમગ્ર કાર્યવાહી અંગે જવાબ માંગ્યો અને બે સપ્તાહ પછી ફરીથી સુનાવણી કરવાનો આદેશ આપ્યો**

સત્તા છે અને વિધાન ગૃહની કામગીરી સાથે દખલગીરી કરવા માટેની સત્તા આપતી નથી. આ એક સભ્યની ચૂંટણી છે અને જો તમે આવી રીતે તેમાં દખલગીરી કરતા રહો તો લોકશાહી નું શું થશે ? સુપ્રીમે બે સત્તા પછી વધુ સુનાવણી રાખી છે અને એ ગાળા દરમિયાન સ્ટેન્ડિંગ કમિટીના ચેર પર્સનની ચૂંટણી પણ નહીં યોજી શકાય એવો પણ આદેશ આપ્યો છે. એમસીડી સ્ટેન્ડિંગ કમિટીના છઠ્ઠા સભ્યની ૨૭ સપ્ટેમ્બરે ચૂંટણી થઈ હતી તેને પડકારવા માટે દિલ્હીના મેયર શૈલી ઓબેરોય દ્વારા સુપ્રીમમાં ધા નાખવામાં આવી હતી. એ વખતે ભાજપના ઉમેદવાર સભ્ય તરીકે જીતી ગયા હતા પરંતુ આમ આદમી પાર્ટી દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને આમ આદમી પાર્ટીએ એવો આક્ષેપ કર્યો હતો કે આ ચૂંટણી એમસીડી કાયદાની વિરૂદ્ધ છે. એ ચૂંટણી પછી મહાનગરપાલિકામાં ૧૮ સભ્યોની સ્ટેન્ડિંગ કમિટીમાં ભાજપના ૧૦ સભ્યો થયા છે અને આપના માત્ર આઠ છે.

## હેબ્રોનમાં ઈબ્રાહિમી મસ્જિદમાં જુમ્માની નમાઝ પર પાબંદી લગાવતી ઈઝરાયેલી આર્મી

જેરૂસલેમ,તા.૪

વેસ્ટ બેંકના દક્ષિણ ભાગમાં આવેલા હેબ્રોન શહેરમાં ઐતિહાસિક ઈબ્રાહીમી મસ્જિદમાં જુમ્માની નમાઝ પડવા પર ઈઝરાયેલના લશ્કરે પાબંદી લગાવી દીધી હતી. શુક્રવારે સેકડો પેલેસ્ટીની નમાઝીઓને મસ્જિદમાં પ્રવેશ અપાયો નહતો. ઈસ્લામી વિરાસતના નિયામત ધસ્સાન અલ-રજબી જણાવે છે કે સેંકડો પેલેસ્ટીની જુમ્માની જમાઝ માટે એકઠા થયા હતા. પણ મુઠ્ઠીભર લોકોને જ મસ્જિદમાં જવા દેવાયા હતા અને લશ્કરી દળોએ મસ્જિદના દરવાજા બંધ કરી દીધા હતા. આથી સેંકડો લોકોને મસ્જિદની આસપાસના મેદાનોમાં જુમ્માની જમાઝ પઢવાની ફરજ પડી હતી. તેમણે ઈઝરાયેલી લશ્કરના આ કૃત્યને વખોડી કાઢ્યું હતું મસ્જિદની ચારે તરફ લશ્કર દ્વારા ચેક પોઈન્ટ ઉભા કરી દેવામાં આવ્યા છે જેથી લોકો મસ્જિદમાં જઈ શકે નહીં. ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત ઈબ્રાહીમની (અ.સ.)ની યાદ અપાવતી આ પ્રાચીન મસ્જિદ છે.

## પૂણેમાં કાર્યકરોના સ્વાંગમાં આવેલા ત્રણ બદમાશોનો ૨૧ વર્ષીય યુવતી પર સામૂહિક બળાત્કાર, મિત્રને માર માર્યો

**હજુ સુધી કોઈ ધરપકડ થઈ નથી**

**પૂણે ગેંગરેપ : તમામ રાજ્યોની તુલનામાં સૌથી ખરાબ ગૃહમંત્રી; મહારાષ્ટ્રની કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે શિંદે સરકાર પર માછલા ધોતા વિરોધ પક્ષો**

**ઉદ્ધવ પક્ષના સાંસદ પ્રિયંકા ચતુર્વેદી કહે છે, મહારાષ્ટ્રમાં લાડકી બહેન કરતા સુરક્ષિત માતા બહેન અને બેટીના સૂત્રની વધુ જરૂર**

**આદિત્ય ઠાકરે કહે છે, તમામ રાજ્યોમાં સૌથી ખરાબ ગૃહમંત્રી અને એ પણ આપણને મળ્યા**





પોલીસે એક શકમંદની ધરપકડ કરી : યુવતી પર ગેંગ રેપ કર્યા પહેલા તેના મિત્રને ઢોરમાર માર્યો : આઘાતજનક ઘટનાના મહારાષ્ટ્રમાં ઘેરા પડઘા

(એજન્સી) પુણે, તા.૪

પુણેમાં બનેલી એક આઘાતજનક ઘટનામાં ગુરૂવારે મોડી રાત્રે બોપદેવ ઘાટ ખાતે ત્રણ અજાણ્યા બદમાશોએ ૨૧ વર્ષીય યુવતી પર ગેંગરેપ કરતા ભારે સનસનાટી મચી જવા પામી છે. પોલીસે કોંધવા પોલીસ સ્ટેશનમાં ત્રણેય બદમાશો વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી.

જોઈન્ટ પોલીસ કમિશનર રંજન કુમાર શર્માએ જણાવ્યા અનુસાર આ યુવતી તેના પુરૂષ મિત્ર સાથે ઘાટ પર ગઈ હતી ત્યારે રાતના લગભગ ૧૧:૦૦ વાગ્યાના સુમારે ત્રણ જેટલા બદમાશોએ તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. સવારે પાંચ વાગ્યે પોલીસને જાણ કરવામાં આવી હતી એટલે અપરાધીઓ માટે ચારે તરફ શોધખોળ ચાલુ કરી દેવામાં આવી છે અને ક્રાઈમ બ્રાન્ચ તથા ડિટેક્ટિવ બ્રાંચની ૧૦ ટીમ બનાવવામાં આવી છે જેથી કરીને અપરાધીઓને પકડી શકાય.

પોલીસે પીડિત યુવતીને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તેનું નિવેદન લીધું હતું જેમાં યુવતીએ જણાવ્યું હતું કે પહેલા આ હુમલાખોરોએ અને બદમાશોએ મારા મિત્રને માર માર્યો હતો અને એના શર્ટ તથા પટ્ટાથી મારા મિત્રને ઝાડ સાથે બાંધી દીધો હતો એ પછી મને અવાવરૂં જગ્યા તરફ ખેંચી ગયા હતા અને ગેંગરેપ કર્યો હતો. હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી. આ ઘટનાને પગલે એનસીપી પવાર જૂથના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુલેએ જણાવ્યું હતું કે આ ખૂબ જ ગુસ્સે કરી દેતી ઘટના છે અને પુણે તથા મહારાષ્ટ્રમાં મહિલાઓની કોઈ સલામતી રહી નથી. આવા બનાવો બનતા અટકે એવા પગલાં લેવામાં નિષ્ફળતા બદલ તેમણે ગૃહ વિભાગની ટીકા કરી હતી.

આપણને મુશ્કેલીમાં મૂકે એવી આ ઘટના છે અને પુણેમાં શું ચાલી રહ્યું છે ? એક મહિલા પર ગેંગરેપની ઘટના સામે આવી છે ત્યારે ઉપર સવાલો પૂછતા સુપ્રિયા સુલે એ ટ્વિટ કર્યું હતું કે રાજ્યમાં અને પુણેમાં પણ મહિલાઓ સામે અપરાધોની ઘટનાઓ વધી રહી છે અને એ રોકવા માટે ગૃહ મંત્રાલય કશું કરી રહ્યું નથી એવું લાગે છે. કમનસીબે એ કહેવું પડે છે કે મહારાષ્ટ્ર મહિલાઓ માટે સુરક્ષિત રહ્યું નથી. સરકારે આ બનાવના અપરાધીઓને તાત્કાલિક પકડવા જોઈએ અને એમની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. શિવસેનાના ઉદ્ધવ ઠાકરેના ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ પ્રતિક્રિયા આપી હતી કે મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા સદંતર ભાંગી પડ્યા છે અને હાલના શાસન માટે આ કેવી શરમજનક વાત છે કે વિરોધ પક્ષો પર જાસૂસી કરવાનો અને બનાવટી ઉદ્દઘાટનો કરવાનો તથા કૌભાંડો કરવાનો તો સમય છે પણ આમ આદમી માટે આ શાસન પાસે કોઈ સમય નથી. તમામ રાજ્યોની સરખામણીમાં સૌથી વધુ નબળા અને ખરાબ ગૃહ મંત્રી મહારાષ્ટ્રના છે. અને એ આપણને મળ્યા છે. આ ગેરકાનૂની સરકાર માટે શરમજનક ઘટના છે જેણે પોતાના જ પક્ષ સાથે સંકળાયેલા જાતીય અપરાધના આરોપીઓને સક્રિય રીતે બચાવ કરવાનું શરમજનક પગલું લીધું છે જેના કારણે કાયદો અને વ્યવસ્થાની કોઈને બીક રહી નથી. આજે મહારાષ્ટ્રમાં લાડકી બહેન કરતા સુરક્ષિત માતાલ બહેન અને બેટીના સૂત્રની વધુ જરૂર છે એવું ઉદ્ધવ જૂથના રાજ્યસભાના સભ્ય પ્રિયંકા ચતુર્વેદી એ જણાવ્યું હતું.

## તિરૂપતિ લાડુ વિવાદ : સુપ્રીમ કોર્ટે નવેસરથી તપાસનો આપ્યો આદેશ, પાંચ સભ્યોની સીટની રચના

(એજન્સી) નવી દિલ્હી, તા. ૪

સુપ્રીમ કોર્ટે શુક્રવારે તિરુપતિ લાડુ વિવાદમાં નવેસરથી તપાસનો આદેશ

**ક્યા બાત હૈ ?!**

મારા ભેગા હાલોને ! મને દીપડાની બીક લાગે છે !




**સુપ્રીમ કોર્ટે સુનાવણી બાદ ઠરાવ્યું હતું કે, સીબીઆઈ તથા આંધ્રપ્રદેશ પોલીસ અને FSSAIના અધિકારીઓની બનેલી સીટ તપાસ કરશે**

આપ્યો છે અને પાંચ સભ્યોની ખાસ તપાસ ટીમ એટલે કે સીટની રચના પણ કરી છે. જેમાં CBI તથા આંધ્રપ્રદેશ પોલીસ અને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ સભ્ય તરીકે રહેશે તેવું સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે. તિરુમાલા વેંકટેશ્વર મંદિરના સંચાલક તિરુપતિ તિરુમાલા દેવસ્થાનમ ટ્રસ્ટ દ્વારા વિખ્યાત તિરુપતિ લાડુ પ્રસાદ તરીકે આપવામાં આવે છે જેના વિશે તાજેતરમાં બનાવટી ઘીના ઉપયોગને લઈને ભારે વિવાદ ઉભો થયો છે. સુપ્રીમ રચિત સીટમાં તપાસની સભ્યો તરીકે સીબીઆઈમાંથી બે અધિકારીઓ તથા આંધ્ર પોલીસમાંથી બે અધિકારીઓ અને ફૂડ ઓથોરિટીમાંથી એક અધિકારી સભ્ય તરીકે રહેશે. CBIના નિયામકના મોનિટરિંગ હેઠળ સીટ તપાસ કરશે તેવું પણ સુપ્રીમે દર્શાવ્યું છે. સુપ્રીમનો ઉપયોગ રાજકીય લડાઈના અખાડા તરીકે થવા દેવાશે નહીં એવું નિરીક્ષણ કરતા જસ્ટિસ બી આર ગવઈ અને જસ્ટિસ વિશ્વનાથ અને અદાલતના નિરીક્ષણ હેઠળની તપાસની માંગણી કરતી અરજી સહિતની અનેક અરજીઓ પર સુનાવણી કર્યા બાદ આજે ઉપર મુજબ આદેશ આપ્યો હતો. સુપ્રીમની બેંચ દ્વારા એવું પણ ઠરાવાયું હતું કે અમે કોઈ રાજકીય નાટકબાજી થવા દેવા માંગતા નથી. આ વિવાદનો રાજકીય નાટક તરીકે ઉપયોગ થવા દઈશું નહીં. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમને જણાવ્યું હતું કે જો આક્ષેપોમાં સત્યનો કોઈ અંશ પણ હોય તો આ બધું અસ્વીકાર્ય છે. તેમણે સૂચવ્યું હતું કે કેન્દ્ર સરકારના કોઈ સિનિયર અધિકારીના નિરીક્ષણ હેઠળ સીટની તપાસ થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે રાજ્ય નિયુક્ત સીટની તપાસ ચાલુ રહેવા દેવી જોઈએ કે નહીં અથવા તો સ્વતંત્ર એજન્સીને તપાસ આપવી જોઈએ કે નહીં તેનો નિર્ણય લેવામાં મદદ કરવા તુષાર મહેતાને તાકીદ કરી હતી. અદાલતે ઉચ્ચ ન્યાય અધિકારીને પણ આ મુદ્દા પર મંથન કરવા અને સહાયભૂત બનવા માટે અનુરોધ કર્યો હતો. આ અગાઉ પણ જ્યારે સુપ્રીમ કોર્ટે ચંદ્રબાબુ નાયડુને સવાલો કર્યા ત્યારે ટકોર કરી હતી કે ભગવાનને રાજકારણથી દૂર રાખો.

# લેબેનોનમાં જીવન બચાવવું બન્યું મુશ્કેલ, ઈઝરાયેલનો સતત બોમ્બમારો અને આક્રમણ; હજારો લોકો તડપી રહ્યા છે ભૂખથી અને બન્યા છે બેકાર

**અનેક ભારતીય નાગરિકો પણ કહે છે કે હવે અહીં જીવનું જોખમ છે અને કોઈપણ રીતે અસ્તિત્વ બચાવવાનું શક્ય દેખાતું નથી, લેબેનોનના નાગરિકો કહે છે અમે અમારા દેશમાં જ બંધક બની ગયા છીએ, નાણાં નથી કે કોઈ સાધન સંપત્તિ નથી કે લેબેનોન છોડી દેવા માટેની પણ શક્તિ નથી**

(એજન્સી) બૈરૂત, તા.૪

લેબેનોન પર ઈઝરાયેલના સતત ભયાનક હવાઈ હુમલા અને તેના લશ્કર દ્વારા જમીની આક્રમણને કારણે અહીં રહેતા સેંકડો ભારતીય સહિત હજારો સ્થાનિક નાગરિક ભય અને ભૂખથી પીડાઈ રહ્યા છે અને કહી રહ્યા છે કે ઈઝરાયેલી હુમલાઓમાં હવે જીવન બચાવવાનું મુશ્કેલ બન્યું છે. અમે ભૂખ્યા છીએ અને બેકાર છીએ. એવું લાગે છે કે અમારી જ ભૂમિ પર અમે બંધક બની ગયા છીએ. ન તો નાણા છે કે ન તો કોઈ સાધન સંપત્તિ છે કે ન તો લેબેનોન છોડવાની શક્તિ રહી છે. વેદનાની એવી ગાથાઓ છે જે અનુભૂતિ વ્યક્ત કરવાના શબ્દો નથી. તમારી એક દીકરી છે જેના શિક્ષણની જવાબદારી છે. તમારા સંતાનોને તબીબી સહાયની જરૂર છે પણ તમારી પાસે નોકરી નથી રહી અને તમારી આજુબાજુ તથા સામે બોમ્બ વરસી રહ્યા છે ત્યારે આવનારી કલાકમાં પણ જીવતા રહેશું કે કેમ એ પણ નક્કી નથી. આ પરિસ્થિતિ હજારો લોકોની છે. ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા કાર્ડ ધરાવતા એક મૂળ લેબેનોન નાગરિક ફવાદ મોરિસ અઝહર કહે છે કે છેલ્લા બે સપ્તાહથી અમારૂં જીવન આવું બની ગયું છે અને દર સેકન્ડે અહીં જીવન બચાવવાનો સંઘર્ષ છે. દક્ષિણ લેબેનોન પર હુમલા કરી રહ્યું છે પરિસ્થિતિ બૈરૂતમાં પણ ગંભીર બની ગઈ છે. દરરોજ ઘાતક અને જીવલેણ હવાઈ હુમલા થઈ રહ્યા છે અને ઈઝરાયેલની સેના પણ આક્રમણ કરી રહી છે. બૈરૂતની મધ્યમાં બોમ્બ વર્ષા થઈ રહી છે અને અત્યાર સુધીમાં ૧૩૦૦ લોકો માર્યા ગયા છે અને લાખો લોકો બેઘર થઈ ગયા છે. બોંબના વસતા વરસાદ વચ્ચે લોકો મસ્જિદો તથા ચર્ચ



અને શાળાઓમાં આશરો લેવાની કોશિશ કરી રહ્યા છે અને હજારો લોકો આવી જગ્યાઓ પર એકત્ર થયા છે અને જાન બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઘણા ફૂટપાથ પર રહીને જીવન બચાવવાની કોશિશ કરી રહ્યા છે. ઘણા ઓફિસ સંકુલોમાં પ્રવેશીને બચવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઘણા મોટરના પાર્કિંગમાં ગોઠવાયા છે જેથી કરીને બોમ્બથી બચી શકાય અહીં આવશ્યક ચીજ વસ્તુઓની તંગી છે અને પાણીની પણ તંગી છે. ના તો પૈસા છે કે ન તો કંઈ ખાવાનું છે. ચોરી અને લૂંટફાટ જેવી ગુનાખોરી પણ વધી રહી છે. કેટલીક સ્થાનિક સંસ્થાઓ અને ચેરીટેબલ સંગઠનોને કારણે લોકોને થોડી મદદ મળી રહી છે પણ સરકાર તો નાણા આપવાની શક્તિમાં નથી એટલે સ્થાનિક વોલિન્ટિયરો અને સંસ્થાઓ જમવાના બોક્સ તથા બાળકો માટેના ડાયપર, બાળકો માટેનું દૂધ, અનાજ અને તબીબી સાધનો તથા દવાઓ આપવાની કોશિશ કરી રહ્યા છે. લેબેનોન કોઈ ભૌગોલિક રીતે બહુ વિશાળ દેશ નથી. તેનો વિસ્તાર માત્ર ૧૦૪૫૨ ચોરસ કિલોમીટર જેટલો છે એટલે એમની પાસે વિસ્થાપિત થઈને આવતા લોકોને ભોજન આપવાની શક્તિ કે વ્યવસ્થા નથી. લેબેનોનના એક નાગરિક કહે છે કે મારી ૧૭ વર્ષની દીકરીનો પિતા હોવાના નાતે તેના શિક્ષણની જવાબદારી મારા ઉપર છે પણ અત્યારે તો જીવન બચાવવાનો સંઘર્ષ છે અને સાથે સાથે મારી દીકરીના ભવિષ્યની પણ ચિંતા છે. આ વર્ષે તે કોલેજમાં જવાની હતી પણ હવે બધું ઉલટસૂલટ થઈ ગયું છે. આજના તરૂણોએ કોવિડનો ભયાનક ગાળો જોયો અને હવે ચારે તરફ બોમ્બ વરસતા જોઈ રહ્યા છે એટલે અત્યારની નવી પેઢી એટલે કે તરૂણો અને યુવાનો સતત ભયમાં જીવી રહ્યા છે જેની એમના પર માનસિક અને શારીરિક રીતે ગંભીર અસરો થઈ રહી છે. મેં મારી નોકરી પણ ગુમાવી દીધી છે. હું એક રેસ્ટોરન્ટમાં હતો અને હવે એક સોફ્ટ સર્વિસ કંપનીમાં ઓપરેશન મેનેજર તરીકે કામ કરીને રોજગારીની કોશિશ કરી રહ્યો છું. પગાર પણ ખૂબ ઓછો છે અને એ પણ મળશે કે કેમ તે વિશે પણ અનિશ્ચિતતા છે. આમાં પરિવારનું ભરણપોષણ થઈ શકે નહીં. મારા પિતાને પણ તબીબી સહાયની જરૂર છે એટલે એમના માટે દવા લેવા એનજીઓ પર આધાર રાખવો પડશે. મારી માતા મુંબઈમાં રહે છે એટલે એમને આ બધું સહન કરવું પડ્યું નથી એ જ એક મારા માટે આશાસ્પદ વાત છે. બીજા કેટલાક ભારતીયો કહે છે કે અહીં રહેવું હવે મુશ્કેલ બન્યું છે અને બંધકો જેવી હાલત થઈ ગઈ છે ૨૦૦૬ની લડાઈ થઈ ત્યારે ભારત સરકારે અહીંથી તમામ ભારતીયોને સલામત સ્થળે ખસેડી લીધા હતા પરંતુ અત્યારે તો ભારતના દૂતાવાસ તરફથી પણ કોઈ સમાચાર મળ્યા નથી અને અમને ક્યારે લઈ જવામાં આવશે તેની પણ ખબર નથી અત્યારે તો ચારે તરફ અમને નિરાશા ઘેરી વળી છે અને તબાહી તથા બેહાલી છે.

# ‘કર દિયા ૨૦૨૪ મેં મર્ડર’ : ડોક્ટરની હત્યા કર્યા પછી કિશોરની સોશિયલ મીડિયા પોસ્ટ

**યુનાની ડૉ.જાવેદ અખ્તરની કથિત રીતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, કારણ કે, તેણે દર્દી પાસેથી વધારે પૈસા વસૂલ્યા હતા ! ● યુવકે યુનાની દવાના પ્રેક્ટિશનર ડૉ.જાવેદ અખ્તરની ગોળી મારીને હત્યા કરી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

પોલીસે જણાવ્યું હતું કે, એક ૧૭ વર્ષીય યુવકની દિલ્હીમાં તેના ખાનગી નર્સિંગ હોમમાં ૫૫ વર્ષીય ડોક્ટરની એક દિવસ પહેલાં કથિત રીતે હત્યા કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. તે દક્ષિણપૂર્વ દિલ્હીના કાલિંદી કુંજ વિસ્તારની ત્રણ પથારીવાળી નીમા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે હાલમાં ભાગેડુ એવા તેના કિશોર મિત્ર સાથે આવ્યો હતો અને યુનાની દવાના પ્રેક્ટિશનર ડૉ.જાવેદ અખ્તરની કથિત રીતે ગોળી મારીને હત્યા કરી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે સગીરે ડોક્ટરને કહ્યું કે, તેણે સારવાર માટે વધુ પૈસા લીધા છે, તેથી તેણે તેની હત્યા કરી. આ ઘટના પછી તેણે કથિત રીતે તેના ફોટોગ્રાફ અને કેપ્શન સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ‘કર દિયા ૨૦૨૪ મેં મર્ડર (આખરે ૨૦૨૪માં હત્યા કરી)’ એવી એક પોસ્ટ અપલોડ કરી હતી. બંને છોકરાઓ એક જ વિસ્તારમાં રહેતા હતા અને ગુનામાં વપરાયેલ હથિયાર મળી આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ કેસના સંબંધમાં પોલીસે નર્સિંગ હોમની મહિલા નર્સ અને તેના પતિની પણ પૂછપરછ કરી છે. હોસ્પિટલના સ્ટાફના જણાવ્યા અનુસાર બંને કિશોરો બુધવારે મોડી રાત્રે હોસ્પિટલ પહોંચ્યા અને તેમાંથી એકે તેના ઈજાગ્રસ્ત અંગૂઠા માટે ડ્રેસિંગ બદલવાનું કહ્યું. કિશોરને આગલી રાત્રે હોસ્પિટલમાં સારવાર પણ આપવામાં આવી હતી. ડ્રેસિંગ થઈ ગયા પછી કિશોરોએ કહ્યું કે, તેઓને પ્રિસ્ક્રિપ્શન જોઈએ છે અને તેઓ મિસ્ટર અખ્તરની કેબિનમાં ગયા. મિનિટો પછી નર્સિંગ સ્ટાફ ગજાલા પરવીન અને મો.કામિલને ગોળીનો અવાજ સંભળાયો. તેઓ ડોક્ટરની કેબિનમાં દોડી ગયા અને જોયું કે તેના માથામાંથી લોહી નીકળતું હતું. આ ઘટના કોલકાતાની ભયાનક ઘટનાના બે મહિના કરતાં પણ ઓછા સમયમાં આવી છે જેમાં નાઈટ શિફ્ટમાં એક ડોક્ટર પર સરકારી હોસ્પિટલમાં બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. કોલકાતાની ઘટનાએ ફરજ પરના આરોગ્યસંભાળ કર્મચારીઓની સુરક્ષાની માગણી કરતા ડોક્ટરો દ્વારા દેશવ્યાપી વિરોધને વેગ આપ્યો હતો.

# કલાકો પહેલાં ભાજપ માટે મત માંગતા પૂર્વ સાંસદ અશોક તંવર ફરીથી કોંગ્રેસમાં જોડાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

હરિયાણામાં દલિતના મતો મેળવવા માટે જોરદાર હોડ મચી છે. વિધાનસભાની ચૂંટણીઓના મતદાન આડે એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે દલિતોના ૨૦ ટકા મતો મેળવવાનું દરેક પક્ષો માટે નિર્ણયક બનશે અને કોંગ્રેસને વિજયની ગંધ આવી ગઈ હોવાથી કોઈ તક જતી કરવા માંગતી નથી એ કારણે જાણિતા દલિત નેતા અશોક તંવર ફરીથી કોંગ્રેસમાં જોડાતા કોંગ્રેસને વિજયની દિશામાં જવા માટે મોટું પીઠબળ મળ્યું છે. ભાજપ માટે મત માંગી રહેલા આ નેતા થોડી કલાકો પછી રાહુલ ગાંધીની હાજરીમાં ફરીથી કોંગ્રેસમાં જોડાઈ ગયા



**હરિયાણાના દલિત નેતાના કોંગ્રેસમાં અચાનક પુનરાગમનથી પક્ષોના ૨૦ ટકા ચૂંટણી આયોજન લંબાયા**

હતા. હરિયાણા એવું રાજ્ય છે જ્યાં જાટ વિરૂદ્ધ બિન-જાટ એ એક મોટો મુદ્દો છે દલિતના રાજકારણની આ ચેસને કારણે રાજકીય સમીકરણો બદલાઈ ગયા છે. કોંગ્રેસની ગણતરી એવી છે કે, લોકસભાની ચૂંટણીઓની જેમ વિધાનસભામાં પણ દલિતો કોંગ્રેસને મત આપશે. લોકસભા ચૂંટણીમાં દલિતોના ૬૮ ટકા મત કોંગ્રેસને મળ્યા હતા અને ભાજપને માત્ર ૨૪ ટકા મળ્યા હતા. એટલા માટે જ રાહુલ ગાંધી જાતિ આધારિત વસતી ગણતરી માટે જોરદાર હીલચાલ ચલાવી રહ્યા છે અને ભાજપ રોકવા માંગે છે કેમકે તેને દલિતોની પરવાહ નથી.

# અરવિંદ કેજરીવાલ સત્તાવાર સીએમ નિવાસસ્થાન ખાલી કરી પક્ષના સાથીદારના બંગલામાં રહેવા ગયા

**કેજરીવાલ એમના પત્ની અને પુત્ર સાથે સીએમ આવાસ ખાલી કરીને જતા વીડિયોમાં દેખાઈ આવે છે, તેઓ આપના રાજ્યસભાના સભ્ય અશોક મિત્તલને ફાળવવામાં આવેલા પાંચ-ફિરોજશાહ રોડ બંગલા ખાતે રહેવા જઈ રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સુનિતા કેજરીવાલે આજે સિવિલ લાઇન એરિયામાં આવેલા સીએમના સત્તાવાર નિવાસસ્થાનને ખાલી કરી દીધું હતું અને પક્ષના એમના સાથી નેતાના બંગલામાં રહેવા ચાલ્યા ગયા છે. શુક્રવારે કેજરીવાલે સીએમના સત્તાવાર બંગલાને ખાલી કરી દીધો હતો અને હવે તેઓનું સરનામું લુતીયન્સ ઝોનમાં આવેલો બંગલો રહેશે. તેઓ એક કારમાં એમની પત્ની અને પુત્ર સાથે સીએમ આવાસથી નવા બંગલે જતા દેખાય છે તેમના માતા પિતા અને દીકરી એક અલગ કારમાં રવાના થયા હતા. આપના રાજ્યસભાના સભ્ય અશોક મિત્તલને પાંચ ફિરોજશાહ રોડ પર મંડી હાઉસ પાસે ફાળવવામાં આવેલા બંગલામાં કેજરીવાલ પરિવાર સાથે રહેશે. મિત્તલ પંજાબથી રાજ્યસભાના સભ્ય બન્યા છે. એમને મધ્ય દિલ્હીમાં આ બંગલો ફાળવવામાં આવ્યો હતો. ગયા મહિને કેજરીવાલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું ત્યારે જ તેમણે કહ્યું હતું કે હું નવરાત્રીના પર્વ પર સીએમ આવાસ ખાલી કરી દઈશ.

# ‘જો તું ડોક્ટરને મારી નાંખે તો તું અમારી દીકરી સાથે લગ્ન કરી શકે’ : દિલ્હીની નીમા હોસ્પિટલમાં હત્યાની ચોંકાવનારી વિગતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

દક્ષિણપૂર્વ દિલ્હીના જેતપુર એક્સટેન્શનમાં નીમા હોસ્પિટલમાં ગુરૂવારે ૫૦ વર્ષીય યુનાની ડોક્ટર જાવેદ અખ્તરની તેમની કેબિનની અંદર બે ‘કિશોરો’ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે એક શકમંદની અટકાયત કરી હતી, જેણે ખુલાસો કર્યો હતો કે, તેને એક નર્સના પતિએ આ કામ સોંપ્યું હતું જેને અખ્તરને તેની પત્ની સાથે અફેર હોવાની શંકા હતી. શકમંદ સગીર કથિત રીતે નર્સની પુત્રી સાથે પ્રેમમાં હતો, તેણે દાવો કર્યો હતો કે, જો તે ડોક્ટરની હત્યા કરશે તો પતિએ તેને લગ્નમાં પુત્રીનો હાથ આપવાનું વચન આપ્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર છોકરાએ પતિના એટીએમ ખાતામાંથી પૈસા પણ ઉપાડી લીધા હતા, જેમણે કહ્યું હતું કે, દાવાઓની તપાસ ચાલી રહી છે. પોલીસે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા શકમંદને ટ્રેક કર્યો, જ્યાં તેણે ‘૨૦૨૪ની પ્રથમ હત્યા.’ એવું લખી પિસ્તોલ સાથેનો ફોટો પોસ્ટ કર્યો, જેના કારણે પોલીસ શકમંદ ‘ટીનેજર’ સુધી પહોંચી. પોલીસને સવારે ૧:૪૫ વાગ્યે એક તકલીફનો કોલ મળ્યો અને અખ્તરનો મૃતદેહ તેની ખુરશીમાં ઢળી પડેલો મળી આવ્યો. સીસીટીવી ફૂટેજ બતાવે છે કે, બે છોકરાઓ શાંતિથી હોસ્પિટલમાં પાછા ફરી રહ્યા છે, સીધા અખ્તરની કેબિનમાં જઈ રહ્યા છે, જ્યાં તેઓએ ઠંડા કલેજે જીવલેણ ગોળીબાર કર્યો.

# સરકારની ટીકા કરવા બદલ પત્રકાર સામે ફોજદારી કેસ કરી શકાય નહીં : સુપ્રીમ



**ઉત્તરપ્રદેશમાં જાતિ રાજકીય સમીકરણ અંગેના લેખ બદલ પત્રકાર અભિષેક ઉપાધ્યાયને ફોજદારી કાર્યવાહી સામે વચગાળાનું રક્ષણ આપતી ઉચ્ચ અદાલત**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સરકારની ટીકા કરી હોય એવા લખાણ કે લેખ માત્રને કારણે કોઈ પત્રકાર કે લેખક પર ફોજદારી કેસ કરી શકાય નહીં એવું સ્પષ્ટ નિરીક્ષણ સુપ્રીમ કોર્ટે કર્યું છે. ઉત્તરપ્રદેશમાં જાતિ સમીકરણ અને તેની ગતીશીલતા પર લેખ લખનાર અભિષેક ઉપાધ્યાય નામના પત્રકાર સામે રાજ્યનું પ્રશાસન કોઈ કાર્યવાહી ન કરે અને કોઈ આકરા પગલાં ન લે એ માટે સુપ્રીમે પત્રકારને વચગાળાનું રક્ષણ આપ્યું અને તેની સામે હાલ કોઈ પગલાં ન લેવા રાજ્યના વહીવટી તંત્રને આદેશ આપ્યો હતો. જસ્ટીસ ઋષિકેશ રોય અને ભટ્ટીની બેન્ચ સમક્ષ અરજી આવી હતી જેમાં એક લેખ બદલ યુપી પોલીસે પત્રકાર સામે કરેલી FIR રદ કરવા માટે સુપ્રીમને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ અરજી પર ઉચ્ચ અદાલતે રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે અને વધુ સુનાવણી ૫મી નવેમ્બરે રાખી છે. પોતાના ટૂંકા આદેશમાં સુપ્રીમે મહત્ત્વનું નિરીક્ષણ કરતા જણાવ્યું છે કે લોકશાહી દેશમાં વિચારો વ્યક્ત કરવાની આઝાદીનું સન્માન થવું જોઈએ બંધારણની કલમ ૧૯ (૧) (A) મુજબ પત્રકારોના અધિકારોનું જતન કરવામાં આવ્યું છે. પત્રકાર કશું લખે ને તેને સરકારની ટીકા માનીને તેના પર સીધો ફોજદારી કેસ કરી શકાય નહીં. અભિષેક દ્વારા યાદવ રાજ વિરૂદ્ધ ઠાકુર રાજ એવા હેડિંગ હેઠળ એક લેખ લખવામાં આવ્યો હતો જેના કારણે યુપી પોલીસે એમના સામે FIR દાખલ કરી હતી. આથી પત્રકારે સુપ્રીમમાં જઈને ન્યાય માંગ્યો હતો. સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે આ લેખના વખાણ કર્યા એ પછી ભારે ચર્ચા જાગી ઊઠી હતી અને પત્રકારને ધમકીઓ પણ મળી છે.

# પીએમ ઈન્ટર્નશીપ યોજના શું છે ? કેવી રીતે કરશો અરજી ? જાણો લાયકાત અને રિઝર્વેશન વિશે

(એજન્સી) તા.૪

કેન્દ્ર સરકારે ભારતીય યુવાનોના કૌશલ્યો અને રોજગારની સંભાવનાઓને વધારવા માટે પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના શરૂ કરી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય દેશના ટોચના ઉદ્યોગોમાં ઈન્ટર્નશિપ દ્વારા યુવાનોને પ્રેક્ટિકલ તાલીમનો અનુભવ પ્રદાન કરવાનો છે, જેથી તેઓને રોજગારીની વધુ સારી તકો મળી શકે. પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના સત્તાવાર રીતે ૩ ઓક્ટોબર ૨૦૨૪થી શરૂ કરવામાં આવી છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી પાંચ વર્ષમાં ભારતની ટોચની ૫૦૦ કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશિપની તકો પૂરી પાડવાનો છે. યોજના હેઠળ, યુવાનો અભ્યાસ પછી વ્યાવસાયિક વાતાવરણમાં વ્યવહારુ અનુભવ મેળવી શકશે, જેનાથી તેમની કુશળતા અને રોજગાર ક્ષમતામાં વધારો થશે. આ યોજના ઉદ્યોગો અને યુવાનો વચ્ચેના કૌશલ્યનું અંતર ઘટાડવામાં મદદ કરશે. ઈન્ટર્નશિપ દરમિયાન, સહભાગીઓ અગ્રણી કંપનીઓ સાથે કામ કરીને, તેમને લાંબા ગાળાની રોજગાર માટે વધુ સારી રીતે તૈયાર કરીને વ્યવસાયિક કાર્યકારી વાતાવરણ અને વ્યવહારૂ જ્ઞાનનો સંપર્ક કરશે. યોજના હેઠળ, દરેક ઈન્ટર્નને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા કેન્દ્ર સરકાર તરફથી માસિક રૂા. ૪,૫૦૦નું સ્ટાઈપેન્ડ મળશે. વધુમાં, કંપનીઓ તેમના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ફંડમાંથી ઈન્ટર્ન દીઠ વધારાના રૂા.૫૦૦ આપશે. આ સ્ટાઈપેન્ડ એ સુનિશ્ચિત કરશે કે ઈન્ટર્ન એક વર્ષના પ્રોગ્રામ દરમિયાન પૂરા કરી શકે. આ યોજના માટે અરજી કરવા માટે, ઉમેદવારની ઉંમર ૨૧ થી ૨૪ વર્ષની વચ્ચે હોવી જોઈએ અને તે પૂર્ણ સમયની નોકરીમાં રોકાયેલ ન હોવો જોઈએ. ઈન્ટર્નશીપ એવા યુવાનો માટે ઉપલબ્ધ છે જેમણે ધોરણ ૧૦ કે તેથી વધુ પાસ કર્યું છે. જો કે, સરકારી નોકરી ધરાવતા પરિવારો અને આવકવેરા ભરતા ઉમેદવારોને આ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે. કેટલાક વિશિષ્ટ જૂથોને આ યોજનામાં ભાગ લેવામાંથી મુક્તિ આપવામાં આવી છે. IIT, IIM, IISER અને CA અથવા CMA લાયકાત ધરાવતા ઉમેદવારો જેવી પ્રીમિયર સંસ્થાઓના સ્નાતકો આ યોજના માટે અરજી કરી શકતા નથી. આ સ્કીમ ખાસ કરીને એવા યુવાનો માટે છે જેઓ હમણાં જ પોતાની બિઝનેસ કારકિર્દી શરૂ કરી રહ્યા છે. આ યોજના માટે અરજી કરવાની પ્રક્રિયા ૧૨ ઓક્ટોબર ૨૦૨૪થી શરૂ થશે. કંપનીઓ તેમની ઈન્ટર્નશિપ પોસ્ટ્સ વિશેની માહિતી સમર્પિત પોર્ટલ પર અપલોડ કરશે, જ્યાં અરજદારો તેમની વિગતો સબમિટ કરી શકશે. આ પોર્ટલ પ્રક્રિયાને પારદર્શક અને કાર્યક્ષમ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેનાથી ઉમેદવારો સરળતાથી અરજી કરી શકે છે અને તેમની અરજીની સ્થિતિ ઑનલાઇન તપાસી શકે છે. આ યોજનાનો લાભ માત્ર યુવાનોને જ નહીં પરંતુ ઉદ્યોગોને પણ મળશે. કંપનીઓ માટે, આ યોજના કુશળ અને કામ માટે તૈયાર કર્મચારીઓની પાઈપલાઈન બનાવશે. ખાસ કરીને માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (MSME)માં ઈન્ટર્નશીપ બાદ આ યુવાનોને રોજગારી પૂરી પાડવાનું સરળ બનશે.

**વેબસાઈટ પર જમ્મુ-કાશ્મીરને ખોટી રીતે બતાવવા બદલ ભારે વિરોધ થતાં ઈઝરાયેલ દ્વારા નકશાને દૂર કરાયો**

**ગોવામાં સંત ફ્રાન્સિસ ઝેવિયરના પાર્થિવ અવશેષોનો ડીએનએ ટેસ્ટ કરવાની માગણી કરનાર ગોવા RSSના પૂર્વ વડા સામે ફરિયાદ**

# ૧૭ વર્ષથી યુકેમાં રહેતો ભારતીય શખ્સ દિલ્હીમાં ૫૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ કેસમાં ઝડપાયો

(એજન્સી) તા.૪

દિલ્હીમાં ૫૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ કેસમાં મોટો ખુલાસો થયો છે. દુબઈમાં હાજર ભારતીય નાગરિક વિરેન્દ્ર બસોયાનું નામ ડ્રગ્સ સિન્ડિકેટના માસ્ટર માઈન્ડ તરીકે સામે આવ્યું છે. ગયા વર્ષે, બસોયાનું નામ ડ્રગ્સ સિન્ડિકેટમાં પણ આવ્યું હતું જેણે પુણે પોલીસ દ્વારા દિલ્હીમાં દરોડા દરમિયાન રૂા.૩૦૦૦ કરોડના ડ્રગ્સ જપ્ત કર્યા હતા. પુણે પોલીસે દિલ્હીના પિલાંજી ગામમાં બસોયા પર પણ દરોડો પાડ્યો હતો પરંતુ પોલીસ પહોંચે તે પહેલા તે ભાગી ગયો હતો. બસોયાએ ગયા વર્ષે યુપીના ભૂતપૂર્વ ધારાસભ્યની પુત્રી સાથે તેમના પુત્રના લગ્ન દિલ્હીના એક આલીશાન ફાર્મહાઉસમાં યોજ્યા હતા. હવે તે ૫ હજાર કરોડ રૂપિયાના આ ડ્રગ્સનો માસ્ટરમાઈન્ડ પણ હોવાનું કહેવાય છે. બસોયાની ભારતમાં ડ્રગ્સના કેસમાં પણ ધરપકડ કરવામાં આવી છે અને જામીન મળ્યા બાદ તે દુબઈ શિફ્ટ થઈ ગયો અને ઈન્ટરનેશનલ ડ્રગ્સ કાર્ટેલનો મોટો માફિયા બની ગયો. તુષાર ગોયલ અને બસોયા જૂના મિત્રો છે અને બસોયાએ તુષારને ડ્રગ્સ નેક્સસમાં સામેલ કર્યો હતો. બસોયાએ કોકેઈનના કન્સાઈનમેન્ટની ડિલિવરીના બદલામાં તુષારને પ્રત્યેક કન્સાઈનમેન્ટ માટે ૩ કરોડ રૂપિયા આપવાનો સોદો કર્યો હતો. દુબઈના બસોયાએ આ સિન્ડિકેટ સાથે સંકળાયેલા યુકેમાં હાજર જિતેન્દ્ર ગિલને ભારત જવાનું કહ્યું હતું, ત્યાર બાદ જિતેન્દ્ર ગિલ તુષારને ડ્રગ્સ ડીલ કરવા માટે યુકેથી દિલ્હી આવ્યો હતો, જ્યાં તુષારે તેને પંચશીલ વિસ્તારની એક હોટલમાં રોક્યો હતો. પછી બંને ગાઝિયાબાદ મોલ અને પછી હાપુર ગયા. સ્પેશિયલ સેલે મુંબઈમાં કોકેઈન સપ્લાય કરનાર વ્યક્તિની પણ ઓળખ કરી હતી. બસોયા લાંબા સમયથી દુબઈથી કોકેઈન ડીલ સાથે સંકળાયેલ હોવાનું કહેવાય છે. વીરેન્દ્ર બસોયા અંગેના ઈનપુટ્સ આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે શેર કરવામાં આવ્યા છે જેથી કરીને તેની દુબઈમાં ધરપકડ કરી શકાય. જિતેન્દ્ર ગિલ દિલ્હીથી પંજાબ પહોંચતાની સાથે જ સ્પેશિયલ સેલે સૌથી પહેલા તેનું એલઓસી એટલે કે લુક આઉટ સર્ક્યુલર જારી કરીને તેની ધરપકડ કરી હતી. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે અમૃતસર એરપોર્ટ પરથી જિતેન્દ્ર પાલ સિંહ ઉર્ફે જસ્સીની ધરપકડ કરી હતી. જસ્સી યુકે ભાગી જવાની યોજના બનાવી રહ્યો હતો પરંતુ સ્પેશિયલ સેલે તેની સામે એલઓસી જારી કર્યું હતું. જસ્સી છેલ્લા ૧૭ વર્ષથી યુકેમાં રહે છે. તેની પાસે યુકેનું ગ્રીન કાર્ડ છે. દિલ્હી પોલીસ સેલે ૨ ઓક્ટોબરે ૫ હજાર કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કર્યું હતું અને આ કેસમાં અત્યાર સુધીમાં ૪ લોકોની ધરપકડ કરી હતી. જસ્સી તરીકે આ પાંચમી ધરપકડ હતી. આ ડ્રગ્સ સિન્ડિકેટ પાછળ એક પાન ઈન્ડિયા મોડ્યુલ છે. ૫ હજાર કરોડની કિંમતનો આ કોકેઈન સમગ્ર ભારતમાં સપ્લાય કરવાનો હતો. ૫૦૦૦ કરોડની કિંમતનું કોકેઈન સિન્ડિકેટ દુબઈ, યુકે, મુંબઈ અને દિલ્હી સાથે જોડાયેલું છે.

# RSSના શતાબ્દી વર્ષની ઉજવણીનો હેતુ શિસ્તબદ્ધ તથા શક્તિશાળી હિન્દુ સમાજનું નિર્માણ કરવાનો છે : ભાગવત

નાગપુર, તા.૪

આરએસએસના વડા મોહન ભાગવતે જણાવ્યું હતું કે સંઘની શતાબ્દી વર્ષની ઉજવણીનો હેતુ એક સુઆયોજિત સંગઠિત અને શક્તિશાળી તથા શિસ્તબદ્ધ હિન્દુ સમાજનું નિર્માણ કરવાનો છે. અમારી ઉજવણીનું એ જ મુખ્ય લક્ષ્ય છે.

રાજસ્થાનની ચાર દિવસની મુલાકાતે જયપુર પહોંચેલા સંઘના વડા ભાગવતે બરાન વિસ્તારમાં ધર્માદા ધર્મશાલા ખાતે તમામ પ્રચારકો સાથે બેઠક યોજી હતી. એમાં આ પ્રાંતના તમામ પ્રચારકો જોડાયા હતા. ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે સંઘની શતાબ્દી વર્ષની ઉજવણી એ ઉત્સવ રૂપે કરવાની નથી પણ સ્થાપક દ્વારા જોવામાં આવેલા સપનાને સાકાર કરવાના છે એટલે કે મજબૂત અને શિસ્તબદ્ધ તથા સંગઠિત હિંદુ સમાજની રચનાનું આપણા સ્થાપત્ય જોયેલું સપનું સાકાર કરવાનું છે એવું સંઘના વડાએ કહ્યું હતું તેમ બરન ડિવિઝન સંઘના વડા રમેશચંદ્ર મહેતાએ એક યાદીમાં જણાવ્યું હતું.

મોહન ભાગવતે આ સપનું સાકાર કરવા માટે સંઘના કામ અને નીતિઓને દરેક ગામડા સુધી અને દરેક શહેરો સુધી અને નાના લત્તા સુધી પણ પહોંચાડવા માટે સંઘના પ્રચારકોને અનુરોધ કર્યો હતો અને દર્શાવ્યું હતું કે આ સંકલ્પ અને કાર્યો સિદ્ધ કરવા માટે સમર્પિત પ્રચારકો અને સંઘ કાર્યકરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય એ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે સંઘના સ્થાપક હેડગેવારના સપનાને સિદ્ધ કરવા માટે દરેક ગામ અને શેરી વિસ્તારોના દરેક વિભાગો સુધી સંઘનો સંદેશો પહોંચાડવો જરૂરી છે અને પહોંચાડવો પડશે. સમાજને સ્વાવલંબી અને શિસ્તમય બનાવવા માટે લોકજાગૃતિ આવે અને એ માટે સજ્જન શક્તિ સાથે દરેક ગામ અને શહેરોમાં સઘનપણે પ્રચાર કરીને સમાજમાં જાગૃતિ લાવવામાં આવે એ જરૂરી છે. આ બેઠકમાં સંઘની વિસ્તરતી જતી કામગીરીની પણ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

# વિદેશમંત્રી જયશંકર પાકિસ્તાન જશે

**શાંઘાઈ સહકાર સંગઠનની શિખર પરિષદ ૧૫-૧૬ ઓક્ટોબરે પાકિસ્તાનમાં યોજાશે, એ માટે પાકિસ્તાને ભારતને આમંત્રણ આપ્યું હતું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

વિદેશ મંત્રી એસ. જયશંકર શાંઘાઈ શિખર પરિષદમાં ભાગ લેવા માટે પાકિસ્તાન જઈ રહ્યા છે. ઈસ્લામાબાદમાં તારીખ ૧૫-૧૬ ઓક્ટોબરે શાંઘાઈ સહકાર સંગઠનની શિખર પરિષદ યોજાઈ રહી છે. તેમાં ભાગ લેવા માટે ભારતને આમંત્રણ આપ્યું હતું. અત્યારે શાંઘાઈ સંગઠનનું અધ્યક્ષ પદ પાકિસ્તાનની પાસે છે એટલે બે દિવસની પરિષદ એ દેશમાં યોજાઈ રહી છે. ૨૦૦૧માં શાંઘાઈ સંગઠનની રચના રશિયા તથા ચીન દ્વારા કરવામાં આવી હતી. ૨૦૧૭માં ભારત અને પાકિસ્તાન તેના કાયમી સભ્ય બન્યા હતા. ગયા વર્ષે ઈરાનને પણ કાયમી સભ્ય પદ અપાયું હતું. આર્થિક સહયોગ માટે અને સુરક્ષાને લગતા સહકાર જેવા મુદ્દાઓ માટે આ સંગઠન અત્યંત મહત્ત્વનું ગણાય છે. ગયા વર્ષે ભારતે શિખર પરિષદનું આયોજન કર્યું ત્યારે પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફે ઓનલાઈન હાજરી આપી હતી.

# ઈન્દોરમાં મુસ્લિમ આયોજકની ભૂમિકા સામે બજરંગ દળે વાંધો ઉઠાવતા ગરબા કાર્યક્રમ રદ કરાયો

**શિખર ગરબા મંડળ દ્વારા છેલ્લા ૩૫ વર્ષથી ભવરકુવા વિસ્તારમાં ગરબાનું આયોજન કરવામાં આવતું હતું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

એક મુસ્લિમ ગરબાના આયોજનમાં આયોજક તરીકે ભાગ લઈ રહ્યા હોવાથી તેની સામે બજરંગ દળ દ્વારા ભારે વાંધો ઉઠાવવામાં આવતા ઈન્દોરનો એક સૌથી મહત્વનો ગરબા કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી છે. ગરબાના આયોજકની ધાર્મિક શ્રદ્ધા વિશે બજરંગ દળે સવાલ ઉઠાવ્યો હતો કેમ કે આયોજક પૈકીના એક મુસ્લિમ હોવાથી બજરંગ દળને વાંધો હતો.

ઈન્દોરના ભવરકુવા વિસ્તારમાં છેલ્લા ૩૫ વર્ષથી શિખર ગરબા મંડળ દ્વારા ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું હતું પરંતુ આ વર્ષે ગરબાના એક આયોજક ફિરોઝખાનના નામ સામે બજરંગ દળે વાંધો લીધો હતો અને આક્ષેપ કર્યો હતો કે આયોજક લવ જેહાદને પ્રોત્સાહન આપે છે અને એ માટે આયોજક બન્યા છે. બજરંગ દળે એવો આક્ષેપ પણ કર્યો હતો કે મુસ્લિમ યુવાનો અને હિન્દુ મહિલાઓ વચ્ચે સંબંધો બંધાય અને સંબંધો વિસ્તરે એ માટે આ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. બજરંગ દળે પોલીસમાં પણ આવી જ ફરિયાદ કરી હતી.

ગરબાના એક આયોજક ફિરોઝખાને જણાવ્યું હતું કે છેલ્લા ૩૫ વર્ષથી ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને છેલ્લા ૨૫ વર્ષથી તો હું પણ આયોજનમાં સંકળાયેલો રહ્યો છું અને છેલ્લા ૧૫ વર્ષથી એકલા હાથે આયોજન કરૂં છું પણ મને અગાઉ કદી આવી સમસ્યા થઈ નથી. ઈન્દોરના એસ.પી ઋષિકેશ મીણાએ જણાવ્યું હતું કે અમે ગરબા કાર્યક્રમ રદ કરવા માટે કોઈને દબાણ કર્યું નથી કે એવા દબાણ માટે કોઈને છૂટ પણ આપી નથી આ સ્થાનિક પક્ષો વચ્ચેનો વિવાદ છે.

# અઝહરૂદ્દીને ઈડી સમક્ષ હાજર થવા માટે સમય માંગ્યો : નવેસરથી સમન્સ અપાયું

હૈદરાબાદ,તા.૪

ભારતના પૂર્વ સુકાની અને કોંગ્રેસના નેતા મો.અઝહરૂદ્દીનને નાણાકીય હેરફેરના કેસમાં ઈડી સમક્ષ હાજર થવાનું સમન્સ મળ્યું છે પરંતુ અઝહરે હાજર થવા માટે થોડો સમય માંગ્યો છે. આથી ઈડી દ્વારા આઠમી ઓકટોબર માટેનું હાજર થવા માટેનુ સમન્સ નવેસરથી આપવામાં આવ્યું હતું. હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં નાણાકીય ગોલમાલના આરોપસર અઝર




સામે તપાસ થઈ રહી છે એટલે ઈડી પૂછપરછ કરવા માટે બોલાવ્યા છે.

# પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિશે અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ઉત્તરપ્રદેશના પૂજારી યતિ નરસિંહાનંદ વિરૂદ્ધ FIR દાખલ

(એજન્સી) તા.૪

ગાઝિયાબાદના ડાસના મંદિરના મહંત યતિ નરસિંહાનંદના વિવાદિત નિવેદનથી હોબાળો મચી ગયો છે. રાવણ પરિવારના વખાણ કરતાં તેમણે પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ અને કુર્આનને લઈને પણ ખૂબ વાંધાજનક ટિપ્પણી કરી છે. તેમનો લગભગ એક અઠવાડિયા જૂનો વીડિયો સામે આવ્યા બાદ વાયરલ થઈ ગયો છે. સોશિયલ મીડિયા પર હજારો લોકોએ યતિને લઈને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો તો ગાઝિયાબાદ પોલીસે તેમની તાત્કાલિક ધરપકડ કરી છે.

૨૯ સપ્ટેમ્બરે ગાઝિયાબાદના હિંદી ભવનમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમર બલિદાની મેજર આસારામ વ્યાગ સેવા સંસ્થા તરફથી તેનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યતિ નરસિંહાનંદ પણ આવ્યા હતા. યતિએ જ્યારે માઈક સંભાળ્યું તો પોતાના અંદાજમાં બોલવાનું શરૂ કર્યું. તેમણે મેઘનાદ, કુંભકરણના વખાણ



કર્યાં તો રાવણને લઈને કહ્યું કે 'તેણે નાની ભૂલ કરી.' યતિએ મેઘનાદ, કુંભકરણ અને રાવણનું પૂતળું ન સળગાવવાની અપીલ કરી. તે બાદ તેઓ પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ પર ખૂબ વાંધાજનક વાતો કરવા લાગ્યા. યતિએ કહ્યું, 'આપણે દર વર્ષે મેઘનાદને સળગાવીએ છીએ, તેમના જેવા ચરિત્રવાન વ્યક્તિનો આ પૃથ્વી પર જન્મ થયો નથી. આપણે દર વર્ષે મેઘનાદને સળગાવીએ છીએ, તેમના જેવો વિજ્ઞાની યોદ્ધા પેદા થયો નથી. તેમની ભૂલ શું હતી, રાવણે એક નાની ભૂલ કરી અને આજે લાખો વર્ષ થઈ ગયા છતાં આપણે રાવણને સળગાવી રહ્યાં છીએ.' રાવણ પરિવારના વખાણ કર્યા બાદ યતિએ તેને ન સળગાવવાની અપીલ કરી. આ સાથે જ તે પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ પર વિવાદિત વાતો કરવા લાગ્યા. પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ પર ટિપ્પણી પહેલા યતિએ એ પણ કહ્યું કે 'હું જે બોલવા જઈ રહ્યો છું તેનું રેકોર્ડિંગ થઈ જાય. કોઈ રેકોર્ડ કરી રહ્યું છે કે નહીં, કરી લેજો.' પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ સિવાય તેમણે કુર્આનને લઈને પણ વિવાદિત વાતો કહી. પહેલાં પણ પોતાના વિવાદિત નિવેદનોથી હોબાળો મચાવી ચૂકેલા યતિ નરસિંહાનંદનો વીડિયો વાયરલ થયા બાદ ગાઝિયાબાદ પોલીસે તેમના વિરૂદ્ધ કેસ નોંધી લીધો છે. પોલીસનું કહેવું છે કે કેસ નોંધાયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. સિહાની ગેટ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. એસીપીએ જણાવ્યું કે 'મહંત યતિ નરસિંહાનંદ વિરૂદ્ધ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાને અંગે કેસ નોંધીને આગામી કાર્યવાહી કરવામાં આવી રહી છે.'

# રાજ્યની ચૂંટણી પહેલાં હરિયાણામાં મોદીની ૨૦૧૪માં ૧૦થી ૨૦૨૪માં માત્ર ચાર રેલી, એવું તો શું બદલાયું ?

## હરિયાણામાં ભાજપની ૨૦૧૪ની જીત માટે નરેન્દ્ર મોદી તેમની પાર્ટી માટે પ્રચાર કરતા હતા, પરંતુ હવે વડાપ્રધાને બધુ સ્થાનિક ઉમેદવારો પર છોડી દીધું છે

(એજન્સી) ગુરૂગ્રામ, તા.૪

જ્યારથી ભારતીય જનતા પાર્ટી (BJP)એ ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય સ્તરે પોતાની રીતે પ્રથમ વખત સત્તા સંભાળી ત્યારથી પાર્ટીએ રાજ્યોમાં ખાસ કરીને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી જીતવા માટે તેમની વિશાળ રેલીઓ પર મોટો મદાર રાખ્યો છે. ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં તેમની ૧૦ રેલીઓ સાથે, મોદીએ હરિયાણામાં બીજેપીને એક એવી પાર્ટીમાંથી કે જે સિંગલ ડિજિટની વિધાનસભા બેઠકો મેળવતા હતા તેમાંથી એક એવી પાર્ટી બનાવી જેણે ૯૦ સભ્યોની રાજ્ય વિધાનસભામાં ૪૭ બેઠકો સાથે પ્રથમ વખત પોતાના દમ પર સરકાર બનાવી હતી. હરિયાણામાં ભાજપે ૨૦૧૯માં પણ મોદી પર ભરોસો રાખ્યો હતો, પરંતુ તેમની રેલી ઘટીને છ થઈ ગઈ હતી. ૨૦૧૯માં ભાજપે ૪૦ વિધાનસભા બેઠકો જીતીને મોદીએ તેને સત્તામાં પાછા ફરવામાં મદદ કરી જો કે આ માટે તેમણે દુષ્યંત ચૌટાલાની જનનાયક જનતા પાર્ટી (JJP) સાથે ચૂંટણી પછીનું જોડાણ કરવું પડ્યું હતું જેણે ૧૦ બેઠકો જીતી.

આ વખતે હરિયાણામાં પાંચ ઓકટોબરે ચૂંટણી થાય તે પહેલાં મોદીએ હરિયાણામાં માત્ર ચાર રેલીઓ સંબોધી છે, જેનાથી ઘણા લોકોના ભવા તંગ થયા છે. તેમની રેલીઓના ઘટતા વલણથી હરિયાણામાં ભાજપની પ્રચારની વ્યૂહરચના ઘડનારા અંતર્ગત પરિબળો વિશે પ્રશ્નો ઊભા થાય છે.

દિલ્હીમાં સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ (CSDS)ના સંશોધક જ્યોતિ મિશ્રાએ જણાવ્યું હતું કે, આ વલણ વ્યૂહાત્મક પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે કારણ કે, ભાજપ વધતી જતી સત્તા વિરોધી ભાવનાઓ અને પક્ષની આંતરિક ગતિશીલતાનો સામનો કરી રહ્યું છે. પાર્ટી મોદી દ્વારા વ્યક્તિગત રીતે પ્રચાર કરવાને બદલે સ્થાપિત સ્થાનિક મશીનરી પર વધુ આધાર રાખે છે, ખાસ કરીને જ્યારે તેઓ પુનરૂત્થાન પામતી કોંગ્રેસ પ્રબળ બની રહેલ સ્થાનિક મુદ્દાઓ જેવા પડકારોનો સામનો કરી રહી છે.

મિશ્રાએ જણાવ્યું હતું કે, વલણ એ પણ સૂચવે છે કે, લોકનીતિ-CSDS ડેટા અનુસાર ૨૦૧૪ની ચૂંટણીઓ જ્યારે મોદીની હાજરી નોંધપાત્ર આકર્ષણ હતું તેનાથી તદ્દન વિપરીત સ્થાનિક ઉમેદવારોએ મોદી કરતાં હરિયાણાના મતદારોમાં વધુ મહત્ત્વ મેળવ્યું છે.

તેમણે ઉમેર્યું, આ પરિવર્તન સૂચવે છે કે, હવે મતદારો રાષ્ટ્રીય વ્યક્તિઓ કરતાં સ્થાનિક મુદ્દાઓ અને નેતૃત્વને પ્રાધાન્ય આપી રહ્યા છે, જે ભાજપને પાયાની વ્યૂહરચના અને સમુદાય



જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ફરજ પાડે છે. પરિણામે સ્થાનિક નેતાઓ પરનો ભાર હરિયાણાની આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં ચૂંટણીના લેન્ડસ્કેપને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરી શકે છે. ભાજપની સ્થાનિક પ્રતિનિધિઓ દ્વારા મતદારો સાથે જોડાવા અને પ્રાદેશિક ચિંતાઓને સંબોધવાની ક્ષમતા તેની સફળતા નક્કી કરવા માટે મહત્ત્વપૂર્ણ રહેશે અને ૨૦૨૪માં હરિયાણાના રાજકારણની ગતિશીલતાને સંભવિત રૂપે ફરીથી આકાર આપશે. હરિયાણાના લાડવામાં ઈન્દિરા ગાંધી નેશનલ કોલેજના પ્રિન્સિપાલ અને દિલ્હીમાં લોકનીતિ હરિયાણા CSDSના પૂર્વ સંયોજક કુશલ પાલે જણાવ્યું હતું કે, ભાજપ 'મજબૂત' સત્તાવિરોધનો સામનો કરી રહી છે એ હકીકત માત્ર લોકોમાં જ નહીં પણ કેન્દ્રમાં ભાજપના નેતૃત્વમાં પણ જાણીતી છે.

તેમણે કહ્યું, ૨૦૧૪માં દસ રેલીઓ સમજી શકાય તેવી હતી કારણ કે, ભાજપ પ્રથમ વખત હરિયાણામાં તેનો ગઢ સ્થાપિત કરવાનો હતો. ૨૦૧૯માં વિધાનસભાની ચૂંટણીઓ ભાજપે બાલાકોટ હવાઈ હુમલાને પગલે ઉત્તરમાં સપાટો બોલાવતા હરિયાણાની તમામ દસ એલ.એસ. બેઠકો જીત્યાના માત્ર ત્રણ મહિના પછી યોજાઈ હતી. મોદીએ છતાં પણ રાજ્યમાં ૧૦ રેલીઓ સંબોધી હતી. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં શાસક પક્ષે દસમાંથી પાંચ બેઠકો ગુમાવી હોવાથી ભાજપ માટે હવે વિધાનસભાની ચૂંટણીમાં પુનઃ બેઠા થવું થોડું મુશ્કેલ છે.

**૨૦૧૪માં મોદી : ભાજપની ઉન્નતિની શરૂઆત :** ૨૦૧૪ની હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મોદીએ તેમની રાષ્ટ્રીય ચૂંટણી વેગને કારણે એક ઉચ્ચ-ઊર્જા ઝુંબેશમાં ૧૦ રેલીઓ યોજી હતી.

તે સમયે ભાજપનો ઉદ્દેશ્ય ભારતીય રાષ્ટ્રીય લોકદળ (INLD) અને કોંગ્રેસ જેવા પ્રાદેશિક પક્ષો દ્વારા પરંપરાગત રીતે પ્રભુત્વ ધરાવતા રાજ્યમાં નોંધપાત્ર પગપેસારો કરવાનો હતો.

ઓકટોબર ૨૦૦૧માં ગુજરાતમાં તેની સરકારનું નેતૃત્વ કરવા માટે ભાજપ દ્વારા પસંદ કરવામાં આવ્યા તે પહેલાં મોદી હરિયાણામાં પાર્ટી બાબતોના પ્રભારી હતા. મોદીની રેલીઓ, તેમની વિશાળ ભીડ અને મજબૂત રેટરિક માટે જાણીતી છે, તેમણે રાજ્યમાં મતદારોને ભાજપ તરફ આકર્ષિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેણે પાર્ટીને ૨૦૧૪માં ૯૦માંથી અભૂતપૂર્વ ૪૭ બેઠકો જીતવામાં ફાળો આપ્યો હતો. હરિયાણાનું રાજકીય લેન્ડસ્કેપ પણ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું હતું. કોંગ્રેસ પ્રત્યે મતદારોના નારાજગી અને INLDની અંદરની લડાઈએ ભાજપ માટે તકની બારી ખોલી અને પાર્ટીએ તેનો કબજો મેળવ્યો. ૨૦૧૪માં મોદીની બહુવિધ રેલીઓએ શહેરી અને ગ્રામીણ મતદાતાઓના આધારને ટેપ કરી અને પાર્ટીને ખૂબ જ જરૂરી એવો વેગ આપ્યો.

૨૦૧૪ની ચૂંટણી મોદીની રાષ્ટ્રીય અપીલ જેટલી હતી તેટલી જ તે સ્થાનિક શાસનના મુદ્દાઓ વિશે હતી. બીજેપીની જીત પછી મોદીએ તેમના પસંદ કરેલા મનોહર લાલ ખટ્ટરને હરિયાણાના પ્રથમ બીજેપી મુખ્યમંત્રી બનાવ્યા.

**૨૦૧૯માં જ્યારે ભાજપે ૭૫ પારનું લક્ષ્ય રાખ્યું હતું ત્યારે ઓછી રેલીઓ :**

૨૦૧૯માં કેન્દ્રમાં મોદી સત્તામાં પાછા ફર્યા પછી વિક્રમી ૩૦૩ બેઠકો સાથે, ખટ્ટરના નેતૃત્વમાં હરિયાણામાં ઉત્સાહી ભાજપ સરકાર ૯૦ સભ્યોના નીચલા ગૃહમાં ૭૫ પાર - ૭૫થી વધુ બેઠકો માટે લક્ષ્ય રાખતી હતી.

મોદીએ ૨૦૧૯માં હરિયાણામાં તેમની રેલીઓની સંખ્યા ઘટાડીને છ કરી દીધી હતી. આ સમય સુધીમાં ભાજપે રાજ્યમાં તેની સ્થિતિ મજબૂત કરી લીધી હતી અને મોદીના રાષ્ટ્રીય કદમાં અભૂતપૂર્વ વધારો થયો હતો. સીએમ ખટ્ટરના નેતૃત્વમાં ભાજપ પહેલાથી જ ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં સૌથી આગળ દેખાતું હતું. આથી મોદીની રેલીઓ એવા પ્રદેશો પર કેન્દ્રિત હતી જ્યાં ભાજપને સખત સ્પર્ધાનો સામનો કરવો પડ્યો હતો અથવા આધારને ઊર્જાવાન કરવાની જરૂર હતી.

હરિયાણામાં ભાજપની બેઠકોની સંખ્યા તે ચૂંટણીમાં ઘટીને ૪૦ થઈ ગઈ હતી, મોદીની રેલીઓ હજુ પણ JJP સાથે ગઠબંધનમાં હોવા છતાં પાર્ટીની પુનઃ ચૂંટણીને સુરક્ષિત કરવામાં મહત્ત્વની ગણાતી હતી.

૨૦૨૪માં તેમનો કરિશ્મા ઓછો થતાં મોદીએ માત્ર ચાર રેલીઓ કરી. રાજકીય વિશ્લેષકો આ ઘટતા વલણને જમીની વાસ્તવિકતાઓ અને ભાજપની રાજકીય વ્યૂહરચના અને રાજ્ય-સ્તરની ચૂંટણી માટે વિકસિત અભિગમને આભારી હોવાનું ગણાવે છે.

# મહારાષ્ટ્રના ડેપ્યુટી સ્પીકરે સચિવાલયના ત્રીજા માળેથી છલાંગ લગાવી, સેફટી નેટમાં પડ્યા

## નરહરિ ઝિરવાલ અને અન્ય ત્રણ ધારાસભ્યોએ અનુસૂચિત જનજાતિ વર્ગમાં સમુદાયના સમાવેશનો વિરોધ કરવા માટે મંત્રાલયના ત્રીજા માળેથી કૂદવાનું નક્કી કર્યું હતું

(એજન્સી) મુંબઈ, તા.૪

મુંબઈમાં રાજ્ય સચિવાલયમાં અભૂતપૂર્વ દશ્યો જોવા મળ્યા હતા જ્યારે મહારાષ્ટ્રના ડેપ્યુટી સ્પીકર નરહરિ ઝિરવાલ અને અન્ય ત્રણ ધારાસભ્યોએ અનુસૂચિત જનજાતિ વર્ગમાં સમુદાયના સમાવેશનો વિરોધ કરવા ત્રીજા માળેથી કૂદકો માર્યો હતો. ઝિરવાલ અને ભાજપના સાંસદ સહિત ત્રણ ધારાસભ્યો, સચિવાલય (જેને મંત્રાલય કહેવામાં આવે છે)માં આત્મહત્યાના પ્રયાસોને રોકવા માટે ૨૦૧૮માં પહેલા માળે સ્થાપિત કરવામાં આવેલ નેટમાં સલામત રીતે પડ્યા હતા.

ઝિરવાલ જેઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના અજિત પવાર જૂથના સભ્ય છે તેમણે અને ત્રણ ધારાસભ્યોએ ધનગર સમુદાયને અનુસૂચિત જનજાતિ (ST) શ્રેણીમાં સમાવવાની માંગનો વિરોધ કરવા માટે મંત્રાલયમાંથી કૂદવાનું નક્કી કર્યું, જે અંગે સરકાર વિચારણા કરી રહી હોવાનું જાણવા મળે છે. અધિકારીઓએ જણાવ્યું કે, તેમાંથી કોઈને પણ ઈજા થઈ નથી.

વીડિયોમાં ત્રણ ધારાસભ્યો નેટમાં



પડ્યા પછી બિલ્ડિંગમાં પાછા ચઢતા દર્શાવવામાં આવ્યા હતા. દિવસની શરૂઆતમાં મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્યપ્રધાનો અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ સહિતની કેબિનેટની બેઠક દરમિયાન કેટલાક આદિવાસી ધારાસભ્યોએ મંત્રાલય સંકુલમાં વિરોધ કર્યો હતો. રાજ્યમાં ધનગર સમુદાય હાલમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) કેટેગરીમાં છે અને તેના કેટલાક સભ્યો સોલાપુર જિલ્લાના પંઢરપુરમાં તેમના એસટી કેટેગરીમાં સમાવેશ કરવાની માંગ સાથે આંદોલન કરી રહ્યા છે. પ્રદર્શનકારીઓએ દાવો કર્યો છે કે, તેમનો સમુદાય ધનગડ જેવો જ છે જે ઘણા રાજ્યોમાં અનુસૂચિત જનજાતિ તરીકે સૂચિબદ્ધ છે.

# મહુઆ મોઈત્રા અને દુબે વચ્ચે હાલ અણબનાવ હોવાથી TMC ઈચ્છે છે કે, મહુઆ નિશિકાંત દુબેની આગેવાની હેઠળની સંસદીય સમિતિમાંથી બહાર નીકળી જાય

## TMCના સૂત્રોએ જણાવ્યું કે, પાર્ટીના લોકસભા ફ્લોર લીડર સુદીપ બંદોપાધ્યાયે મોઈત્રાને બીજી કમિટીમાં ખસેડવા પર બિરલાને પત્ર લખ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાના કાર્યાલયને પક્ષના સાંસદ મહુઆ મોઈત્રાને સંચાર અને માહિતી ટેક્નોલોજી પરની સંસદીય સ્થાયી સમિતિમાંથી અન્ય સમિતિમાં ખસેડવા માટે પત્ર લખ્યો છે. સંચાર અને માહિતી સમિતિની અધ્યક્ષતા ભાજપના નિશિકાંત દુબે છે, જેમણે ગયા વર્ષે બિરલાને પત્ર લખ્યો હતો અને આરોપ મૂક્યો હતો કે, મોઈત્રાએ 'વ્યાપારી જૂથના હિતોનું રક્ષણ કરવા' માટે સંસદમાં પ્રશ્નો ઊઠાવવા માટે લાંચ લીધી હતી. મોઈત્રાએ પણ લોકસભામાંથી દુબેની હકાલપટ્ટીની માંગ કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે, તેમની એમબીએ અને પીએચડીની ડિગ્રીઓ નકલી છે. ટીએમસીના સૂત્રોએ જણાવ્યું હતું કે, પાર્ટીના લોકસભા ફ્લોર લીડર સુદીપ બંદોપાધ્યાયે બિરલાને પત્ર લખ્યો હતો કે, મોઈત્રા અને દુબે વચ્ચેની હાલની દુશ્મનાવટને કારણે તેને અન્ય સમિતિમાં ખસેડવામાં આવે. ગયા વર્ષે મોઈત્રાએ આરોપોને નકારી કાઢ્યા હતા, પરંતુ લોકસભાની નીતિશાસ્ત્ર સમિતિએ તેની ભલામણ કર્યા પછી તેને સંસદમાંથી હાંકી કાઢવામાં આવી હતી. વિપક્ષી દળોએ



મોઈત્રાની પડખે ઊભા રહીને કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિવાદાસ્પદ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વચ્ચેના સંબંધો વિશે સંસદમાં તેમણે ભાજપને પૂછેલા અસ્વસ્થ પ્રશ્નોના કારણે તેમને હાંકી કાઢવામાં આવ્યા હતા. મોઈત્રા આ વર્ષે લોકસભામાં ફરી ચૂંટાયા હતા.

# ભારતમાં એક વર્ષમાં ૫૦૦ ચર્ચ અને બે સિનાગોગને અપવિત્ર કરાયા : USCIRF

(એજન્સી) તા.૪

એક આઘાતજનક ખુલાસામાં યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (યુએસસીઆઈઆરએફ) એ દાવો કર્યો હતો કે છેલ્લા એક વર્ષમાં ભારતમાં ૫૦૦ ચર્ચ અને બે સિનાગોગને અપવિત્ર કે ખંડિત કરવામાં આવ્યા. આ ચિંતાજનક વલણ દેશમાં લઘુમતી સમુદાયોને નિશાન બનાવતી ધાર્મિક અસહિષ્ણુતા અને હિંસા પર વધતી જતી ચિંતાઓ દર્શાવે છે. વૈશ્વિક ધાર્મિક સ્વતંત્રતા પર તેની વાર્ષિક સમીક્ષાના ભાગ રૂપે પ્રકાશિત થયેલ USCIRF રિપોર્ટ, ભારતમાં ખ્રિસ્તી અને યહૂદી ધર્મસ્થાનો પર વધતા હુમલાઓની રૂપરેખા દર્શાવે છે. તે આ ઘટનાઓને વધતા ધાર્મિક ધ્રુવીકરણ અને જમણેરી ઉગ્રવાદી જૂથોના પ્રભાવને આભારી છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ તોડફોડ અને હિંસાના કૃત્યોએ માત્ર પૂજાના સ્થળોને જ અસર કરી નથી, પરંતુ ધાર્મિક નેતાઓ અને ઉપાસકો પર ઉત્પીડન અને હુમલા પણ થયા છે. USCIRF મુજબ, વિવિધ રાજ્યોમાં ૫૦૦ ચર્ચની અપવિત્રતા પાછલા વર્ષોની સરખામણીમાં ચિંતાજનક વધારો દર્શાવે છે. જ્યારે કેરળ અને તમિલનાડુ જેવા મોટી ખ્રિસ્તી વસ્તી ધરાવતા કેટલાક રાજ્યોમાં ઓછા બનાવો જોવા મળ્યા છે, જ્યારે ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશ જેવા પ્રદેશોમાં હુમલામાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. અહેવાલમાં વધુમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે આમાંના ઘણા હિંસાના કૃત્યોમાં સંડોવાયેલા ગુનેગારો કાયદાકીય પરિણામોની અછતને કારણે અને કેટલાક કિસ્સાઓમાં, સ્થાનિક સત્તાવાળાઓની કથિત મિલીભગતને કારણે મુક્તિ સાથે કામ કરે છે. બે સિનાગોગની અપવિત્રતા, સંખ્યા ઓછી હોવા છતાં, સમાન રીતે સંબંધિત છે. ભારતનો યહૂદી સમુદાય પ્રમાણમાં નાનો છે,



અને તેના ધર્મસ્થાનોને નિશાન બનાવવું એ ધાર્મિક તણાવમાં ચિંતાજનક વિકાસ દર્શાવે છે. આ અવ્યવસ્થિત વલણો હોવા છતાં, ભારત સરકારે વ્યાપક ધાર્મિક અત્યાચારના દાવાઓને સતત નકારી કાઢ્યા છે. સત્તાવાર નિવેદનોએ યુએસસીઆઈઆરએફના તારણોને 'પક્ષપાતી' અને 'ખોટી માહિતગાર' તરીકે લેબલ કરીને ફગાવી દીધા છે. વિદેશ મંત્રાલયે કમિશન પર ભારતની સાર્વભૌમત્વને નુકસાન પહોંચાડવાનો અને જમીન પર પરિસ્થિતિને ખોટી રીતે રજૂ કરવાનો આરોપ લગાવ્યો છે. જો કે, ધાર્મિક અધિકાર કાર્યકરો દલીલ કરે છે કે ભારત સરકારનો પ્રતિભાવ ધાર્મિક લઘુમતીઓ દ્વારા સામનો કરવામાં આવતી વાસ્તવિકતાને સંબોધવામાં નિષ્ફળ જાય છે. તેઓએ ચર્ચ, સિનાગોગ અને અન્ય ધાર્મિક સંસ્થાઓને સુરક્ષિત રાખવા અને આવા હિંસાના કૃત્યો માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવા માટે મજબૂત પગલાં લેવાની હાકલ કરી છે.

# કોલેજ પ્લેસમેન્ટમાં અસ્વીકારનો સામનો કરેલ રાજસ્થાનનો શખ્સ હવે તેના IT બિઝનેસથી કરોડો કમાઈ રહ્યો છે

(એજન્સી) જયપુર, તા.૪

ઘણાં વિદ્યાર્થીઓ કોલેજ પ્લેસમેન્ટમાં મળેલી નિષ્ફળતાને વ્યક્તિગત રીતે લે છે અને તેમને આગળ વધવું અશક્ય લાગે છે. કેટલાંક આ નિષ્ફળતાને તેમની શક્તિમાં ફેરવે છે, આગળ વધે છે અને પોતાની સફળતાની વાર્તા લખે છે.અક્ષત ચતુર્વેદી આવો જ એક વિદ્યાર્થી છે, જેણે પોતાના અસ્વીકારને ખૂબ જ સફળ માર્ગમાં ફેરવ્યો છે. રાજસ્થાનના જયપુરમાં તેની એન્જિનિયરિંગ કોલેજના સાતમા સેમેસ્ટરની શરૂઆત થઈ ત્યારે કેમ્પસ પ્લેસમેન્ટના તબક્કામાં તમામ વિદ્યાર્થીઓની નજર મોટી કંપનીઓ પર હતી, ખાસ કરીને કેપજેમિની જેવી MNCs પર. આ પ્લેસમેન્ટમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અક્ષત ચતુર્વેદી સહિત પાંચ વિદ્યાર્થીઓને ક્વોલિફાઈંગ પરીક્ષાના પ્રથમ રાઉન્ડમાંથી બહાર કરવામાં આવ્યાં હતા. પરંતુ આ અસ્વીકારે તેને હતાશ ન કર્યો, પરંતુ તેને વધુ સારા માટે તેની કારકિર્દી બદલવાની પ્રેરણા આપી. ચાલો જાણીએ કે તેણે કેવી રીતે સ્પર્ધા કરી અને પોતાનો વ્યવસાય સ્થાપિત કરવા માટે સંઘર્ષ કર્યો. જયપુર, રાજસ્થાનના અક્ષત ચતુર્વેદીએ સરસ્વતી વિધાન નિકેતનમાં ધોરણ ૧૦માં તેના ૮૮ ટકા ગ્રેડ દ્વારા શાળામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. આ પછી, તેણે મહેશ્વરી પબ્લિક સ્કૂલની ૧૨મા ધોરણની પરીક્ષા આપી અને ૮૫ ટકા માર્ક્સ સાથે પાસ થયો. ૨૦૨૦ માં, જે કોલેજમાં તેણે કોમ્પ્યુટર સાયન્સમાં B.Tech માટે અરજી કરી હતી તે



કેમ્પસમાં વિવિધ શાખાઓના લગભગ ૩૦૦ ઉમેદવારો હતા; અક્ષત ચતુર્વેદી સહિત માત્ર પાંચ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી ન હતી. આ પછી, અક્ષતે તેના લક્ષ્યોને અનુસરવાનું નક્કી કર્યું અને ક્યારેય પાછું વળીને જોયું નહીં. કેમ્પસમાં તેની નિષ્ફળતાથી હચમચી જવા છતાં, તેણે હાર માનવાને બદલે તેની માતા પાસેથી પ્રેરણા લેવાનું પસંદ કર્યું. અક્ષત ચતુર્વેદીના જણાવ્યા મુજબ, તેની માતાએ કહ્યું કે, કંઈક અસાધારણ તેની રાહ જોઈ રહ્યું હતું, તેથી તેને નોકરીનો ઈનકાર કરવામાં આવ્યો. માતાની વાત સાચી સાબિત થઈ. અક્ષતે બિઝનેસમાં તેના પિતાના પગલે ચાલવાનું નક્કી કર્યું. તેના પિતા ઓમપ્રકાશ ચતુર્વેદીએ તેમના સાધારણ પ્લાસ્ટિક પેલેટ બિઝનેસમાં સંઘર્ષ કર્યો અને સખત મહેનત કરી. બાળપણમાં અક્ષતે જોયું હતું કે, કેવી રીતે તેના પિતા સતત ધંધામાં અવરોધો સાથે સંઘર્ષ કરતા હતા અને કદાચ અહીંથી જ અક્ષત પણ સંઘર્ષ કરવાનું શીખ્યો હતો. અક્ષત ચતુર્વેદીએ કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કર્યો હોવાથી, નોકરી શોધવાને બદલે, તેણે ફ્રીલાન્સ વેબ ડેવલપર અથવા એપ ડેવલપર તરીકે કામ કરવાનું શરૂ કર્યું. આ કારકિર્દી શરૂ કરતાની સાથે જ તેણે આ ક્ષેત્ર પસંદ કરવાનું શરૂ કરી દીધું હતું. આ પછી તેણે પોતાની વેબસાઈટ શરૂ કરી અને ઘણી બિઝનેસ એપ્સ અને વેબ ડેવલપમેન્ટ સેવાઓ આપવાનું શરૂ કર્યું. આ પછી તેણે બ્રેઈન બોક્સ એપ્સ દ્વારા કામ કરવાનું શરૂ કર્યું, જેની સ્થાપના તેણે પોતે કરી હતી. તેના કામનો બોજ ઝડપથી વધતો ગયો. તેને અમેરિકા, સાઉદી અરેબિયા, દુબઈ, ફ્રાન્સ અને અન્ય દેશોમાંથી નોકરીની ઓફર મળવા લાગી. હાલમાં ૬૦૦થી વધુ વ્યવસાયો તેની સંસ્થા દ્વારા પ્રદાન કરવામાં આવતી IT સેવાઓનો ઉપયોગ કરે છે. આ દિવસોમાં તેની કંપની કરોડોની કમાણી કરે છે. અક્ષત ચતુર્વેદી દાવો કરે છે કે તે રોજગાર શોધી શક્યો ન હતો, કારણ કે જેમ જેમ તેનો વ્યવસાય વધતો ગયો, તેણે તેના જેવા જ B.Tech સ્નાતકને એ જ હોદ્દા માટે નોકરી પર રાખવાનું શરૂ કર્યું. તે હાલમાં પંદર વ્યક્તિઓના જૂથ સાથે કામ કરી રહ્યો છે. આ ઉપરાંત, ૨૦થી ૩૦ ફિલ્ડ વર્કર્સ છે જે ગ્રાહક સેવા, બજાર સંશોધન અને અન્ય કાર્યોનું સંચાલન કરે છે.

# રોજિંદા મજૂરના પુત્રએ આઠમા પ્રયત્નમાં અખિલ ભારતીય ક્રમાંક ૬૬૭ સાથે UPSC પરીક્ષા પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની પરીક્ષા પાસ કરવી એ લાખો લોકો માટે એક સ્વપ્ન હોય છે. દર વર્ષે, પરીક્ષા આપતા ઉમેદવારોની આશાઓ અને આકાંક્ષાઓ જોડાયેલી હોય છે.દરેક ઉમેદવાર IAS, IPS, IFS તરીકે સ્થાનો મેળવવા માટે સખત મહેનત કરે છે. છતાં કઠોર વાસ્તવિકતા એ છે કે માત્ર થોડાં જ લોકો પરીક્ષામાં સફળતા મેળવી શકે છે અને તેમનું ઈચ્છિત પદ મેળવી શકે છે.

જ્યારે ઘણાં લોકો સુવિધા યુક્ત પરિવારો સાથે સંબંધ ધરાવે છે, ત્યાં ઘણાં એવા છે કે જેઓ પેટ પાળવા માટે સખત મહેનત કરે છે અને મુશ્કેલીઓ હોવા છતાં, તેઓ દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંની એકમાં સફળ થાય છે. આવી જ એક વાર્તા IAS રામ ભજન કુમારની છે, જેણે UPSC CSE ૨૦૨૨માં પોતાના દ્રઢ નિશ્ચય સાથે સફળતા મેળવી હતી. કુમાર, ઓછી આવક ધરાવતા પરિવારમાંથી



આવતા, રોજિંદા મજૂર તરીકે કામ કરતા હતા. રાજસ્થાનના બાપી ગામમાં જન્મેલા રામ ભજન કુમારનો માર્ગ અવરોધોથી ભરપૂર હતો. તેની માતા અને તે રોજિંદા મજૂર તરીકે કામ કરતા હતા, માત્ર પોતાનું પેટ ભરવા માટે પથ્થરો તોડતા હતા અને રોજબરોજ ભાર વહન કરતા હતા, નાણાંકીય કટોકટી વચ્ચે, જ્યારે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન કુમારે તેના પિતાને ગુમાવ્યા ત્યારે પરિવાર પર એક વધુ મોટી દુર્ઘટના આવી. પિતાના અવસાન બાદ કુમારે પોતાની મોટી જવાબદારીઓ નિભાવી . પોતાના ગરીબ પરિવાર માટે દિવસ-રાત મહેનત કરવા છતાં, તેણે અભ્યાસ માટે થોડો સમય કાઢ્યો. તેણે રાજસ્થાનના દૌસામાં આવેલી સરકારી કોલેજમાંથી સ્નાતક કર્યું. જ્યારે રામ ભજન કુમાર બીજા વર્ષમાં હતો, ત્યારે તેને ૨૦૦૯માં દિલ્હી પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે નોકરી મળી. કોન્સ્ટેબલ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન જ તેને દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંની એક-UPSC પાસ કરવાની પ્રેરણા મળી. ૨૦૧૫માં યુપીએસસીની તૈયારી શરૂ કરનાર રામ ભજન કુમાર સાત વખત પરીક્ષામાં નિષ્ફળ રહ્યો હતો. સમર્પણ અને અદમ્ય ભાવનાથી ભરપૂર તેણે તેની વાંચન વ્યૂહરચના બદલી અને અંતે ૨૦૨૨માં અખિલ ભારતીય ક્રમાંક ૬૬૭ સાથે CSE સફળતા પૂર્વક પાસ કરી.

રેલવેના જુનિયર એન્જિનિયરનો આપઘાત

# બંધ રેલવે ક્રોસિંગ પર વાહનચાલકોની સામે જ આધેડ ધસમસતી ટ્રેનની સામે ટ્રેક પર સૂઈ ગયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૪

શહેરના મણિનગર રેલવે ક્રોસિંગ પાસે શુક્રવારે વહેલી સવારે રેલવેમાં જુનિયર એન્જિનિયર તરીકે ફરજ બજાવતા આધેડે ધસમસતી ટ્રેનની સામે જઈ ટ્રેક પર સૂઈ જઈ આત્મહત્યા કરી લીધી હતી. ટ્રેન આવવાની હોઈ બંને બાજુના ક્રોસિંગ બંધ હતા ત્યારે રાહદારીઓ અને વાહનચાલકો ઉભા હતા ત્યારે લોકોની નજર સામે આ ઘટના બનતા ઉપસ્થિત લોકોમાં હાહાકાર મચી ગયો હતો.

આપઘાતના ભયંકર બનાવને લઈને મણિનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

### આપઘાત પાછળનું કારણ અકબંધ

મળતી માહિતી મુજબ મણિનગરમાં સીએનઆઈ ચર્ચની સામે આવેલી રાજશિલ્પ એપાર્ટમેન્ટમાં રહેતા અશ્વિનભાઈ સિલ્વેસ્ટર રાઠોડ (ઉ.૫૪) રેલવેમાં જુનિયર એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. અશ્વિનભાઈએ ગુરુવારે બપોરે ૩ થી રાતના ૧૧ વાગ્યા સુધી ફરજ બજાવી હતી. શુક્રવારે તેમની રજા હોવાથી ઘરે જ હતા. આ દરમિયાન શુક્રવાર સવારના સાત વાગ્યાના સુમારે મણિનગર રેલવે ક્રોસિંગ પાસે જામનગર હમસફર ટ્રેન આવવાની હોવાથી બંને તરફના ક્રોસિંગ બંધ કરી દેવાયા હતા. બીજી તરફ રાહદારીઓ અને વાહનચાલકો ટ્રેન પસાર થવાની રાહ જોઈ રહ્યા હતા. આ પહેલા બે ત્રણ નાગરિકો સિગ્નલ ક્રોસ કરીને પગપાળા ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા. તેવામાં અશ્વિનભાઈ રાઠોડ પણ ક્રોસિંગમાંથી બહાર આવીને ટ્રેક તરફ પહોંચ્યા હતા. ઉપસ્થિત લોકો તેમને જોઈ રહ્યા હતા કે હમણાં તેઓ ટ્રેક ક્રોસ કરીને આગળ વધશે. પરંતુ લોકોની નજર સામે જામનગર હમસફર ટ્રેનની નીચે અશ્વિનભાઈ ટ્રેક પર સૂઈ ગયા અને ટ્રેન તેમના પર ફરી વળતા તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે આપઘાતના બનાવને પગલે ઉપસ્થિત લોકોમાં હાહાકાર મચી ગયો હતો. દરમિયાન લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. તે જોઈને મોર્નિંગ વોક કરવા નીકળેલા અશ્વિનભાઈની સોસાયટીમાં રહેતા એક રહીશે ત્યાં તેમણે અશ્વિનભાઈની લાશ જોતા તેમના ભાઈને જાણ કરતા પરિવારને આ ઘટનાની ખબર પડી હતી. અશ્વિનભાઈએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તેની હાલમાં કોઈ માહિતી મળી નથી. આ અંગે હાલમાં મણિનગર પોલીસ દ્વારા અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી છે.

વિજેતા ઉમેદવારે રાજીનામું આપી દીધું હોઈ બેઠક ધારાસભ્ય વિહિન હોવાની હાઈકોર્ટમાં રજૂઆત

# વિસાવદર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી માટેની પીઆઈએલ નકારાઈ

## ચૂંટણી અરજીઓ પેન્ડિંગ હોઈ પેટા ચૂંટણી થઈ શકે તેમ નથી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

વિસાવદર વિધાનસભા વિસ્તારમાં પેટાચૂંટણી યોજવાના મુદ્દે જૂનાગઢના વિસાવદર મત વિસ્તારના મતદાર દ્વારા હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી. જેમાં સિનિયર એડવોકેટએ દલીલ કરી હતી કે વર્ષ ૨૦૨૨માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિધાનસભા બેઠક પર જીતેલા ઉમેદવારે રાજીનામું આપી દીધું છે, પરંતુ હજુ સુધી આ બેઠક પર પેટાચૂંટણી થઈ નથી.

બંધારણની જોગવાઈઓ અનુસાર આવી બેઠક પર ૬ મહિનામાં પેટાચૂંટણી યોજવી જોઈએ. ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી વર્ષ ૨૦૨૭માં યોજાવાની છે. ત્યાં સુધી વિસાવદરને ધારાસભ્ય વગર રાખી શકાય નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૨૨ની ચૂંટણીમાં વિસાવદર બેઠક પરથી હારેલા ઉમેદવારે વિજેતા ઉમેદવારની જીતને હાઈકોર્ટમાં પડકારી હતી. જેની ચૂંટણી પિટિશન પેન્ડિંગ હોવાને કારણે ચૂંટણી થઈ રહી નથી. પેટાચૂંટણી ન યોજાવા માટે ચૂંટણી પંચ જવાબદાર નથી. ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના નિર્ણય મુજબ જો ચૂંટણી અરજી પેન્ડિંગ હોય તો તેનો નિકાલ ન થાય ત્યાં સુધી પેટાચૂંટણી યોજી શકાય નહીં. કોર્ટે કહ્યું કે જો ચૂંટણી અરજી પાછી ખેંચવામાં આવે તો આગળની કાર્યવાહી કરવામાં આવે. પેટાચૂંટણી ન યોજાવા માટે ચૂંટણી પંચ જવાબદાર નથી. આ એક ન્યાયિક પ્રક્રિયા છે. અરજદારે માંગ કરી હતી કે ચૂંટણી અરજી પર સુનાવણી સમયસર પૂર્ણ થવી જોઈએ. અરજદારે જણાવ્યું હતું કે, ઈલેક્શન પીટીશન ફાઈલ કરનાર અરજદારની પાર્ટીને જ જીતવા ઉમેદવારે અરજદારની ચૂંટણી અરજી કોઈપણ કારણ વગર હાઈકોર્ટમાં પેન્ડીંગ રાખવામાં આવી છે. જેના કારણે ચૂંટણી થઈ શકતી નથી. આવા જ એક કેસમાં હાઈકોર્ટે નોટિસ જારી કરી છે. જો કે, કોર્ટે કહ્યું હતું કે જો વિજેતા ઉમેદવારનું મૃત્યુ થાય તો પણ ચૂંટણી અરજી રદ કરવામાં આવશે નહીં. ચૂંટણી અરજીઓ પર ચૂંટણી પંચ કે સરકારનું કોઈ નિયંત્રણ હોતું નથી. હાઈકોર્ટે આ અરજીનો નિકાલ કર્યો હતો. વિસાવદર પેટા ચૂંટણીને લઈને હાઈકોર્ટમાં ત્રણ પિટિશન પેન્ડિંગ છે. જેમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં જૂનાગઢની વિસાવદર બેઠક પરથી આમ આદમી પાર્ટીના ભૂપત ભાયાણીનો વિજય થયો હતો. જેની જીતને ભાજપના હર્ષદ રિબડિયા અને અન્ય ઉમેદવાર મોહિત માલવીયાએ હાઈકોર્ટમાં પડકારી હતી. જોકે, બાદમાં ભૂપત ભાયાણી આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા હતા. જેથી વિસાવદર વિધાનસભામાં ધારાસભ્યની જગ્યા ખાલી પડી હતી. છેલ્લી લોકસભાની ચૂંટણી સાથે વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીની જાહેરાત થવાની હતી. પરંતુ વિસાવદર પેટાચૂંટણી અંગે પિટિશન પેન્ડીંગ હોવાથી પેટાચૂંટણીની જાહેરાત થઈ ન હતી અત્રે ઉલ્લખનીય છે કે, અરજદાર મોહિત માલવીયાએ પોતાની અરજી પરત ખેંચી છે જ્યારે હર્ષદ રીબડીયાએ પોતાની અરજી પરત ખેંચી નથી તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. એટલે જ્યાં સુધી હાઈકોર્ટમાં અરજીઓ પેન્ડિંગ છે ત્યાં સુધી વિસાવદર બેઠક પર પેટા ચૂંટણી થવાની શક્યતાઓ નહિવત છે.

# ફાંસીની સજા પામેલા રેપ વિથ મર્ડરના આરોપીએ જેલમાં ફાંસો ખાઈ લીધો

## પડાવ પર સૂતી ૮ વર્ષની બાળકીને ઉપાડી જઈ દુષ્કર્મ ગુજારી નિર્દયી રીતે મારી નાંખી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

આઠ વર્ષની બાળકી પર દુષ્કર્મ ગુજારી હત્યા કરવાના જઘન્ય ગુનામાં જેલમાં મોતની રાહ જોતા ફાંસીના કેદીએ આજે વડોદરા સેન્ટ્રલ જેલના શૌચાલયમાં ગળા ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આપઘાતનું કારણ જાણવા માટે રાવપુરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વાઘોડિયા તાલુકાના મગનપુરા ગામની સીમમાં વર્ષ -૨૦૧૯માં નવી બંધાતી એકલવ્ય સ્કૂલના બાંધકામમાં મજૂરી કરતા શ્રમજીવીઓ નજીકમાં જ પડાવ નાંખી રહેતા હતા. એક શ્રમજીવી પરિવાર દિવસે મજૂરી કરી રાતે પડાવમાં સૂઈ ગયા હતા. રાતે દશ વાગ્યે પડાવથી દૂર દાહોદવાળા શ્રમજીવીઓના પડાવમાં છોકરા-છોકરી બાબતે ઝઘડો ચાલતો હતો. તે સમયે આરોપી સંજય છત્રસિંહ બારિયા ત્યાં આવ્યો હતો અને તેણે કહ્યું કે, તમારા વાળા લડયા છે. જેથી, માતા પોતાની ૮ વર્ષની બાળકીને સૂતી મૂકી ઝઘડાવાળા સ્થળ પર ગઈ હતી. રાતે ૧૧ વાગ્યે મહિલા પરત આવી ત્યારે તેની દીકરી ગૂમ હતી. તેણે બૂમાબૂમ કરતા લોકો ભેગા થઈ ગયા હતા. ૮ વર્ષની બાળકી અને આરોપી સંજય બંને ગૂમ હતા. પોલીસને જાણ કરતા પોલીસ પણ સ્થળ પર આવી ગઈ હતી. સવારે ૮ વાગ્યે મગનપુરા ગામની સીમમાં ગિરીશભાઈ પટેલના ખેતરના છેડા પરથી બાળકીની લાશ મળી આવી હતી. આરોપી સંજયે ૮વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરી હતી. અદાલતમાં કેસની ટ્રાયલ દરમિયાન અદાલતે નોંધ્યું હતું કે, આરોપીની વર્તણૂક અને તેના ચહેરા પરના ભાવ જોતા તેમાં કોઈ સુધારો આવે કે તેનું સમાજમાં પુન : સ્થાપન થાય તેવા સંજોગો જણાઈ આવતા નથી. જેથી,સાવલીના સ્પેશ્યલ જજ જે.એ. ઠક્કરે આરોપીને ફાંસીની સજા આપી હતી. વડોદરા સેન્ટ્રલ જેલમાં રહેતો કેદી સંજય છત્રસહિં બારિયા (રહે. મગનપુરા ગામ, તા.વાઘોડિયા, જિ.વડોદરા)એ આજે મળસ્કે જેલના શૌચાલયમાં ફાંસો ખાધેલી હાલતમાં લટકતો મળી આવ્યો હતો. અન્ય કેદીને જાણ થતા તેણે જેલ સત્તાધીશોને જાણ કરી હતી. કેદીએ કપડા સૂકવવાની દોરી અને નેપકિનનો ઉપયોગ કરી ફાંસો ખાઈ લીધો હતો. જો કે, આપઘાતનું ચોક્કસ કારણ હજી જાણી શકાયું નથી.

વર્ષોનો અનુભવ ધરાવતા અધિકારીને તક નહીં

# AMCના ફાયર ઓફિસરોની ભરતીમાં નવા અધિકારીઓને લાવવામાં આવ્યા

## અમદાવાદના ચીફ અને એડિ. ચીફ ફાયર ઓફિસરની આજે નિમણૂક કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૪

રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ સફાળા જાગેલી રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ તંત્ર દ્વારા ફાયર બ્રિગેડ વિભાગમાં ભરતીઓની પ્રક્રિયા શરૂ કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફાયર બ્રિગેડમાં કાયમી ચીફ ફાયર ઓફિસર અને એડિશનલ ચીફ ફાયર ઓફિસરની ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. આવતીકાલે (૫ ઓક્ટોબર) મળનારી સ્ટાફ સિલેક્શન એન્ડ એપોઈન્ટમેન્ટ કમિટીમાં ચીફ ફાયર ઓફિસર અને એડિશનલ ચીફ ફાયર ઓફિસરની નિમણૂક કરવામાં આવશે. જો કે, બંને ફાયર ઓફિસરો મ્યુનિસિપલ કોર્પોરેશનના બહારથી ભરતી કરવામાં આવ્યા છે. સૂત્રો મુજબ બંને અધિકારીઓ પાસે શહેરી વિસ્તારમાં મોટી આગ બુઝાવવાની કે બચાવ કોલની કામગીરીનો અનુભવ નથી. અમદાવાદ ફાયર બ્રિગેડમાં ફરજ બજાવતા અધિકારીને CFO અને AD.CFO બનાવવામાં આવ્યા નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફાયર બ્રિગેડમાં ચીફ ફાયર ઓફિસર અને એડિશનલ ચીફ ફાયર ઓફિસરની પોસ્ટ છેલ્લા કેટલાય સમયથી ઈન્ચાર્જ તરીકે ચાલતી હતી. રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચીફ ફાયર ઓફિસર એડિશનલ ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર સહિતના ૧૪૦થી વધુ કર્મચારીની ભરતીની જાહેરાત બહાર પાડવામાં આવી હતી. આ ભરતી પ્રક્રિયામાં બદલાવ કરી રાજ્ય સરકારમાં નીતિ નિયમ મુજબ ભરતી પ્રક્રિયા કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા ઈન્ચાર્જ ચીફ ઓફિસરથી લઈ એડિશનલ ચીફ ફાયર ઓફિસર અને ડિવિઝનલ ફાયર ઓફિસરો સિવાય બહારથી નવા અધિકારીને લાવવામાં આવ્યા છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા કેટલાક અધિકારીઓ જે હાલ ચીફ ફાયર ઓફિસર અને એડિશનલ ચીફ ફાયર ઓફિસર તરીકે ક્વોલિફાય સાથે વર્ષોનો અનુભવ ધરાવે છે, તેમ છતાં પણ તે અધિકારીને ચીફ ફાયર અને એડિશનલ ચીફ ફાયર ઓફિસર તરીકે પ્રમોશન આપવામાં આવ્યા નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફાયરબ્રિગેડ વિભાગમાં અધિકારીઓ વચ્ચે આંતરિક રાજકારણ તેમજ વિવાદોને લઈ મ્યુનિસિપલ કમિશનર દ્વારા બહારથી જ અધિકારીઓ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

‘રાષ્ટ્રીય એકતા માટે ગરબા’ની થીમ પર નિઃશુલ્ક આયોજન કરાયું

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આજથી બે દિવસ માટે ગરબાનું કરાયું આયોજન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે નવરાત્રીનું ‘રાષ્ટ્રીય એકતા માટે ગરબા’ની થીમ પર તા.૫ અને ૬ ઓકટોબરના રોજ રાત્રે ૮થી ૧૨ દરમ્યાન નર્મદા ડેમ વ્યુ પોઈન્ટ-૧ ખાતે આયોજન કરવામાં આવ્યું છે, સમગ્ર આયોજન ગુજરાત પ્રવાસન વિભાગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યુ છે.



નવરાત્રી દરમ્યાન એકતા નગર ખાતે પ્રવાસે આવતા પ્રવાસીઓ અને એકતાનગર વાસીઓ અને અત્રે ફરજ બજાવતા કર્મયોગીઓ માટે ગુજરાત પ્રવાસન વિભાગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંયુક્ત ઉપક્રમે નવરાત્રીનું ‘રાષ્ટ્રીય એકતા માટે ગરબા’ની થીમ પર સમગ્ર આયોજન ઘડવામાં આવ્યું છે. એકતા ગરબા મહોત્સવ નર્મદા ડેમ વ્યુ પોઈન્ટ-૧ ખાતે તા.૫ અને ૬ ઓકટોબર દરમ્યાન રાત્રીના ૮થી ૧૨ સુધી યોજાશે.

આ અંગે અધિક કલેક્ટર નારાયણ માધુએ જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વૈશ્વિક પ્રવાસન સ્થળ બન્યું છે, અહિંયા તહેવારો દરમ્યાન અનેક કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે, તે જ ઉપક્રમમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંયુક્ત ઉપક્રમે ‘એકતા માટે ગરબા’ની થીમ પર એકતા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તમામ લોકો નિઃશુલ્ક ધોરણે ભાગ લઈ શકે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્માર્ટસીટી બનાવવાની નેમમાં વધુ એક આકર્ષણને કેન્દ્રિય મંત્રીએ ખૂલ્લો મૂક્યો

# ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના મોડલરૂપ એવા ગૌરવ પથનું લોકાર્પણ

## ગ્રીન સ્પેસ, કાફેટેરિયા, આધુનિક લાઈટીંગ સહિતના આકર્ષણોનો સમાવેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

ગુજરાતના પાટનગર ગાંધીનગરને સ્માર્ટસીટી તરીકે વિકસાવવાની નેમ ફળીભૂત થઈ રહી છે. એટલે કે સ્માર્ટ સીટી ગાંધીનગરના નિર્માણમાં એક અનેરૂ આકર્ષણ ઉમેરાયું છે. કુડાસણ ખાતે રૂા.૧૭ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય કક્ષાના ‘ગૌરવપથ’નું નિર્માણ કરાયું છે, જે અન્ય શહેરો માટે મોડલરૂપ પુરવાર થશે. આજે કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે આ ગૌરવ પથનું લોકાર્પણ કરીને લોકો માટે ખુલ્લો મૂક્યો હતો.

રસ્તા એટલે માત્ર વાહનો માટે જ નહિ, પરંતુ પગપાળા જતા લોકો માટે પણ સુગમ બની રહે એ ધ્યેય સાથે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુડાસણ ખાતે મુખ્ય માર્ગને સરદાર ચોક સુધી જોડતા ૧.૩ કિમી લંબાઈ તથા ૩૦ મીટર પહોળાઈનાં માર્ગને ‘ગૌરવપથ’ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. આ ગૌરવપથનાં વિકાસથી શહેરની સુંદરતામાં તો વધારો થશે જ સાથોસાથ સરળ અને સુલભ પરિવહનની સાથે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ ગૌરવપથ પર નાગરિકોને ચાલવા માટે રોડની બંને બાજુ ૫ મીટરના સુવિધાયુકત ફૂટપાથ તેમજ રસ્તા પર થતા પાર્કિંગને અટકાવવા માટે ૨.૫ મીટરની પાર્કિંગ માટેની જગ્યા આપવામાં આવી છે. આ ઉપરાંત લોકોની સુવિધા માટે સુશોભિત બાંકડા, ગ્રીન સ્પેસ, આશ્ફાલ્ટ રોડ, સુશોભિત ડસ્ટબિન, સ્ટ્રીટ લાઈટ, સ્ટ્રીટ ફર્નીચર, સ્ટોર્મ વોટર લાઈન, અન્ડર ગ્રાઉન્ડ યુટીલીટી લાઈન, રોડ સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ અને દિવ્યાંગ લોકો માટે બેઠક વ્યવસ્થા જેવી વિવિધ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. અહીં રાત્રીના સમયે નાગરિકો ફરવા નીકળે ત્યારે મન મોહી લે એવી અદભૂત લાઈટિંગ, બેસવાની સુંદર વ્યવસ્થા અને કાફેટેરિયા જેવી સુવિધાઓનું પણ નિર્માણ કરાયું છે, જેના કારણે આ ગૌરવ પથ માત્ર વાહન ચાલકો માટે જ નહિ, પરંતુ રાહદારીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. ગાંધીનગરને વિશ્વકક્ષાનું શહેર બનાવવા માટે કુડાસણ ખાતે બનેલ આઈકોનિક ફોર-લેન રોડને આંતરરાષ્ટ્રીય કક્ષાની અર્બન યુટીલીટી સાથે ડેવલોપ કરવામાં આવ્યો છે.

# અમદાવાદના જમાલપુર દરવાજા ખાતે ‘વર્લ્ડ સ્માઈલ ડે’ની ઉજવણી



કેન્દ્રિત સંસ્થા સ્માઈલ ટ્રેન ઈન્ડિયા દ્વારા નવું ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સનું ટાઇટલ પ્રાપ્ત કરવાના તેમના પ્રયાસના ભાગરૂપે અમદાવાદના જમાલપુર દરવાજા સહિત ભારતભરમાં અનેક હેરિટેજ સાઈટ્સને રોશનાઈથી ઝળહળતા કરીને વર્લ્ડ સ્માઈલ ડેની ઉજવણી કરશે. આ પહેલ સ્માઈલ ટ્રેનની ૨૫મી એનિવર્સરીની ઉજવણીની મુખ્ય હાઈલાઈટ છે અને તેનું લક્ષ્ય વૈશ્વિક સ્તરે ક્લેફ્ટ અસરગ્રસ્ત બાળકોને સ્માઈલ ટ્રેન દ્વારા ક્લેફ્ટ્સ વિશે વધારવામાં આવતી જાગૃતિ અને પૂરી પડાતી જીવન પરિવર્તનકારી સંભાળ વધારવાનું છે. દર વર્ષે ભારતમાં ક્લેફ્ટ્સ સાથે ૩૫ હજારથી વધુ બાળકો જન્મે છે. ખાવામાં, શ્વાસ લેવામાં અને બોલવામાં પડકારોનો સામનો કરવા સાથે ઘણા બધા ક્લેફ્ટની સ્થિતિ વિશે વાકેફ નહીં હોવાથી આભડછેટ રાખે છે. સ્માઈલ ટ્રેને ગુજરાતમાં નવ ઉપચાર ભાગીદાર હોસ્પિટલો સાથે સહયોગમાં છેલ્લા બે દાયકામાં ૨૦ હજારથી વધુ ક્લેફ્ટ સર્જરીઓને ટેકો આપ્યો છે.

GCCIએ ગુજરાત યુનિ.ને પત્ર લખ્યો

# GCCI કાઉન્સિલમાં ભાજપના નેતાની બારોબાર નિમણૂક કરાઈ

## સભ્યની નિમણૂક કરવા GCCI પાસેથી નોમિનેશન મેળવવાની જરૂર નથી : કુલપતિ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં જીસીસીઆઈ (ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી)ના નોમીની મેમ્બર તરીકે મનન દાણીની નિમણૂક કરવામાં આવી છે. જો કે બીજી બાજુ જીસીસીઆઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટીને પત્ર લખીને જણાવવામાં આવ્યું છે કે ચેમ્બર ઓફ કોમર્સે યુનિવર્સિટીને GCCIના નોમીની તરીકે કોઈ નામ મોકલ્યું જ નથી. આમ ગુજરાત યુનિ.દ્વારા જીસીસીઆઈના નોમીની મેમ્બર તરીકે બારોબાર એટલે કે GCCIની જાણ બહાર જ નિમી દીધા હોવાની ફરિયાદ ઉઠી છે.સરકારના કોમન યુનિ. એક્ટ અંતર્ગત ૬ નવેમ્બર ૨૦૨૩ના રોજ ગુજરાત યુનિ.ની એક્ઝિયુટીવ કાઉન્સિલની રચના થઈ હતી. આ કાઉન્સિલમાં ૨૨માંથી ૧૧ મેમ્બર જ નિમાયા હતા, અને ૫૦ ટકા જગ્યા ખાલી હતી, ત્યારે તાજેતરમાં યુનિ.ના કુલપતિએ બે મેમ્બરની નિમણૂંક કરી છે. મનન દાણી હાલ ભાજપના આઈટી સેલમાં હોદ્દાદાર છે ત્યારે બીજી બાજુ જીસીસીઆઈના એડિશનલ સેક્રેટરી જનરલ દ્વારા ગુજરાત યુનિ.ને પત્ર લખવામાં આવ્યો છે કે અમે એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં જીસીસીઆઈના નોમીની તરીકે કોઈ પણ નામ મોકલ્યુ નથી. જેથી યુનિ.દ્વારા GCCIને મેમ્બરનું નામ મોકલવા-નિમણૂક બાબતે લેટર મોકલવામાં આવે અને ત્યારબાદ સંદર્ભે જીસીસીઆઈ દ્વારા કાઉન્સિલમાં મુકવાના થતા સભ્યનું નામ યુનિ.ને મોકલવામાં આવશે.

આમ યુનિ.એ GCCIની જાણ બહાર જ બારોબાર સભ્ય નિમી દીધા છે. મહત્ત્વનું છે કે આ પત્ર બાદ જ ગત સોમવારે યુનિ.માં કાઉન્સિલની મીટિંગ મળી હતી અને જેમાં પણ આ મુદ્દે ગંભીર ચર્ચા થઈ હોવાની શક્યતા છે. આ અંગે કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે GCCIના સભ્યની નિમણૂક કરવા માટે કુલપતિએ GCCI પાસેથી નોમિનેશન મેળવવાની જરૂર નથી. કુલપતિ એક્ટ મુજબ લાયકાત ધરાવતા વ્યક્તિની જાતે જ નિમણૂક કરી શકે છે.

નકલી પોલીસ બની યુવકને ડરાવ્યો

# પોલીસના સ્વાંગમાં યુવક પાસેથી ૩૬ હજાર પડાવનાર બે આરોપીઓની ધરપકડ

## બંને શખ્સો વિરૂદ્ધ અગાઉ ૧૩ જેટલા ગુના નોંધાઈ ચૂકયા છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૪

રાજ્યમાં નકલીની બોલબોલા છે નકલી આઈપીએસ, નકલી કલેકટર સહિત કેટલાક નકલી અધિકારીઓ ઝડપાવવાની ઘટનાઓ પ્રકાશિત થઈ છે. ત્યારે અમદાવાદ શહેરમાં પોલીસના સ્વાંગમાં આવેલા બે શખસે ઈલેક્ટ્રીશન પાસેથી ૩૬ હજાર રૂપિયા પડાવી લીધા હોવાની ઘટના ભાડજ વિસ્તારમાં બની હતી. તું ગાંજો અને દારૂના ગુનામાં ભાગતો ફરે છે, તેમ કહીને ઈલેક્ટ્રીશીયનને લાફા માર્યા હતાં. બાદમાં કેસ પુરો કરવાની વાત કરીને ૩૬ હજાર રૂપિયા પડાવી લીધા હતા. ઈલેક્ટ્રીશન પાસેથી બીજા ૫૦ હજાર રૂપિયા લેવા હોવાથી ગઠિયાઓ તેને એટીએમ તેમજ પેટ્રોલપંપ ઉપર પણ લઈ ગયા હતા. ઈલેક્ટ્રીશીયનને બન્ને શખસ પર શંકા જતા તે ગોતાના બ્રીજની નીચે ઉભેલા પોલીસ કર્મચારી પાસે પહોચી ગયો હતો, જેથી બન્ને ગઠિયા ત્યાથી નાસી ગયા હતા. સાયન્સ સિટી નજીક આવેલા ભાડજ ગામમાં રહેતા રમેશ ડાંગરે સોલા પોલીસ સ્ટેશનમાં પોલીસની ઓળખ આપીને રૂપિયા પડાવી લેનાર શખસ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ અગાઉ ૧૩ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર થોડા દિવસ પહેલા રમેશ નામનો યુવક પોતાનું એક્ટિવા લઈને સેન્ટોસા સોસાયટી અને તેની બાજુમાં આવેલી શોપાન સોસાયટીમાં કામ કરવા માટે ગયો હતો. સોસાયટીમાં રમેશ કામ માટે પહોચે તે પહેલા બે શખસ નંબર પ્લેટ વગરનું ટુ-વ્હીલર લઈને તેની પાસે આવ્યા હતા. બન્ને શખસે રમેશને કહ્યુ હતું કે, અમે પોલીસ છીએ. તારૂ એક્ટિવા સાઈડમાં ઉભુ કર. પોલીસનું નામ સાંભળતાની સાથેજ રમેશે પોતાનું એક્ટિવા સાઈડમાં ઉભુ કરી દીધુ હતું. બન્ને શખસે પણ પોતાનું ટુ-વ્હીલર સાઈડમાં કરી દીધુ હતું. રમેશ કઈ વિચારે તે પહેલાજ પોલીસની ઓળખ આપનાર બન્ને શખસે તેને લાફા મારી દીધા હતા અને કહ્યુ હતું કે, તું અગાઉ ગાંજા તથા દારૂના ગુનામાં ભાગતો ફરે છે. બન્ને શખસે લાફો માર્યા બાદ વધુમાં કહ્યુ કે, તારે કેસ પુરો કરવો હોય તો પૈસા આપવા પડશે. ધરપકડના ડરથી રમેશે તેની પાસે રહેલા ૩૬ હજાર રૂપિયા બન્ને શખસને આપી દીધા હતા. ૩૬ હજાર રૂપિયા આપ્યા બાદ પણ બન્ને ગઠિયાની ભૂખ સંતોષાઈ નહિ અને કહેવા લાગ્યા કે, આટલા પૈસાથી નહિ ચાલે, તારે હજુ ૫૦ હજાર રૂપિયા આપવા પડશે. રમેશ પાસે રૂપિયા નહિ હોવાથી બન્ને ગઠિયા તેને એટીએમ ખાતે લઈ ગયા હતા. રમેશનું ડેબિટકાર્ડ ગઠિયાઓએ લઈ લીધુ હતું અને પીન નંબર માંગ્યો હતો. રમેશે જાણી જોઈને ગઠિયાઓને ખોટો પીન નંબર આપ્યો હતો. ગઠિયાઓએ એટીએમ મશીનમાં ખોટો પીન નાખતા રૂપિયા રિસિવ થયા નહિ, જેથી તેઓ વધુ ઉશ્કેરાયા હતા. ગઠિયાઓ રમેશને કહેવા લાગ્યા હતા કે, પેટ્રોલ પંપ ઉપર ચાલ અને ત્યા ગુગલ પે કરી દેજે, જેથી પેટ્રોલપંપ વાળા પાસેથી રોકડ ૫૦ હજાર લઈ લઈશું. બન્ને ગઠિયા રમેશને ગોતા ખાતે આવેલા પેટ્રોલપંપ પર લઈ ગયા હતા, પરંતુ કર્મચારીઓએ રૂપિયા આપવાની ના પાડી દેતા તે બીજા પેટ્રોલપંપ પર જવા માટે નીકળ્યા હતા. દરમિયાનમાં ગોતા બ્રિજની નીચે ટ્રાફિક પોલીસ કર્મચારીઓ ઉભા હતા, જેથી રમેશ ત્યા તેમની પાસે જઈને ઉભો રહ્યો હતો. પોલીસને જોતાની સાથેજ ગઠિયાઓ પોતાનું ટુ-વ્હીલર લઈને ત્યાથી નાસી ગયા હતા. રમેશ સાથે જે બનાવ બન્યો છે, તેમાં તેણે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ મામલે ઈમરાન ખાન પઠાણ અને ભરત કોષ્ટી નામના બે આરોપીની ધરપકડ કરી છે. બંને આરોપીઓ મૂળ અમદાવાદના જ રહેવાસી છે. આરોપીઓ પાસેથી એક મોટરસાયકલ અને ૩૬ હજાર રૂપિયા રોકડા એમ કુલ ૧૦,૬૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આરોપી વિરુદ્ધ અમદાવાદના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં ૧૩થી વધુ ગુનાઓ નોંધાયેલા છે.

# “ઈઝરાયેલ લાંબું ટકશે નહીં” : ઈરાનના સર્વોચ્ચ વડા અલી ખામેનાઈનું પાંચ વર્ષમાં પહેલી વખત અસાધારણ જાહેર સંબોધન

**તેહરાનની મસ્જિદ ખાતે હજારો ટેકેદારોને સંબોધન કરતા અલી ખામેનાઈએ ઈઝરાયેલ પરની મિસાઈલ આક્રમણ કાર્યવાહી વાજબી કહીને તેને જાહેર લોકસેવા ગણાવી**

(એજન્સી) તહેરાન, તા.૪

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનાઈએ આજે જુમ્માના પવિત્ર દિવસે હજારો ટેકેદારોને પાંચ વર્ષમાં પહેલીવાર જાહેર સંબોધન કરતા જણાવ્યું હતું કે ઈઝરાયેલ લાંબું ટકશે નહીં. તેમણે ઈઝરાયેલના વિરોધમાં ચાલી રહેલી પેલેસ્ટીનની પ્રજા અને લેબેનોનની ચળવળ અને કાર્યવાહીને સમર્થન જાહેર કર્યું હતું. છેલ્લા પાંચ વર્ષમાં પહેલી વખત જાહેરમાં આવેલા સર્વોચ્ચ વડાએ તેહરાન મસ્જિદ પાસે હજારો ટેકેદારોને સંબોધન કર્યું હતું અને ઈઝરાયેલ પરના ઈરાનના મિસાઈલ આક્રમણને વાજબી ઠરાવ્યું હતું અને કહ્યું હતું કે એ જાહેર સેવા અને લોકોની સેવા માટે કાર્યવાહી હતી.





તેઓ શુક્રવાર એટલે કે પવિત્ર જુમ્માના દિવસે પ્રવચન કરી રહ્યા હતા ત્યારે એમની બાજુમાં બંદૂક પડી હતી અને અમે તમારી સાથે છીએ એવા હજારો લોકોના પ્રચંડ ઉદ્‌ઘોષ વચ્ચે તેમણે જણાવ્યું હતું કે હમાસ કે હિઝબુલ્લાહ સામે ઈઝરાયેલ વધુ ટકી નહીં શકે. અને આપણા પર છવાઈ નહીં શકે. ઈરાનના સર્વોચ્ચ વડા ઈઝરાયેલના હિટલિસ્ટમાં સૌથી ઉપરના ક્રમે છે અને એમની જાન ઉપર જોખમ છે ત્યારે પાંચ વર્ષમાં પહેલીવાર તેમણે જાહેરમાં આવીને એમની સામેના જોખમને ખુલ્લો પડકાર ફેંક્યો છે અને વળતી શક્તિનું પ્રદર્શન કર્યું છે.

તેમણે ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે સૈયદ હસન નસરલ્લાહ હવે આપણી સાથે નથી. પણ એમનો આત્મા અને એમનો માર્ગ આપણને હંમેશા પ્રેરણા આપતા રહેશે તેવો જુલ્મી યહૂદી શાસન અને દુશ્મન સામે હંમેશા ઊંચા રહેતા ધ્વજ સમાન હતા અને એમની શહાદત આપણા ઝંડાને વધુ ઊંચો અને ફરકતો રાખશે અને એમની શહાદત વ્યર્થ જશે નહીં. આપણે આપણી અડગ શ્રદ્ધાને વધુ મજબૂત બનાવીને દુશ્મનની સામે મક્કમ બનીને ઊભા રહેવાનું છે. તેમણે હિઝબુલ્લાહ જૂથને એક એવું પવિત્ર વૃક્ષ ગણાવ્યું હતું જે હસનના નેતૃત્વમાં હંમેશાં ફુલતું ફાલતું રહ્યું. તેમણે હાકલ કરી હતી કે લેબેનોનના લોહીલુહાણ થયેલા આપણા ભાઈઓને મદદ કરવાની અને એમની જેહાદને તથા મસ્જિદે અલ અકસા માટેના જંગને મદદરૂપ બનવાની તમામ મુસ્લિમોની ફરજ અને જવાબદારી છે. તેમણે સાતમી ઓક્ટોબરે અમાસ દ્વારા કરવામાં આવેલા આક્રમણને પણ યોગ્ય પગલું ગણાયું હતું અને કહ્યું હતું કે પોતાની ભૂમિ પરના ગેરકાનૂની કબજા સામે લડત ચલાવી રહેલા અને અવાજ ઉઠાવતા લેબેનોન અને પેલેસ્ટીનના નાગરિકોના વિરોધ કરવાના અને ગેરકાયદે કબજા સામે વાંધો લેવાના અધિકારને કોઈ આંતરરાષ્ટ્રીય કાયદો પડકારી શકે તેમ નથી. તેમણે કહ્યું હતું કે ઈઝરાયેલ તે અમેરિકાનું પીઠું છે અને આ સમગ્ર પ્રદેશની તમામ જમીન અને સાધન સંપત્તિને પચાવી પાડવા માંગે છે. આવું સપનું અમેરિકા અને યહૂદી જોઈ રહ્યા છે પણ યહૂદીના અસ્તિત્વ ભૂમિ પરથી મટી જશે કેમ કે એમના કોઈ મૂળિયા જ નથી. યહૂદી માત્ર અમેરિકાની મદદ અને સહારાથી ટકેલા છે. બાકી તેના મૂળ બનાવટી અસ્થિર છે અને તેનું અસ્તિત્વ માત્ર અમેરિકાના ટેકાથી છે.

# ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીની પત્રકારને મુક્ત કરવામાં આવ્યાં

(એજન્સી) તા.૪

પેલેસ્ટીની ઈન્ફોર્મેશન સેન્ટરે અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી સત્તાવાળાઓએ ગઈકાલે પત્રકાર અસ્મા હરીશને ડેમોન જેલમાં છ મહિના સુધી વહીવટી અટકાયત હેઠળ રાખ્યા બાદ મુક્ત કર્યા છે. કહેવાતી વહીવટી અટકાયતનો અર્થ એ છે કે રામલ્લાહથી હરીશને કોઈ આરોપ કે ટ્રાયલ વિના અટકાયતમાં લેવામાં આવી હતી. તેઓને આ વર્ષે એપ્રિલમાં અટકાયતમાં લેવામાં આવ્યા હતા, અને ત્યારથી લગભગ



એક વર્ષ પહેલાં ઈઝરાયેલના ગાઝા હત્યાકાંડની શરૂઆતથી પુરૂષ અને સ્ત્રી કેદીઓ પર લાદવામાં આવેલા વ્યવસ્થિત અને અભૂતપૂર્વ પ્રતિશોધના પગલાંના ભાગ રૂપે તેમની સાથે દુર્વ્યવહાર અને ગંભીર ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ઈઝરાયેલ તેની જેલોમાં ૯૬ પેલેસ્ટીની મહિલાઓને પકડી રાખે છે, જેમાં ૨૭ વહીવટી અટકાયતીઓનો સમાવેશ થાય છે. આ સંખ્યામાં ગાઝાના કેદીઓનો સમાવેશ થતો નથી કે જેઓ કબજા હેઠળના રાજ્ય દ્વારા રાખવામાં આવ્યા છે. હરીશની મુક્તિનો અર્થ એ છે કે હવે છ મહિલા પત્રકારો ઈઝરાયેલની જેલમાં બંધ છે.

# ઈઝરાયેલનો દાયકાઓમાં વેસ્ટ બેંકમાં સૌથી ભયંકર હુમલો

(એજન્સી) તા.૪

તુલકારમના શરણાર્થી શિબિર પરનો હવાઈ હુમલો, જેમાં ૧૮ લોકો મૃત્યુ પામ્યા, તે ૨000થી કબજો કરેલા વેસ્ટ બેંક પરનો સૌથી ભયંકર હુમલો હતો, પેલેસ્ટીની સુરક્ષા સેવાઓના એક સ્ત્રોતે એએફપીને જણાવ્યું હતું. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે વેસ્ટ બેંકમાં તેના હુમલામાં હમાસના નેતા ઝાહી યાસર અબ્દ અલ-રઝેક ઓફીનું મૃત્યુ થયું હતું, જેમના પર તેણે અનેક હુમલાઓમાં ભાગ લેવાનો આરોપ મૂક્યો હતો. આ વિસ્તારના સામાજિક કાર્યકર અલા શ્રૌજીએ જણાવ્યું કે ઈઝરાયેલના યુદ્ધ વિમાને ‘ચાર માળની ઈમારતમાં એક કાફેટેરિયાને નિશાન બનાવ્યું હતું.’ ગાઝામાં ઈઝરાયેલના યુદ્ધે તેની ઉત્તરીય સરહદને સુરક્ષિત કરવા અને હમાસ દ્વારા ઑક્ટોબર ૭ના હુમલા પછી ગયા વર્ષે હિઝબુલ્લાહના હુમલાઓ દ્વારા વિસ્થાપિત થયેલા ૬૦,૦૦૦થી વધુ લોકોની સલામત પરત સુનિશ્ચિત કરવા માટે તેના લશ્કરી અભિયાનને વિસ્તૃત કર્યું છે. ગાઝા મોરચે, સેનાએ જણાવ્યું કે ત્રણ મહિના પહેલા થયેલા હુમલામાં હમાસના ત્રણ વરિષ્ઠ નેતાઓ મૃત્યુ પામ્યા, જેમાં યુદ્ધગ્રસ્ત પેલેસ્ટીની પ્રદેશમાં આતંકવાદી



ચળવળની સરકારના પ્રમુખ રવી મુશ્તાહાનો સમાવેશ થાય છે. ૭ ઑક્ટોબરે હમાસે ઈઝરાયેલ પર હુમલો શરૂ કર્યાના એક દિવસ પછી હિઝબુલ્લાએ ઈઝરાયેલી સૈનિકો પર હુમલા શરૂ કર્યા, જેના પરિણામે ઈઝરાયેલમાં ૧,૨૦૫ લોકો મૃત્યુ પામ્યા, જેમાં મોટા ભાગના નાગરિકો હતા, ઈઝરાયેલના સત્તાવાર આંકડાઓ પર આધારિત AFP ટેલી, જેમાં પણ સમાવેશ થાય છે બંધકોની હત્યા. હમાસ સંચાલિત પ્રદેશના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રદાન કરવામાં આવેલા આંકડાઓ અનુસાર ગાઝામાં ઈઝરાયેલના વળતા હુમલામાં ઓછામાં ઓછા ૪૧,૭૮૮ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાંથી મોટાભાગના નાગરિકો છે. સંયુક્ત રાષ્ટ્રએ આ આંકડાઓને વિશ્વસનીય ગણાવ્યા છે. ગુરૂવારે મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં પાછલા ૨૪ કલાકમાં ૯૯ મૃત્યુનો સમાવેશ થાય છે.

# ઈઝરાયેલના કહેવા છતાં લેબેનોનમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિક અડગ છે

(એજન્સી) તા.૪

યુએન પીસકીપિંગ પ્રમુખે ગુરૂવારે જણાવ્યું કે, ઈઝરાયેલ દ્વારા તેમને પાછા ખેંચવા માટે કહેવામાં આવ્યું હોવા છતાં-યુએન પીસકીપર્સ હજુ પણ દક્ષિણ લેબેનોનમાં હાજર છે-અને તેઓ બંને દેશોના દળો વચ્ચે એકમાત્ર સંચાર કડી પ્રદાન કરી રહ્યાં છે. યુએન પીસકીપિંગ પ્રમુખ જીન-પિયર લેક્રોઈક્સે પત્રકારોને જણાવ્યું કે, ‘શાંતિ રક્ષા દળો અત્યંત મુશ્કેલ સંજોગોમાં પણ તેમના સુરક્ષા પરિષદના આદેશને લાગુ કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યાં છે.’ તેમણે જણાવ્યું કે સારા અને ખરાબ બંને પરિણામો માટે આકસ્મિક યોજનાઓ તૈયાર છે. UNIFIL તરીકે ઓળખાતું આ મિશન, લેબેનીઝ આર્મીને લેબેનીઝ રાજ્ય સિવાયના વિસ્તારને હથિયારો અને સશસ્ત્ર કર્મચારીઓથી મુક્ત રાખવામાં મદદ કરવા માટે સુરક્ષા પરિષદ દ્વારા અધિકૃત છે. આનાથી ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ સાથે સંઘર્ષ થયો છે, જે દક્ષિણ લેબેનોનને અસરકારક રીતે નિયંત્રિત કરે છે. ઈઝરાયેલી સૈન્યએ આ અઠવાડિયે યુએન પીસકીપર્સને ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચેની સરહદ-તેની સુરક્ષા જાળવવા માટે શક્ય તેટલી ઝડપથી છોડી દેવા જણાવ્યું હતું, રોઈટર્સ દ્વારા જોવામાં આવેલા સંદેશાના અવતરણ અનુસારથી ૫ કિમી (૩ માઈલ) દૂર-તરીકે ઓળખાય છે. લેક્રોઈક્સે પત્રકારોને જણાવ્યું કે, ‘તમામ પીસકીપર્સ અત્યારે સ્થાને છે.’ ‘બંને પક્ષોની શાંતિ રક્ષકોની સલામતીનો આદર કરવાની જવાબદારી છે અને હું તેના પર ભાર મૂકવા માંગુ છું.’ લેક્રોઈક્સે જણાવ્યું કે UNIFIL બંને દેશો સાથે સંપર્ક



જાળવી રહ્યું છે અને મિશનને તેમની વચ્ચે ‘સંચારની એકમાત્ર ચેનલ’ તરીકે વર્ણવ્યું છે. આ મિશન નાગરિકોની સુરક્ષા અને નાગરિકોની સલામત હિલચાલ અને માનવતાવાદી સહાયની ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહ્યું છે. યુએન પીસકીપર્સ ઉત્તરમાં લિટાની નદી અને દક્ષિણમાં બ્લુ લાઈન વચ્ચે કામ કરે છે. તેની વેબસાઈટ અનુસાર, મિશનમાં ૫૦ દેશોના ૧૦,૦૦૦થી વધુ સૈનિકો અને લગભગ ૮૦૦ નાગરિક કર્મચારીઓ છે. ઈઝરાયેલની સૈન્યએ ગુરૂવારે દક્ષિણ લેબેનોનના ૨૦થી વધુ નગરોના રહેવાસીઓને તાત્કાલિક તેમના ઘરો ખાલી કરવા જણાવ્યું હતું, કારણ કે સૈનિકોએ સરહદ પારથી આક્રમણ ચાલુ રાખ્યું હતું અને બૈરૂતના ઉપનગરમાં હિઝબુલ્લાહ સ્થાનો પર હુમલો કર્યો હતો.

**બૈરૂતમાં હિઝબુલ્લાહની મીડિયા ઓફિસ પર બોમ્બવર્ષા**

# લેબેનોનમાં હિઝબુલ્લાહ પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૪૬નાં મોત, ૮૫ ઘાયલ

**ઈઝરાયેલના હવાઈદળે પ્રથમ વખત ગુરુવારે લેબેનોનની રાજધાની બૈરૂતના એક એપોર્ટમેન્ટ પર હુમલો કર્યો હતો અને તેમાં નવ લોકોનાં મોત થયા હતા**

(એજન્સી) બેરૂત, તા.૪

ઈઝરાયેલે લેબનોનમાં આતંકી સંગઠન હિઝબુલ્લાહને ટાર્ગેટ કરીને છેલ્લા ૨૪ કલાકમાં કરેલા હવાઈ હુમલામાં ઓછામાં આછા ૪૬ના મોત થયા હતા અને ૮૫ ઘાયલ થયાં હતાં. ઈઝરાયેલના હવાઈદળે પ્રથમ વખત ગુરુવારે લેબનોનની રાજધાની બેરૂતના એક એપોર્ટમેન્ટ પર હુમલો કર્યો હતો અને તેમાં નવ લોકોના મોત થયા હતાં. બીજી તરફ દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના લડાકુ સામેની લડાઈ ચાલુ કરી હતી. ઈઝરાયેલે બેરૂતના દક્ષિણી ઉપનગરમાં આવેલી હિઝબુલ્લાહની મીડિયા ઓફિસની ઈમારત પર હવાઈ હુમલો કર્યો હતો. તેમાં હિઝબુલ્લાહની મીડિયા રિલેશન ઓફિસનો ખાતમો બોલાવ્યો હતો. આ હુમલા પહેલાં કોઈ ચેતવણી આપવામાં આવી ન હતી. આ એપાર્ટમેન્ટ સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય, વડાપ્રધાનની ઑફિસ અને સંસદની નજીકની ઈમારત પાસે આવેલી છે. હિઝબુલ્લાહના નાગરિક સંરક્ષણ એકમે જણાવ્યું હતું કે તેના સાત સભ્યો માર્યા ગયા હતાં. ઈઝરાયેલ લેબનોનમાં હિઝબુલ્લાહ સામે જમીની આક્રમણ પણ કરી રહ્યું છે. બીજી તરફ ગાઝામાં હુમલા પણ ચાલુ રાખ્યા હતા. ગાઝામાં બાળકો સહિત ડઝનેક લોકો માર્યા ગયા હતાં. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે દક્ષિણ લેબેનોનમાં સંઘર્ષમાં આઠ સૈનિકોના મોત થયા છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩એ હમાસના હુમલા પછીના દિવસથી ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ લગભગ દરરોજ લેબનોન સરહદ પર એકબીજા પર હુમલા કરે છે.



ઈઝરાયેલ ઈરાન પર વળતો કરશે તેવી વ્યાપક અટકળો વચ્ચે અમેરિકાના પ્રેસિડન્ટ જો બાઈડેને જણાવ્યું હતું કે ઈરાન સામે ઈઝરાયેલ તાકીદે વળતો હુમલો કરે તેવી તેમને અપેક્ષા નથી. તહેરાને ઈઝરાયેલ પર આશરે ૨૦૦ બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યાના બે દિવસ પછી ગુરુવારે બાઈડેને આ નિવેદન આપ્યું હતું. ઈરાન પર વળતા હુમલાની અમેરિકા ઈઝરાયેલને મંજૂરી આપશે કે નહીં તેવા સવાલના જવાબમાં બાઈડને જણાવ્યું હતુ કે સૌ પ્રથમ એ કે અમે ઈઝરાયેલને ‘મંજૂરી’ આપતા નથી, અમે ઈઝરાયેલને સલાહ આપીએ છીએ. અને આજે કંઈ થવાનું નથી. લેબનોનના આરોગ્ય પ્રધાન ફિરાસ અબિઆદ જણાવ્યું હતું કે હેલ્થ ફેસિલિટી પરના ઈઝરાયેલના હુમલો આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. આ એક યુદ્ધ અપરાધ છે, તેમાં કોઈ શંકા નથી. લેબનોનમાં હિઝબુલ્લાહના હેલ્થ સેન્ટર પરના હુમલા પછી તેમણે આ નિવેદન આપ્યું હતું. ઈઝરાયેલી આર્મીએ ગુરુવારે જાહેરાત કરી હતી કે તેને ત્રણ મહિના પહેલા કરેલા હવાઈ હુમલા દરમિયાન ગાઝામાં હમાસ સરકારના વડા રાહવી મુશ્તાહા અને બીજા બે હમાસ લીડરનો ખાતમો બોલાવ્યો હતો. ગાઝામાં એક ભૂગર્ભ કમ્પાઉન્ડ પરના હુમલા રાહવી મુશ્તાહા અને હમાસના અન્ય બે કમાન્ડર સમેહ સિરાજ અને સમેહ ઓદેહ માર્યા ગયા હતા. હમાસે આ અહેવાલ પર કોઈ ટિપ્પણી કરી નથી. સૈન્યનું કહેવું છે કે ત્રણ કમાન્ડરોએ ઉત્તર ગાઝામાં એક અંડરગ્રાઉન્ડ કમ્પાઉન્ડમાં આશરો લીધો હતો જે કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર તરીકે સેવા આપે છે.

# વેસ્ટ બેંકના તુલકરમ શરણાર્થી શિબિર પર ઈઝરાયેલના હુમલામાં ૧૮ લોકોનાં મોત

(એજન્સી) તા.૫

પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, સત્તાવાર વેસ્ટ બેંકમાં તુલકરમ શરણાર્થી શિબિર પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૮ લોકો મૃત્યુ પામ્યા છે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે, તેના યુદ્ધ વિમાનોએ ઈઝરાયેલની આંતરિક સુરક્ષા સેવા શિન બેટ સાથે સંકલનમાં ગુરૂવારે હુમલો કર્યો હતો. સેનાએ બાદમાં એક નિવેદનમાં કે તેણે તુલકરમમાં હમાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રમુખને નિશાન બનાવ્યું હતું. પેલેસ્ટીની સમૂહે ઈઝરાયેલી સૈન્યના દાવા પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી. કેમ્પના અધિકારી ફૈઝલ સલામાએ જણાવ્યું કે, F-16 ફાઈટર પ્લેન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. અલ જઝીરાની ફેક્ટ-ચેકિંગ એજન્સી સનદ દ્વારા ચકાસાયેલ ફૂટેજમાં વેસ્ટ બેંકમાં નબ્લસના ઉત્તરપશ્ચિમમાં સ્થિત કેમ્પમાં વિનાશના દશ્યો દર્શાવવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં કાટમાળના મોટા ઢગલા હતા અને આગ ફાટી નીકળી હતી. બચાવ કાર્યકરો ઘાયલ પીડિતોને તબીબી સુવિધાઓમાં લઈ જતા જોઈ શકાય છે. ઓકટોબર ૨૦૨૩માં ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર યુદ્ધ શરૂ કર્યું ત્યારથી કબજાવાળા વેસ્ટ બેંકમાં ઈઝરાયેલના લશ્કરી દરોડા અને હુમલામાં વધારો થયો છે. સંયુક્ત રાષ્ટ્રના માનવતાવાદી કાર્યાલય (OCHA) અનુસાર ૭ ઓકટોબરથી ગત વર્ષે સપ્ટેમ્બરના અંત સુધીમાં વેસ્ટ બેંકમાં ૬૯૫ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે. OCHAએ જણાવ્યું કે, મોટાભાગના લોકો ઈઝરાયેલી દળો દ્વારા મૃત્યુ પામ્યા હતા, જ્યારે એક ડઝન ઈઝરાયેલી સ્થળાંતરકારો દ્વારા મૃત્યુ પામ્યા હતા. અલ જઝીરાના નૂર ઓદેહ, અમ્માન, જોર્ડનથી શુક્રવારે સવારે અહેવાલ આપતા જણાવ્યું કે, તુલકરમ શરણાર્થી વધુ લોકોનું ઘર છે, જે ફક્ત ૦.૧૮ ચોરસ કિલોમીટર (૦.૧૧ ચોરસ માઈલ)ના વિસ્તારમાં રહે છે. ઓદેહે જણાવ્યું કે, હુમલા અંગેની માહિતી હજુ પણ આવી રહી છે, કારણ કે, હોસ્પિટલો ગીચ છે. તેમણે જણાવ્યું કે, આખી ઈમારત સમતળ કરવામાં આવી હતી અને પેરામેડિક્સ હજી પણ તે સુનિશ્ચિત કરવા માટે સંઘર્ષ



શિબિર પરનો હુમલો ‘૨૦થી વધુ વર્ષોમાં અમે કબજાવાળા વેસ્ટ બેંકમાં જોયો છે તે સૌથી મોટો અને સૌથી ઘાતક હવાઈ હુમલો હતો.’ તેમણે જણાવ્યું કે, બીજા ઈન્ટિફાદાના ધોરણો દ્વારા પણ ગીચ વસ્તીવાળા, ગરીબ શરણાર્થી શિબિર પર આ એક ખૂબ મોટો, ખૂબ જ ઘાતક હુમલો હતો. યુનાઈટેડ નેશન્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (પીડીએફ) અનુસાર, તુલકરેમ શરણાર્થી શિબિર ૨૧,૦૦૦થી કરી રહ્યા છે કે, તેઓએ તમામ મૃતદેહોને બહાર કાઢ્યા છે અને કાટમાળ હેઠળ કોઈ બચી નથી. પેલેસ્ટીની રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસના પ્રવક્તાએ શરણાર્થી શિબિર પરના હુમલાની ટીકા કરી, તેને નાગરિકો સામે ‘જઘન્ય અપરાધ’ ગણાવ્યો. નબિલ અબુ રૂદીનેહે જણાવ્યું કે, આ જીવલેણ હુમલો વેસ્ટ બેંક અને ગાઝા પટ્ટી બંનેમાં પેલેસ્ટીની લોકો વિરુદ્ધ નરસંહારની વ્યાપક પેટર્નનો એક ભાગ છે.

# ૨૦00ના પેલેસ્ટીની ઈન્તિફાદાના પ્રતીકનું ઈઝરાયેલી હુમલામાં મોત

(એજન્સી) તા.૪

ઈઝરાયેલી સૈન્યએ ગુરૂવારે જાહેરાત કરી કે તેણે અબ્દુલ અઝીઝ સાલ્હા નામના પેલસ્ટીનીની હત્યા કરી છે, જે ૨૦૦૦ના બીજા પેલેસ્ટીની ઈન્ટિફાદા દરમિયાન પ્રતિકારનું પ્રતીક હતું. ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બુધવારે રાત્રે મધ્ય ગાઝામાં દેર અલ-બાલાહ પર થયેલા હવાઈ હુમલામાં સાલ્હાનું મોત થયું હતું. ઑક્ટોબર ૨૦૦૦માં, પેલેસ્ટીની પોલીસ સ્ટેશનની બારીમાંથી લોહીલુહાણ પેલેસ્ટીની માણસનો ફોટોગ્રાફ વિશ્વભરમાં પ્રસારિત કરવામાં આવ્યો હતો. રામલ્લાહના પૂર્વમાં દેર જરીરના સાલ્હા પર વેસ્ટ બેંકમાં આકસ્મિક રીતે રામલ્લામાં ઘૂસી ગયેલા બે ઈઝરાયેલી સૈનિકોની હત્યામાં સામેલ હોવાનો આરોપ હતો. ઈઝરાયેલની કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી. જો કે, ઈજિપ્ત દ્વારા મધ્યસ્થી દ્વારા ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૨૦૧૧ના કેદી વિનિમય કરાર હેઠળ સાલાહને બાદમાં મુક્ત કરવામાં આવ્યો હતો અને ગાઝામાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. સૈન્યએ નોંધ્યું કે સાલાહે ૨૦૦૦માં ઈઝરાયેલી સૈનિકોની હત્યામાં ભાગ લીધો હતો અને દાવો કર્યો હતો કે ‘તાજેતરના વર્ષોમાં, તે વેસ્ટ બેંકમાં નિર્દેશિત કામગીરીમાં સામેલ હતો.’ ગયા વર્ષે ૭ ઓક્ટોબરે પેલેસ્ટીની સમૂહ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર પોતાનો ક્રૂર હુમલો ચાલુ રાખ્યો છે, જ્યારે યુએન સુરક્ષા પરિષદે તાત્કાલિક



યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યાં અનુસાર લગભગ ૪૧,૮૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ૯૬,૭૦૦ થી વધુ ઘાયલ થયા છે. ઈઝરાયેલના હુમલાને કારણે આ વિસ્તારની લગભગ આખી વસ્તી વિસ્થાપિત થઈ ગઈ છે અને ચાલુ નાકાબંધીને કારણે ખોરાક, શુદ્ધ પાણી અને દવાની તીવ્ર અછત સર્જાઈ છે. ગાઝામાં તેની ક્રિયાઓ બદલ ઈઝરાયેલ પર આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતમાં નરસંહારનો આરોપ મૂકવામાં આવ્યો છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

## તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# દવાના નામે ઝેર

દરેક વસ્તુમાં ભેળસેળની આપણે ત્યાં નવાઈ નથી. તેલથી માંડીને દૂધથી લઈને અનાજ સહિત લગભગ દરેકે-દરેક વસ્તુમાં મિલાવટ જોવા મળે છે પરંતુ કહેવત છે કે 'ડાકણ પણ એક ઘર મૂકી દે છે.' પરંતુ આપણે ત્યાં ભેળસેળિયા તત્ત્વો ડાકણને પણ સારી કહેવડાવે એટલી હદે અધમ થઈ ગયા છે કે જેઓ જીવન રક્ષક દવાઓને પણ ભેળસેળથી બાકાત રાખતા નથી. કેન્દ્ર સરકારના ડ્રગ્સ કંટ્રોલ વિભાગ દ્વારા તાજેતરમાં જ બહાર પડાયેલા અહેવાલમાં ૫૦થી વધારે મહત્ત્વની દવાઓ ગુણવત્તા પરીક્ષામાં નપાસ થઈ છે...!!

આ પરીક્ષામાં ફેલ થયેલી દવાઓમાં તાવ માટેની પેરાસિટામોલ, પેન-ડી, કેલ્શિયમ અને વિટામીન ડીની ગોળીઓ ઉપરાંત ડાયાબિટીસ સહિત લગભગ પચાસેક જેટલી દવાઓમાં અનેક પ્રકારની ખામીઓ બહાર આવી કે જે નિયત ગુણવત્તાથી હલકી કક્ષાની હતી.. આ દવાઓ પૈકીની મોટા ભાગની ગોળીઓ એવી છે કે આપણે ત્યાં લોકો નિષ્ણાત ડોકટરોની સલાહ લીધા વિના મેડિકલ સ્ટોર્સ પરથી આડેધડ ખરીદીને ચણા-મમરાની જેમ ખાય છે. હવે જે દવાઓનો પ્રચાર ખાસ બીમારીના ઈલાજ તરીકે કરાય છે એવી દવાઓ જ ગુણવત્તા વગરની નીકળે તો આને શું કહેવાય ? હજી ગત મહિને જ સરકારે ૧૫૬ જેટલી દવાઓ પર પ્રતિબંધ મૂકયો હતો અને એમાં પણ એન્ટીબાયોટિકસ, મલ્ટી વિટામીન, પેઈનકિલર અને તાવ તેમજ શરદી માટેની દવાઓ હતી... આ દવાઓ પર પ્રતિબંધ મુકતી વખતે સરકારે કહ્યું હતું કે તેનો ઉપયોગ આરોગ્ય માટે હાનિકારક છે.

હવે સવાલ એ પેદા થાય છે કે જે દવાઓ પરીક્ષામાં નિષ્ફળ ગઈ એનો ઉપયોગ તો અત્યાર સુધી થતો જ હતો ત્યારે કોને ખબર કેટલા લાખ લોકોએ આવી હલકી ગુણવત્તાવાળી કે નકલી દવાઓ ખાધી હશે ત્યારે શું તેમની તબિયત પર ખરાબ અસર પડી નહીં હોય ? જો કે આપણે ત્યાંની ઘણી દવા કંપનીઓ એવી રીઢી થઈ જાય છે કે તે સરકારને કે તેના આવા પરીક્ષણોને ગણકારતી નથી અને નિર્લજ્જ બનીને આવી દવાઓનું ઉત્પાદન કરતી રહે છે. જો આવું ન હોત તો છેલ્લા કેટલાય વરસોથી સરકાર દવાઓને પ્રતિબંધિત કરતી રહે છે અને વળી પાછી કંપનીઓ આવી હલકી દવાઓ ઉત્પાદિત કરતી રહે છે. કહેવા ખાતર આરોગ્ય ખાતું કાર્યવાહી કરે છે પણ તેનો કોઈ પ્રભાવ દેખાતો નથી ત્યારે ચિંતાની વાત એ છે કે એક વખત પરીક્ષણમાં ફેલ થયેલી દવાઓને પ્રતિબંધિત કરીને તેનું વેચાણ બંધ કરી દેવાયા બાદ પણ આવી દવાઓ ફરી ફરીને બજારમાં કઈ રીતે મળવા લાગે છે ? દવાની હુકાનો પર તો આવી રોકટોકની કોઈ વ્યવસ્થા જ નથી. બાકી મીડિયામાં સમયાંતરે આવી હલકી દવાઓની ગંભીર અસર અંગે અહેવાલો આવતા રહે છે. પણ તેનો કોઈ અર્થ ખરો ?

દુનિયાના સાવ ખાડે ગયેલા દેશોમાં પણ આવી હલકી કે નકલી દવાઓ તો કમસેકમ નહીં જ મળતી હોય જ્યારે અહીં તો ભારત જેવા વિશાળ અને વિકસીત થવા મથી રહેલા દેશમાં નકલી અને હલકી દવાઓનો કારોબાર એટલો વ્યાપક છે કે આશ્ચર્ય અને આઘાતથી આંખો ફાટી જાય... વાસ્તવમાં સરકાર કે તેના તંત્રને પ્રજાની આવી સુખાકારીની કંઈ ખાસ પડી હોય તેવું લાગતું નથી..બાકી તે એવા આકરા પગલાં લેવા માંડે તો મજાલ છે કે એક કંપની પણ હલકી કે નકલી દવા બનાવે ? ખરેખર તો તંત્ર જ એટલું ભ્રષ્ટ થઈ ગયું છે કે તેની ભ્રષ્ટ નીતિઓને કારણે આવા નકલી દવાઓના સોદાગરોને મોકળું મેદાન મળેલું છે અને તેવો બેખોફ બનીને લાખો લોકોના આરોગ્ય સાથે ખિલવાડ કરી રહ્યા છે.

# ચીનાઓ ભારતને નરમ પડતા જોઈ રહ્યા છે, સૈન્ય પાછા બોલાવી લેવાની 'સહમતિ'ની વાતો ખોખલી

## ચાઈનીઝ મીડિયા અને સોશિયલ પ્લેટફોર્મની સમીક્ષામાં વ્યાપકપણે એવું જોવામાં આવી રહ્યું છે કે, ભારતે ચીન માટે વધુ પડતું સમાધાનકારી વલણ દાખવ્યું છે

ભારત-ચીનના દ્વિપક્ષીય સંબંધોમાં સરહદ વિવાદ એક જટિલ ચમકતું બિંદુ બની રહ્યો છે, જ્યાં રાજનીતિની સૂક્ષ્મતા ઘણીવાર સ્પર્ધાત્મક વાતોથી ઢંકાઈ જાય છે. ચીનના સંરક્ષણ મંત્રાલયે ગયા અઠવાડિયે એક નિવેદનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, બંને દેશો પૂર્વી લદ્દાખમાં સૈનિકોને પાછા બોલાવી લેવા પર 'અમુક સર્વસંમતિ' સાધવા માટે સક્ષમ છે, જે લાંબા સમયથી રાહ જોવાતી સામાન્યકરણની સુવિધા આપી શકે તેવા સંબંધોમાં નરમ વલણ સૂચવે છે. જો કે, આ આશાવાદની સપાટી નીચે અવિશ્વાસ અને ફરિયાદોનું જટિલ જાળું છે. જેવો શિયાળો આવે કે, LAC પર વધુ સૈન્ય જમા થાય છે અને વાસ્તવિકતા યથાવત્ રહે છે: આશાસ્પદ રેટરિક હોવા છતાં ભરોસાની ઊણપ ભારત-ચીન સંબંધોમાં અર્થપૂર્ણ પ્રગતિને અવરોધે છે.



**ભારતના સમાધાનકારક દૃષ્ટિકોણ તરફ ચીનીઓનો સંકેત**

ચાઈનીઝ મીડિયા અને સોશિયલ પ્લેટફોર્મની સમીક્ષામાં વ્યાપકપણે એવું જોવામાં આવી રહ્યું છે કે ભારતે ચીન માટે વધુ પડતું સમાધાનકારી વલણ દાખવ્યુ છે. સમીક્ષકો સૂચવે છે કે, ભારત સરકાર સ્વીકારે છે કે તેનું સંઘર્ષાત્મક વલણ, ઉત્પાદન ક્ષેત્રમાં તેમજ પોતાના જ હિતોને જોખમમાં મૂકી શકે છે. ભારતના આ સંઘર્ષાત્મક વલણથી ચીન સામેની કટ્ટર નીતિઓના નોંધપાત્ર પરિણામોનો સામનો કરવો પડ્યો છે. ચીન પર નિર્ભરતા ઘટાડવાના યુએસ દબાણ વચ્ચે, ગુઆંચાના એક પત્રકારે નોંધ્યું હતું કે, અમેરિકન કંપનીઓ સપ્લાય ચેઈન જોખમોને ઘટાડવા માટે ભારતને સંભવિત ઉત્પાદન કેન્દ્ર તરીકે વધુને વધુ જોઈ રહી છે. જોકે, ચીન સાથેના વેપાર પર ભારતની વધતી નિર્ભરતાને કારણે આ વ્યૂહરચના જટિલ છે. ટીકાકારોએ એક કથિત વિરોધાભાસને પ્રકાશિત કર્યો છે: ચીનના રોકાણથી ભારતની અર્થવ્યવસ્થા મજબૂત થઈ શકે તેવી આશાઓ કાયમ છે, ચીન વિશે ચિંતા વધી રહી છે. આ ગતિશીલતા ચીન દ્વારા ઊભા કરાયેલા ખતરા પર ભારતના ભારને પ્રતિબિંબિત કરે છે, તેમ છતાં તે સક્રિયપણે ચાઈનીઝ રોકાણોની શોધ કરે છે-જેને ચીન કરતાં ભારત તરફથી સામાન્યકરણ માટે વધુ મજબૂત ઝોક તરીકે જોવામાં આવે છે.

ચીની મીડિયામાંની ચર્ચાઓ ઘણીવાર ચીનના ઉત્પાદન વિકલ્પ તરીકે ભારતની સંભવિતતા અંગેનો ઘમંડ હોવાનું દર્શાવે છે. જોકે, વિશ્લેષકો આર્થિક ક્ષેત્રમાં સક્ષમ વિકલ્પ તરીકે સેવા આપવાની ભારતની ક્ષમતા અંગે શંકાસ્પદ છે. ઘણા લોકોની દલીલ છે કે ભારતને તેની ઉત્પાદન ક્ષમતાઓને આગળ વધારવામાં નડતરરુપ પડકારોને ટાંકીને ચીનને પાછળ છોડી દેવા અથવા છેલ્લા ત્રણ દાયકામાં તેની સિદ્ધિઓને સમાન સમયમર્યાદામાં નકલ કરવા માટે સંઘર્ષ કરવો પડશે.

નોંધનીય છે કે, ભારતના વિદેશ પ્રધાન એસ.જયશંકરના 'ભારત હરતા ફરતા ચ્યુઈંગ ગમ ખાઈ શકે છે' જેવા તાજેતરના નિવેદનથી બ્રિક્સ અને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સાથે તેની સંરેખણ જાળવી રાખીને ચીન સાથે સામાન્ય બનવાની ભારતની ઈચ્છાના સંકેત તરીકે અર્થઘટન કરવામાં આવ્યું છે. જો કે, કેટલાકે ચેતવણી આપી છે કે, આ કહેવાતી ' 'ફેન્સ-સીટિંગ ડિપ્લોમસી' ભારતને વધુ નુકસાન પહોંચાડી શકે છે. સિચુઆન યુનિવર્સિટીના સેન્ટર ફોર સાઉથ એશિયન સ્ટડીઝના પ્રોફેસર, કિયુ યોંગહુઈએ એક મીડિયા ટિપ્પણીમાં, ચીન સાથેના સંબંધોને નોંધપાત્ર રીતે પુનઃપ્રાપ્ત કરવાની ભારતની સંભવિતતા અંગેના ઉતાવળા નિવેદનો સામે ચેતવણી આપી હતી. તેમણે નોંધ્યું હતું કે, જે વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એન્જિનિયરિંગ ટેક્નોલોજી સુધારાની આવશ્યકતા છે ત્યાં ભારત ચીન પર ભારે નિર્ભર રહે છે ત્યાં કેટલીક ગોઠવણો સંભવ છે. સિચુઆન ઈન્ટરનેશનલ સ્ટડીઝ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન્સના પ્રોફેસર લોંગ ઝિંગચુને ભારતને દક્ષિણ એશિયામાં તેના ઘટતા પ્રભાવ અંગે ચિંતા સાથે ઝઝૂમી રહેલા પ્રાદેશિક આધિપત્ય તરીકે દર્શાવ્યું હતું. ચીનના વિવેચકોમાં એવી માન્યતા વધી રહી છે કે, તાજેતરના વર્ષોમાં ભારતનું વલણ નરમ પડ્યું છે.

ચાઈના સાથે પ્રાદેશિક વિવાદોના ઉન્નત સંચારને ઝડપથી ઉકેલવામાં ભારતના રસને એક સંકેત તરીકે જોવામાં આવે છે. વધુમાં, ચીની વિશ્લેષકોનું અવલોકન છે કે ભારતીય મીડિયા ચીન-ભારત વાટાઘાટો વિશે વધુને વધુ આશાવાદને પ્રતિબિંબિત કરે છે, જે કદાચ ભારતની વર્તમાન આર્થિક પરિસ્થિતિથી પ્રભાવિત છે. પ્રવચન એ વિચાર વચ્ચે અટવાયેલું છે કે ભારત ક્યારેય ચીનને પકડી શકશે નહીં અને એવી માન્યતા કે ચીને તેના વિરોધીના ઉદયને મદદ કરવી જોઈએ નહીં.

Weibo જેવા પ્લેટફોર્મ પર, વપરાશકર્તાઓ વારંવાર ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નિંદા કરે છે, જેમાં કેટલાક ચીનની ઉચ્ચ કાર્યક્ષમતા, ઓછી કિંમતે તેની બાંધકામની ક્ષમતાઓને સંભવિત ઉકેલ તરીકેની તરફદારી કરે છે.

જો કે, એક ટીકાકારે ભારતમાં રોકાણ કરતી ચીની કંપનીઓ સામે દલીલ કરીને ચેતવણી આપી છે કે, ભારતની ઔદ્યોગિક ક્ષમતાને મદદ કરીને, તેને મજબૂત બનાવવાથી તે ચીન માટે, અમેરિકા કરતાં પણ મોટો ખતરો હશે.

વધુમાં, એક Weibo વપરાશકર્તાએ ધ્યાન દોર્યું કે ચીની રાજ્ય-માલિકીના સાહસો ધરાવે છે. ભારતને તેની સૌથી મોટી સ્ટીલ મેકિંગ બ્લાસ્ટ ફર્નેસ બનાવવામાં મદદ કરવાથી ચીનમાં ઘણા લોકો ગુસ્સે ભરાયા છે. તેઓ માને છે કે આ ભારતની ઔદ્યોગિક પ્રગતિમાં ફાળો આપીને ભવિષ્યમાં ખતરો પેદા કરી શકે છે.

**ચીનનું છળકપટ**

સરહદ વિવાદોથી આગળ દ્વિપક્ષીય સંબંધોના પાસાઓ પર ભાર મૂકવાના ચીનના પ્રયાસો ભ્રામક હોઈ શકે છે. આ વ્યૂહરચના જમીન પરની વાસ્તવિકતાઓને અને ચીનની વાસ્તવિક સ્થિતિને બદલી શકતી નથી. ગયા શુક્રવારે, ચીની પ્રવક્તા લિન જિયાને પુનરોચ્ચાર કર્યો કે, "ઝંગનાન પ્રદેશ એ ચીનનો વિસ્તાર છે અને ભારત માટે ચીનના આ પ્રદેશમાં કહેવાતા અરુણાચલ પ્રદેશની સ્થાપના કરવી તે ગેરકાયદેસર છે. આ મુદ્દે ચીનની સ્થિતિ સુસંગત અને સ્પષ્ટ છે." ચીનના પગલાં ભારત વિશેના તેના શબ્દો સાથે સુસંગત નથી. જ્યારે બેઈજિંગે લાંબા સમયથી નવી દિલ્હીને સરહદ વિવાદની બહારના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી છે, ત્યારે વર્તમાન વાત ચીન દ્વારા સતત વિચ્છેદ સૂચવે છે - જ્યારે ભારતને વ્યાપારી હિતો માટે તેના વલણને સમાયોજિત કરવા આતુર હોય તેમ દર્શાવવામાં આવે છે જે અયોગ્ય લાગે છે. આ પ્રયાસ અંતર્ગત મુદ્દાઓ અને વિવાદના મુદ્દાઓથી વિચલિત કરવા માટે રચાયેલ લાગે છે, જ્યારે ભારત ચીન પ્રત્યે નરમ વલણ અપનાવી રહ્યું છે તેવા ખોટા વર્ણનને પ્રોત્સાહન આપે છે.

**- સના હાશ્મી**

(સૌ. : ધ પ્રિન્ટ.ઈન)

# સનદી અધિકારીઓ અને ન્યાયાધીશોને RSSમાં જોડાવાની મંજૂરી આપવી એ આપણી બિનસાંપ્રદાયિક લોકશાહીને કેવી રીતે અસર કરશે ?



## લોકશાહી અને લઘુમતી અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવેલા અધિકારીઓ, દેશના ઉચ્ચ આદર્શોનો સ્પષ્ટપણે વિરોધ કરતી સંસ્થા પ્રત્યે નિષ્ઠા ધરાવતા હોય તો તેઓ ન્યાયી કેવી રીતે હોઈ શકે?

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાનારા નાગરિક કર્મચારીઓ અને ન્યાયાધીશો પરના દાયકાઓ જૂના પ્રતિબંધને હટાવવાના કેન્દ્ર સરકારના તાજેતરના નિર્ણયની બિનસાંપ્રદાયિક લોકશાહી માટે શું અસર થશે? ભારતીય પ્રજાસત્તાક રાજ્યમાં આ પ્રતિબંધ દૂર કરવાનો નિર્ણય ચર્ચાનો વિષય છે.

આ ચર્ચામાં કઝાકિસ્તાન અને ફિનલેન્ડમાં નિવૃત્ત રાજદ્વારી અને રાજદૂત; અશોક શર્મા, હિંદુત્વ રાષ્ટ્રવાદમાં વિશેષ રસ ધરાવતા લેખક અને પત્રકાર અને નરેન્દ્ર મોદીની ચોક્કસ જીવનચરિત્રના લેખક નિલંજન મુખોપાધ્ય, પત્રકાર, લેખક, સંશોધક, વિદ્વાન અને માઈલસ્ટોન ગીતા પ્રેસ એન્ડ ધ મેકિંગ ઓફ હિંદુ ઈન્ડિયાના લેખક; અક્ષયમુકુલ અને શાંતિ અને ન્યાય કાર્યકર અને લેખક હર્ષ મંદરે ભાગ લીધો હતો.

આ ચર્ચા RSSની પ્રકૃતિ, સ્વભાવ અને તેની અનેક અન્ય સંસ્થાઓ દ્વારા પ્રતિબિંબિત થાય છે, જેને આપણે સંઘ પરિવાર કહીએ છીએ. અમે બધા સંમત થયા કે આરએસએસ એક સાંસ્કૃતિક સંગઠન છે અને રાજકીય સંગઠન નથી તેવા દાવા સાથે આ નિર્ણયનો સત્તાવાર બચાવ એક જુઠ્ઠાણું છે. પેનલના સભ્યોએ ધાર્મિક અને જાતિ લઘુમતીઓના બંધારણીય અધિકારો – જેમાં જીવન, મિલકત અને પૂજા સહિતના રક્ષણ માટે નાગરિક વહીવટકર્તાઓ, પોલીસ અને ન્યાયતંત્રની સર્વોચ્ચ ફરજોને દર્શાવી હતી. આમાં સઘન માનવતાવાદી ઔચિત્ય અને બંધારણનું પાલન સામેલ છે. જાતિ, ધર્મ, લિંગ એ ભારતીય સમાજનું નિર્ણાયક અંગ છે તે સ્વીકારતા સહભાગીઓએ સરકારી આદેશ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. જે અધિકારીઓ અને ન્યાયાધીશોને બિનસાંપ્રદાયિક લોકશાહી અને લઘુમતી અધિકારોની રક્ષા કરવાનું કામ સોંપવામાં આવે છે, તેઓ સ્પષ્ટપણે આ બિનસાંપ્રદાયિક લોકશાહીનો વિરોધ કરતી સંસ્થા પ્રત્યે તેમની નિષ્ઠા જાહેર કરે તે અયોગ્ય છે.

- (સૌ. : સ્ક્રોલ.ઈન)

### ટોઈલેટ સીટ ઉપર ટેક્સ અંગે વિવાદ !

# વર્તમાન સરકાર દ્વારા આવી કોઈ સૂચના જારી કરવામાં આવી નથી

(એજન્સી) શિમલા,તા.૪

હિમાચલ પ્રદેશમાં ટોયલેટ સીટોની સંખ્યાના આધારે સીવરેજ ટેક્સ લાદવા અંગે મીડિયામાં ચાલી રહેલા સમાચારો અંગે રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી છે. હિમાચલ પ્રદેશના જલ શક્તિ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં એવા અહેવાલોને રદિયો આપવામાં આવ્યો છે કે ઘરોમાં સ્થાપિત શૌચાલય બેઠકોની સંખ્યાના આધારે ગટર જોડાણો આપવામાં આવશે. વિભાગ સ્પષ્ટતા કરે છે કે વર્તમાન સરકાર દ્વારા આવી કોઈ સૂચના જારી કરવામાં આવી નથી. પહેલાની જેમ ગટર જોડાણો આપવાનું ચાલુ રહેશે. જલ શક્તિ વિભાગે તેના નિવેદનમાં કહ્યું છે કે, 'અમારો ઉદ્દેશ ૧૦૦ ટકા કનેક્ટિવિટી હાંસલ કરવાનો છે, જેથી પ્રદૂષણ ઘટાડી શકાય અને ગટર વ્યવસ્થા સુનિશ્ચિત કરી શકાય. તાજેતરમાં, માત્ર પાણીના શુલ્કને લઈને નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે, જ્યારે અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

ઉલ્લેખનીય છે કે, ઘણા મીડિયા આઉટલેટ્સે અહેવાલો પ્રકાશિત કર્યા હતા કે સુખવિંદર સિંહ સુખુના નેતૃત્વવાળી હિમાચલ પ્રદેશ સરકારે પર્વતીય રાજ્યમાં ટોઈલેટ સીટ ટેક્સ લાદવાનો નિર્ણય કર્યો છે. આ નવી નીતિ હેઠળ હિમાચલ પ્રદેશના લોકો પાસેથી તેમના ઘરોમાં ટોયલેટ સીટની સંખ્યાના આધારે દર મહિને ૨૫ રૂપિયાનો સીવરેજ ટેક્સ લેવામાં આવશે. જોકે, સુખવિંદર સિંહ સુખુના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકારે આ અહેવાલોને નકારી કાઢ્યા છે.

મહત્વપૂર્ણ છે કે હિમાચલ પ્રદેશ હાલમાં આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. ગત મહિને રાજ્યના કર્મચારીઓના પગાર અને પેન્શનરોનું પેન્શન સમયસર રિલીઝ થઈ શક્યું ન હતું અને તેમાં ૫ દિવસનો વિલંબ થયો હતો. ઓગસ્ટમાં, સીએમ સુખુએ જાહેરાત કરી હતી કે તેઓ અને રાજ્યના મુખ્ય સંસદીય સચિવ આગામી બે મહિના માટે તેમના પગાર અને ભથ્થાં નહીં લે. તેમણે વિધાનસભાના અન્ય સભ્યોને પણ સ્વેચ્છાએ તેમના પગાર અને ભથ્થાં છોડી દેવા અને રાજ્યને આ આર્થિક સંકટનો સામનો કરવામાં મદદ કરવા અપીલ કરી હતી.

### ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં હજારો લોકોનાં મોત

# પશ્ચિમ એશિયામાં વધતા જતા તણાવને લઈ મોદીએ કેબિનેટ સમિતિની બેઠક યોજી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ઈરાને ઈઝરાયેલ પર હુમલો કર્યા બાદથી પશ્ચિમ એશિયામાં સતત તણાવ વધી રહ્યો છે. મધ્ય-પૂર્વ ક્ષેત્રમાં નવા તણાવ વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠક યોજી હતી. સૂત્રોએ જણાવ્યું કે, ત્યાં વધી રહેલા તણાવ અને ભારત પર તેની સંભવિત અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી. કેબિનેટની બેઠક પહેલા કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)ની બેઠક યોજાઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે પીએમ મોદીની આગેવાની હેઠળની બેઠકમાં પશ્ચિમ એશિયામાં વધી રહેલા સંકટ અને ભારત પર તેની સંભવિત અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગલ્ફ રિજનમાં વધી રહેલા સંકટને કારણે ભારતમાં ક્રૂડ ઓઈલના પુરવઠાને અસર થવાની અને આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતો વધવાની શક્યતા છે. તેનાથી ભારત સાથેના વેપાર પર પણ અસર પડી શકે છે. ભારતે મધ્ય પૂર્વ ક્ષેત્રમાં વધી રહેલા સંઘર્ષ અને વધતા યુદ્ધ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સંબંધિત પક્ષોને સંયમ રાખવાનો અનુરોધ પણ કર્યો છે. ભારતે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, આ સંઘર્ષ વ્યાપક સ્વરૂપ લેવો જોઈએ નહીં. તેમણે તમામ મુદ્દાઓને વાતચીત અને કૂટનીતિ દ્વારા ઉકેલવા માટે પણ આહ્વાન કર્યું છે. બીજી તરફ પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવને જોતા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) એ બુધવારે ઈમરજન્સી બેઠક બોલાવી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂતે કહ્યું કે, તેમના દેશે ઈઝરાયલ પર લગભગ ૨૦૦ મિસાઈલો છોડી, જેથી ઈઝરાયેલની હિંસા રોકી શકાય. આ સિવાય ઈઝરાયલના રાજદૂતે આ હુમલાને અભૂતપૂર્વ આક્રમકતા ગણાવી હતી. ઈરાનના હુમલા બાદ ઈઝરાયલે પણ બદલો લેવાની વાત કરી છે. ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહુએ પણ જવાબી કાર્યવાહી કરવા ધમકી ઉચ્ચારી હતી. હાલમાં ઈઝરાયેલ આતંકવાદીઓ સાથે બે મોરચે લડી રહ્યું છે. જ્યારે તે લેબનોનમાં હિઝબુલ્લાહ વિરુદ્ધ ગ્રાઉન્ડ લેવલ ઓપરેશન કરી રહ્યું છે, ત્યારે તે ગાઝા પટ્ટીમાં પણ સતત હુમલાઓ કરી રહ્યું છે. ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે. મૃત્યુ પામેલાઓમાં બાળકો અને મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

### લાખો રૂપિયા લઈને ભરતી પણ કરી

# લ્યો બોલો ! હવે ભેજાબાજોએ ઊભી કરી દીધી નકલી બેંક

**છત્તીસગઢના સક્તી જિલ્લાના છપોરા ગામમાં ઠગોએ SBIની નકલી બ્રાન્ચ ખોલીને લાખોની છેતરપિંડી આચરી**

(એજન્સી) રાયપુર, તા.૪

છત્તીસગઢમાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. છત્તીસગઢમાં ઠગોએ SBI બેંકની જ નકલી બ્રાન્ચ શરૂ કરી દીધી. એટલું જ નહીં, આ ઠગોએ લાખો રૂપિયા લઈને ઉમેદવારોને નકલી નિમણૂંક પત્રો પણ આપી દીધા. આ મામલે પોલીસે ત્રણ શખ્સો સામે નામજોગ ફરિયાદ દાખલ કરી છે. જોકે, હાલ તમામ આરોપીઓ ફરાર છે. પોલીસનું કહેવું છે કે કોરબા અને કવર્ધાના ઘણા લોકો સાથે લાખોની છેતરપિંડી આચરવામાં આવી છે.

આ કૌભાંડનો ખુલાસો ત્યારે થયો જ્યારે મનોજ અગ્રવાલ નામના વ્યક્તિ કિસ્યોસ્ક બ્રાન્ચ ખોલવા માટે અરજી કરવા પહોંચ્યા હતા. જ્યારે તેમણે છપોરા ગામમાં SBIની બ્રાન્ચ જોઈ ત્યારે તેમને થોડી શંકા ગઈ હતી. જ્યારે તેમણે તપાસ કરી તો જાણવા મળ્યું કે આ બ્રાન્ચ અસલી નહીં, પરંતુ નકલી છે. જે બાદ તેમણે આ અંગેની જાણ ડભરા બ્રાન્ચના અધિકારીઓને કરી હતી. જેથી અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. અધિકારીઓએ આ મામલે વધુ તપાસ કરી તો જાણવા મળ્યું કે નકલી બેંકમાં કામ કરનારા કર્મચારીઓને નકલી નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા અને તેમને ટ્રેનિંગના નામે અહીં બેસાડવામાં આવ્યા હતા. જ્યારે પોલીસે અહીં દરોડો પાડ્યો ત્યારે કથિત બેંક મેનેજર ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન કોઈપણ પ્રકારના બેંક સાથે સંબંધિત ડોક્યુમેન્ટ મળ્યા નથી. પોલીસે કોમ્પ્યૂટર સિસ્ટમ અને હાર્ડ ડિસ્કને જપ્ત કરી છે. SDOP મનીષ કુમાર ધ્રુવે જણાવ્યું કે, પોલીસે ત્રણ આરોપીઓ સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. તમામ આરોપીઓની શોધખોળ કરવામાં આવી રહી છે. આ નકલી બેંકની બ્રાન્ચ માટે ઘણા લોકો પાસેથી લાખો રૂપિયા લઈને તેમને નોકરી આપવામાં આવી હતી. સંગીતા કવર નામની મહિલા પાસેથી ૨.૫૦ લાખ રૂપિયા, લક્ષ્મી યાદવ પાસેથી ૨ લાખ રૂપિયા, પિન્ટુ મરાવી પાસેથી ૫.૮૦ લાખ રૂપિયા અને પરમેશ્વર રાઠોડ પાસેથી ૩ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. આ તમામ લોકોને નકલી નિમણૂક પત્રો પકડાવીને તેમની સાથે ટ્રેનિંગના નામે છેતરપિંડી આચરવામાં આવી હતી.

### હદીસ બોધ

અનાજ વેડફો નહીં, દુષ્કાળના વર્ષો માટે તેને સાચવી રાખો.

- હદીસ બોધ

### બોધ વચન

કાર્ય એ રીતે કરો કે જેથી નિષ્ફળતા શક્ય બની જાય.- દોરોથિયા બ્રાન્ડે

### આજની આરસી

૫ ઓક્ટોબર શનિવાર ૨૦૨૪
૧ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો સુદ ત્રીજ સંવત ૨૦૮૦

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૪ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૮ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૨૪ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

### અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ

**અમલ સે જિંદગી બનતી હૈ, જન્નત ભી, જહન્નમ ભી**
**યે ખાકી અપની ફિતરત મેં નૂરી હૈ ન નારી હૈ**

માટીના માનવીની પૈદાઈશ કોઈ ચોક્કસ ધર્મમાં, ચોક્કસ દેશમાં કે કુટુંબમાં થવાને લીધે જ તેના માટે જન્નત કે જહન્નમ નક્કી નથી થતા. માનવીના કર્મોથી તે સુખ કે દુઃખ મેળવે છે. સારા નેક કર્મો કર્યા હોય તો તે જન્નતી બને છે. બૂરા કામોને લીધે તે જહન્નમમાં જાય છે. ઈમાન સાથે નેક આમાલ કરવાનું કવિ જણાવે છે. - (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# NCWLએ દલિત મહિલાઓના સંઘર્ષને ઓછો દર્શાવવા માટે કંગના રણૌતની ટીકા કરી, તેના પર જાતિ હિંસા પ્રત્યે ઈરાદાપૂર્વક અંધત્વ હોવાનો આરોપ મૂક્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

નેશનલ કાઉન્સિલ ઓફ વુમન લીડર્સ (NCWL)એ ૩૦ ઓગસ્ટના રોજ પ્રસારિત મીડિયા ચેનલ લલનટોપ સાથેની મુલાકાત દરમિયાન બોલિવૂડ અભિનેત્રી અને સાંસદ કંગના રણૌતની તાજેતરની ટિપ્પણીઓ માટે જાહેરમાં નિંદા કરી છે. કાઉન્સિલે જાહેર માફી માંગવાની અને તેમના નિવેદનો પાછા ખેંચવાની માંગ કરી છે, જેને તેઓ ખૂબ ખલેલ પહોંચાડનારા અને સામાજિક રીતે ઝેરી તરીકે વર્ણવે છે. ઈન્ટરવ્યુમાં, રણૌતે ભારતમાં દલિત મહિલાઓ સામે હિંસા સંબંધિત ટિપ્પણીઓ કરી હતી, જે NCWL દલીલ કરે છે કે તે માત્ર ગેરમાર્ગે દોરનારી નથી પણ નુકસાનકારક પણ છે. દલિત અને આદિવાસી મહિલાઓનું પ્રતિનિધિત્વ કરતી કાઉન્સિલે વ્યક્ત કર્યું હતું કે તેમના નિવેદનોએ દલિત મહિલાઓને વાંધો ઉઠાવ્યો હતો અને ખાસ કરીને ખેડૂતોના વિરોધના સંબંધમાં દુરૂપયોગી વર્ણનો ને પ્રોત્સાહન આપ્યું હતું. તે દાવો કરે છે કે આ ટિપ્પણીઓ ક્રૂર અને પ્રણાલીગત હિંસાને નબળી પાડે છે જેનો દલિત મહિલાઓએ ઐતિહાસિક રીતે સામનો કર્યો છે અને સતત સામનો કરવો પડી રહ્યો છે. NCWLએ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના આઘાતજનક ડેટા સાથે તેની નિંદાને સમર્થન આપ્યું હતું. ૨૦૨૧માં મહિલાઓ સામે બળાત્કારના ૩,૮૯૩ કેસ નોંધાયા હતા, જેમાં ૧,૨૮૫ દલિત સગીર છોકરીઓ સામેલ હતી. કાઉન્સિલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ આંકડા માત્ર સંખ્યાઓ નથી; આ અસંખ્ય મહિલાઓની વિનાશક વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે છે જેમણે જાતિ આધારિત હિંસાનો સામનો કર્યો છે.

કાઉન્સિલે જ્ઞાતિ અત્યાચારો વિશે બેદરકારીથી બોલતા રણૌત જેવી હસ્તીઓના ખતરનાક અસરો પર પ્રકાશ પાડ્યો હતો. NCWLએ તેમના પર એવી માનસિકતા હોવાનો આરોપ મૂક્યો હતો કે જે ન્યાયના હિમાયતીઓ કરતાં જાતિ હિંસા કરનારાઓ સાથે વધુ સંકળાયેલી છે. નિવેદન અનુસાર, રણૌત દલિત મહિલાઓ દ્વારા થતી હિંસા પ્રત્યે ઈરાદાપૂર્વક



અંધ હોવાનું જણાય છે, તેમના સંઘર્ષની ગંભીરતાને અવગણવાનું અથવા ખોટી રીતે રજૂ કરવાનું પસંદ કરે છે.

ટીકામાં, NCWLએ કંગના રણૌતના ગૃહ રાજ્ય હિમાચલ પ્રદેશનો ઉલ્લેખ કર્યો, જેમાં અનુસૂચિત જાતિની નોંધપાત્ર વસ્તી છે (૨૦૧૧ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી મુજબ ૨૫.૨૨%). એકલા ૨૦૨૨માં, રાજ્યમાં જાતિ આધારિત અત્યાચારના ૧,૬૦૦થી વધુ કેસ નોંધાયા હતા. કાઉન્સિલે દલીલ કરી હતી કે રનૌતનો જાતિ આધારિત વસ્તીગણતરી સામેનો વિરોધ તેની સહાનુભૂતિ અને જાતિ આધારિત હિંસા પ્રત્યેની સમજણના અભાવને પ્રતિબિંબિત કરે છે, તેણીને નાજુક અને ઉદ્ધત વિશ્વ દૃષ્ટિકોણ હોવાનો આરોપ મૂક્યો હતો.


NCWLએ માંગ કરી છે કે રણૌત તેની ટિપ્પણી માટે જાહેરમાં માફી માંગે અને દલિત મહિલાઓના મુદ્દાઓ વિશે તેની અપૂરતી જાણકારી સ્વીકારે. તેણીએ તેમને દલિત મહિલાઓના ઈતિહાસ અને દૈનિક સંઘર્ષો વિશે પોતાને શિક્ષિત કરવા અને તેમના શબ્દોની ગંભીરતાને સમજવા માટે જરૂરી સહાનુભૂતિ વિકસાવવા વિનંતી કરી. સીધી અપીલમાં, કાઉન્સિલે રણૌતને ભારતમાં દલિત મહિલાઓના અસ્તિત્વને વ્યાખ્યાયિત કરતા અંધકાર અને ભયાનકતા વિશે જાણવા આમંત્રણ આપ્યું. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવી સમજણ વિના, તે તેના શબ્દોથી થતા નુકસાનની સંપૂર્ણ હદ સમજી શકતી નથી. રણૌતને સંબોધિત કરવા ઉપરાંત, NCWLએ દલિત મહિલાઓને લગતા મુદ્દાઓને આવરી લેતા મીડિયા આઉટલેટ્સને વધુ જવાબદારી નિભાવવા હાકલ કરી હતી. તેમણે મીડિયાને વિનંતી કરી કે જાહેર વ્યક્તિઓ દ્વારા કાયમી હાનિકારક જાતિય રૂઢીવાદને પ્રોત્સાહન આપવાને બદલે દલિત પ્રતિનિધિઓના અવાજો અને વાર્તાઓને પ્રાધાન્ય આપો. કાઉન્સિલે પુનરોચ્ચાર કર્યો કે દલિત મહિલાઓની ગરિમા સર્વોચ્ચ મહત્વ ધરાવે છે, અને તેઓ કોઈને પણ-પછી ભલે તે મીડિયા વ્યક્તિઓ હોય કે સેલિબ્રિટીઓ- તેને ક્ષીણ કરવા દેશે નહીં. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બાકાત અને ખોટી રજૂઆત છતાં દલિત મહિલાઓ ટકી રહી છે અને પ્રગતિ કરી છે અને તેમનો સંકલ્પ મજબૂત છે. તેના નિવેદનમાં, NCWLએ લોકોને દલિત મહિલાઓ વિરૂદ્ધ જાતિ આધારિત હિંસાના લાંબા ઈતિહાસની પણ યાદ અપાવી. તેણે ૨૦૨૦ હાથરસ કેસનો સંદર્ભ આપ્યો, જ્યાં એક દલિત મહિલા પર નિર્દયતાથી હુમલો કરવામાં આવ્યો હતો અને તેના મૃત્યુ પછી પણ તેને સન્માન આપવામાં આવ્યું ન હતું. તેમણે એવા ઘણા કિસ્સાઓ તરફ પણ ધ્યાન દોર્યું કે જ્યાં દલિત વિદ્યાર્થીઓ, ડોક્ટરો અને સ્ટાફ જ્ઞાતિના અત્યાચારને કારણે મૃત્યુ પામ્યા છે અને સત્તામાં રહેલા લોકો દ્વારા તેમના મૃત્યુને ઘણીવાર આત્મહત્યા તરીકે નકારી કાઢવામાં આવે છે. કાઉન્સિલે જણાવ્યું હતું કે, દલિત સગીર છોકરીઓ પર ફક્ત શિક્ષણ, આજીવિકા અથવા પાણી જેવા મૂળભૂત સંસાધનોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવા માટે હુમલો, બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ઘટનાઓ અલગ-અલગ નથી, પરંતુ માળખાકીય હિંસાની વ્યાપક પદ્ધતિ નો એક ભાગ છે જે ભારતીય સમાજને સતત ત્રાસ આપે છે.

# બ્રેડમેનનો એક દિવસમાં સૌથી વધુ રનનો રેકોર્ડ ૯૪ વર્ષ બાદ પણ તૂટ્યો નથી

## ટેસ્ટમાં એક દિવસમાં ચાર બેટ્સમેનોએ સૌથી વધુ રન બનાવ્યા છે

નવી દિલ્હી, તા.૪

ટેસ્ટ ક્રિકેટમાં અનેક દિગ્ગજોનું વર્ચસ્વ રહ્યું છે, જેમણે રનોનો ખડકલો કરી દીધો છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે રન બનાવવાનો રેકોર્ડ ભારતના સચિન તેન્ડુલકરના નામે છે પણ આજે આપણે ટેસ્ટ મેચના એક દિવસમાં સૌથી વધારે રન બનાવનાર બેટ્સમેનોની વાત કરીશું.



**ડોન બ્રેડમેન - ઓસ્ટ્રેલિયા :-**

વન-ડે ક્રિકેટના સૌથી શાનદાર બેટ્સમેનોમાંથી એક રહેલા ઓસ્ટ્રેલિયાના ડોન બ્રેડમેનના નામે ટેસ્ટ મેચના એક દિવસમાં સૌથી વધારે રન બનાવવાનો રેકોર્ડ છે. તેમણે આ રેકોર્ડ ૧૯૩૦માં લીડ્સમાં બનાવ્યો હતો. બ્રેડમેને એક દિવસમાં ૩૦૯ રન બનાવ્યા હતા. ૯૪ વર્ષ બાદ પણ આ રેકોર્ડ તૂટ્યો નથી.

# બોલિંગ કોચ મોર્ને મોરકલ હાર્દિક પંડ્યાથી ખુશ નથી

ગ્વાલિયર, તા.૪

બાંગ્લાદેશ વિરૂદ્ધ ત્રણ ટી ૨૦ મેચોની સીરીઝ માટે ઓલરાઉન્ડર હાર્દિક પંડયાનું ટીમ ઈન્ડિયામાં પુનરાગમન થયું છે. પ્રથમ ટી ૨૦ મેચ માટે હાર્દિક પંડયાએ નેટ્સમાં ખૂબ પરસેવો પાડયો હાર્દિકે બેટીંગ બાદ બોલિંગમાં પણ ખૂબ મહેનત કરી પણ બોલિંગ કોચ મોર્ને મોરકલ ભારતીય ઓલરાઉન્ડરથી ખુશ નથી મોરક્કો નેટ્સમાં બોલિંગ દરમ્યાન હાર્દિક પર નજર રાખી રહ્યા હતા. રિપોર્ટ અનુસાર હાર્દિક જ્યારે નેટ્સમાં બોલિંગ કરી રહ્યો હતો તેની વારંવાર એક જ ભૂલ થઈ રહી હતી જો કે મોરકલે તેની સાથે વાત કરી અને તેની ભૂલ બતાવી હતી. બાદ હાર્દિકે પોતાની ભૂલ સુધારી લીધી હતી.

# 'પાકિસ્તાન ક્રિકેટ ICUમાં છે...' : નેતૃત્વ સંકટ વચ્ચે પૂર્વ મહાન ખેલાડીએ બાબર આઝમની ટીકા કરી

નવી દિલ્હી, તા.૪

બાબર આઝમે મંગળવારે મોટો ધડાકો કરતા સોશિયલ મીડિયા પર એક નિવેદન દ્વારા કેપ્ટનશીપમાંથી રાજીનામું આપી દીધું છે. ટી-૨૦ વિશ્વકપ ૨૦૨૪ના નોક આઉટ રાઉન્ડ સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યા બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ઘણા વર્ષોમાં પોતાના સૌથી નીચલા સ્તરે છે. ઘરેલુ મેદાન પર બે મેચોની ટેસ્ટ સિરીઝમાં બાંગ્લાદેશ સામે થયેલા પરાજય બાદ બાબરે પાકિસ્તાનની કેપ્ટનશીપ છોડી પૂરી રીતે બોટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો. પૂર્વ કપ્તાન રાશિદ લતીફે બાબર આઝમના નિર્ણયના ટાઈમિંગ પર સવાલ ઊઠાવ્યો છે. જ્યારે ઈંગ્લેન્ડના ત્રણ મેચોની ટેસ્ટ



સિરીઝ માટે પહોંચવાના ત્રણ દિવસ પહેલા જ બાબર આઝમે આ નિર્ણય કર્યો હતો. એવા સમયે જ્યારે કપ્તાન વિહીન જહાજને પોતાના કપ્તાનની સૌથી વધારે જરૂર છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે અમુક આકરા નિર્ણય લેવા પડશે. ૨૦૨૩ વન-ડે વિશ્વકપમાં પાકિસ્તાનના જલ્દી બહાર થયા બાદ બાબરે કેપ્ટનશીપ છોડી દીધી હતી અને માર્ચમાં એકવાર ફરી તેને કપ્તાન બનાવાયો હતો. જો કે, બીજા કાર્યકાળ અમેરિકામાં રમાયેલ ટી-૨૦ વિશ્વકપ દરમ્યાન વધુ એક ખરાબ પ્રદર્શન થયું. રાશિદ લતીફે એએફપીને કહ્યું કે, આ નેતૃત્વ સંકટ છે. પાકિસ્તાન ક્રિકેટ આઈસીયુમાં છે અને સારવાર માટે કોઈ નિષ્ણાત નથી. તેણે ફરીવાર કેપ્ટનશીપ સ્વીકારવી જોઈતી ન હતી. તેમણે કહ્યું કે, ના તો ટીમ સારૂં પ્રદર્શન કરી રહી હતી અને ના તો તે મોટો સ્કોર બનાવી રહ્યો હતો. આ રાજીનામું ખૂબ જ વિલંબથી આવ્યું છે અને આનાથી ના ફક્ત તેને ટીમને પણ નુકસાન થયું છે.

## 'બાદશાહ સલામત' ગેરી કર્સ્ટનનો પર્દાફાશ

# બાબર આઝમે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મુશ્કેલીમાં મૂકી દીધું : બાસિત અલી

કરાચી, તા.૪

બાબરની કેપ્ટનશીપ છોડ્યા બાદ પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર બાસિત અલીએ સીમિત ઓવર ટીમના હેડ કોચ ગેરી કર્સ્ટનની ઝાટકણી કાઢી છે. તેણે દ.આફ્રિકાના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન કર્સ્ટનને કટાક્ષમાં બાદશાહ સલામત કહ્યો છે. બાસિત અલીએ કહ્યું કે, બાબર આઝમે કેપ્ટનશીપ છોડી હાલ પીસીબીને મુશ્કેલીમાં મૂકી દીધું છે. બાદશાહ સલામત તેની સાથે રમત રમી રહ્યા હતા. બાદશાહ સલામત કોણ ? ગેરી કર્સ્ટન. બેક ડોર ડિપ્લોમેસીમાં જે મીટિંગ થઈ હતી, બધાનો પર્દાફાશ થઈ ગયો. જો મો. રિઝવાન કેપ્ટનશીપ લેવાનો ઈન્કાર કરે છે, આમ તો તેણે ઈન્કાર કરવો જોઈએ નહીં. જો ના પાડે છે તો પ્રથમ ચોઈસ ફખર જમાન છે. બાકી જે ખેલાડીઓના નામ લેવાઈ રહ્યા છે, તેમનું તો ટીમમાં સ્થાન પણ નિશ્ચિત નથી. તેનાથી સારૂં છે સઈમ અયુબ સાથે વાત કરો. બાદશાહ સલામત થોડી અક્કલનો ઉપયોગ કરો. પૂર્વ ક્રિકેટરે કહ્યું



કે, જો પીસીબી ચીફ મોહસીન નકવી કોઈ સારૂં કામ કરવા માંગે છે તો ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરીઝ પહેલા સીમિત ઓવરોના કપ્તાનની જાહેરાત કરે. આ મફત સલાહ આપી રહ્યો છું. લોકો પૈસા લઈને તમને સલાહ આપે છે પણ હું મફતમાં આપી રહ્યો છું. જો પાકિસ્તાન ક્રિકેટને બચાવવું હોય તો ઈંગ્લેન્ડ સિરીઝ પહેલા કપ્તાનની જાહેરાત કરો.

## માર્ક બાઉચર ૫૩૨ કેચ સાથે પ્રથમ સ્થાને

# ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધારે કેચ ઝડપનાર ૧૦ વિકેટકીપર

નવી દિલ્હી, તા.૪

ક્રિકેટની રમતમાં વિકેટકીપરની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની હોય છે. વિશ્વમાં ઘણા વિકેટકીપર થઈ ગયા. જેમણે વિકેટકીપિંગની સાથે-સાથે બેટિંગમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું છે. અહિંયા આપણે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધારે કેચ ઝડપનારા ૧૦ વિકેટકીપર પર એક નજર કરીએ. આ લિસ્ટમાં પ્રથમ સ્થાને દ.આફ્રિકાના માર્ક બાઉચરનું છે જેમણે ૧૪૭ ટેસ્ટમાં સૌથી વધારે ૫૩૨ કેચ ઝડપ્યા છે. ઓસ્ટ્રેલિયાના એડમ ગિલક્રિસ્ટે ૯૬ ટેસ્ટ મેચ રમી છે જેમાં ૩૭૯ કેચ ઝડપ્યા છે. ઓસ્ટ્રેલિયાના જ ઈયાન હિલીએ પોતાની કારકિર્દીમાં ૧૧૯ ટેસ્ટ મેચ રમી જેમાં તેમણે ૩૬૬ કેચ ઝીલ્યા છે. ઓસ્ટ્રેલિયાના રોડ માર્શે કુલ ૯૬ ટેસ્ટ પોતાની કારકિર્દીમાં રમી જેમાં તેમણે ૩૪૩ કેચ પકડ્યા છે. વેસ્ટઈન્ડિઝના જેફ ડુજોને ૮૧ ટેસ્ટ રમી છે જેમાં તેમણે ૨૬૫ કેચ ઝડપ્યા છે. ઓસ્ટ્રેલિયાના બ્રેડ હેડીને ૨૦૦૮થી ૨૦૧૫ સુધી ૬૬ ટેસ્ટ મેચ રમી છે જેમાં તેમણે ૨૬૨ કેચ ઝડપ્યા છે. ન્યુઝીલેન્ડના વોટલિંગે પોતાની કારકિર્દીમાં રમેલી ૭૫ ટેસ્ટ મેચમાં ૨૫૭ શિકાર કર્યા છે. ભારતના એમ.એસ. ધોનીએ ૨૦૦૫થી ૨૦૧૪ દરમ્યાન કુલ ૯૦ ટેસ્ટ મેચ રમી જેમાં તેણે ૨૫૬ કેચ પકડ્યા છે. ઈંગ્લેન્ડના એલન નોટે ૯૫ ટેસ્ટ રમી છે જેમાં તેમણે ૨૫૦ કેચ ઝડપ્યા છે. ઈંગ્લેન્ડના જ મૈટ પ્રાયરે પોતાની કારકિર્દીમાં ૭૯ ટેસ્ટ મેચ રમી છે જેમાં ૨૪૩ શિકાર કર્યા છે.

# ઈતિહાસકાર શૈલજા પાઈક US જીનિયસ ગ્રાન્ટ મેળવનાર પ્રથમ દલિત બની, કહે છે કે તે દલિત અધ્યયનના યોગદાનની અદ્‌ભૂત યાદ અપાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

શૈલજા પાઈકે, એક દલિત મહિલા વિદ્વાન એ ૮૦૦,૦૦૦ ડોલરની મેકઆર્થર ફેલોશિપ, પ્રતિભાશાળી જીનિયસ ગ્રાન્ટ જીતી છે.આધુનિક ભારતમાં દલિત અભ્યાસ, લિંગ અને લૈંગિકતા પર ધ્યાન કેન્દ્રિત કરતા તેના વ્યાપક જ્ઞાન અને સંશોધન માટે પ્રતિષ્ઠિત અમેરિકન ફેલોશિપ મેળવનાર તે પ્રથમ દલિત તરીકે ઉભરી આવી. મહારાષ્ટ્રમાં ગરીબ દલિત પરિવારમાં જન્મેલી શૈલજાનો હેતુ જાતિ, લિંગ અને વંશીય ભેદભાવને નાબૂદ કરવાનો છે. ફેલોશિપ તેને તેના સંશોધનને વિસ્તૃત કરવા અને સમગ્ર વિશ્વમાં જાતિ અને સામાજિક ન્યાય પર કામ કરતા સાથીદારો સાથે સહયોગ કરવાની મંજૂરી આપશે.તેણે ધ પ્રિન્ટને જણાવ્યું,દલિતોએ તેમનું લોહી અને જીવન આપ્યું છે, અને મને આશા છે કે બિન-દલિતો દલિતોની સાથે ઊભા રહેશે અને



દક્ષિણ એશિયામાં અને તેની બહાર જાતિ, લિંગ અને વંશીય ભેદભાવ સામે લડશે. વધુમાં, પાઈકે ફેલોશિપના મૂલ્ય અને તે કેવી રીતે દલિત સમુદાયને ઉત્થાન આપે છે તેના પર ભાર મૂક્યો હતો. તે દલિત અધ્યયનના યોગદાનની અદ્‌ભુત યાદ અપાવે છે, તેમજ હું, એક દલિત મહિલા વિદ્વાન, જ્ઞાનના વિવિધ ક્ષેત્રો તેમજ સામાજિક ન્યાય અને માનવાધિકાર પર વૈશ્વિક વાર્તાલાપ કરૂં છું.પાઈક સિનસિનાટી, યુએસએ ખાતે હિસ્ટ્રી, વિમેન્સ, જેન્ડર અને સેક્સ્યુઆલિટી સ્ટડીઝમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કામ કરે છે. ૮૦૦,૦૦૦ ડોલરનો મેકઆર્થર ફેલો પ્રોગ્રામ અસાધારણ સર્જનાત્મક વ્યક્તિઓને એનાયત કરવામાં આવે છે જેઓ તેમના અગ્રણી કાર્યથી સમાજને પ્રભાવિત કરે છે. દર વર્ષે, જહોન ડી. અને કેથરીન ટી. મેકઆર્થર ફાઉન્ડેશન આ અનુદાન સાથે ૨૦ થી ૩૦ વ્યક્તિઓને સન્માનિત કરે છે. ફેલો અરજી કરતા નથી અથવા ઈન્ટરવ્યુ લે છે પરંતુ તેમના શૈક્ષણિક વ્યવસાયોને આગળ વધારવા માટે પાંચ વર્ષમાં પ્રખ્યાત અનુદાન પ્રાપ્ત કરવા માટે તેમના સાથીદારો દ્વારા સમર્થન આપવામાં આવે છે. આ વર્ષે આ કાર્યક્રમ માટે ૨૨ ફેલોમાંથી પાઈકની પસંદગી કરવામાં આવી હતી. પાઈકે સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી. તેણી પીએચડી પૂર્ણ કરવા ફોર્ડ ફાઉન્ડેશન ગ્રાન્ટની સહાયથી યુકેની વોરવિક યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો હતો. દલિત સમુદાય ૨૫ વર્ષથી તેમના સંશોધન અને લેખનનું કેન્દ્ર છે. ઈતિહાસકાર પુણે શહેરમાં તેની ત્રણ બહેનો સાથે એક ઓરડાના મકાનમાં ઉછરી હતી. તેના પિતા, દેવરામ એફ. પાઈક, તેમના વિસ્તારમાંથી સ્નાતકની ડિગ્રી મેળવનાર પ્રથમ દલિત પુરૂષ હતા. દરમિયાન, પાઈકને અગાઉ ફ્રેડરિક બર્કહાર્ટ ફેલોશિપ, સ્ટેનફોર્ડ હ્યુમેનિટીઝ સેન્ટર ફેલોશિપ, અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયન સ્ટડીઝ ફેલોશિપ અને લ્યુસ ફાઉન્ડેશન ફેલોશિપથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેણીને તેના પુસ્તક, ધ વલ્ગારિટી ઓફ કાસ્ટઃ દલિત, જાતિયતા અને આધુનિક ભારતમાં માનવતા માટે જહોન એફ. રિચાર્ડ્સ પ્રાઈઝ અને આનંદ કેન્ટિશ કુમારસ્વામી પુરસ્કાર પણ મળ્યો હતો.

# ચહેરો કાળો કરી, ચંપલનો હાર પહેરાવી ગામમાં છેડતીના આરોપી યુવકનું સરઘસ કાઢવામાં આવ્યું

(એજન્સી) ભોપાલ, તા.૪

મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લાના ભાનપુરા પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં મહિલાની છેડતીનો આરોપ લગાવનાર દલિત યુવકનો ચહેરો કાળો કરવામાં આવ્યો હતો. આ પછી, તેને અર્ધ-નગ્ન હાલતમાં તેના ગળામાં જૂતાની માળા પહેરાવીને પરેડ કરવામાં આવી હતી. આ મામલો ૨૯ સપ્ટેમ્બરનો છે. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો



છે. આ સાથે પોલીસે બે લોકોની ધરપકડ કરી છે. પોલીસ અધિક્ષક અભિષેક આનંદે જણાવ્યું કે, આ ઘટના ગત સપ્તાહની શરૂઆતમાં જિલ્લાના ભાનપુરા પોલીસ સ્ટેશન વિસ્તારના ભૈસોદામંડી ગામમાં બની હતી. વીડિયોમાં એક અર્ધ-નગ્ન વ્યક્તિ દેખાઈ રહ્યો છે જેનો ચહેરો કાળો દેખાય છે. તેણે માત્ર ટ્રાઉઝર પહેર્યું છે. તેના ગળામાં ચંપલની માળા છે. લોકોના જૂથ દ્વારા તેને ગામની શેરીઓમાં ચાલવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. ૨૯ સપ્ટેમ્બરે ગામની એક મહિલાએ વીડિયોમાં દેખાતા દલિત યુવક વિરૂદ્ધ છેડતીનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. એસપીએ જણાવ્યું હતું કે,મહિલાની ફરિયાદના આધારે દલિત યુવક વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૭૪ (મહિલાઓની ગરિમાને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી હુમલો) અને ૭૮ (પીછો કરવો) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા પૂછપરછ દરમિયાન, આરોપીએ મહિલા પર હુમલા વિશે કંઈપણ જણાવ્યું ન હતું.મંગળવારે તેનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે તેનો સંપર્ક કર્યો હતો. તેમના દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે, રામેશ્વર ગુર્જર, બાલચંદ ગુર્જર સહિત કેટલાક ગ્રામજનો વિરૂદ્ધ BNS અને SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમની જોગવાઈઓ હેઠળ FIR નોંધવામાં આવી છે.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિ.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨
IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૨૨૩૫૦૮૩.૯૯/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૭-મે-૨૦૨૩ | ૨૦૭૦૬૯૨૪ | દિલીપકુમાર અનુભાઈ ચોકશી, નયનાબેન દિલીપકુમાર ચોકશી, ઓમકાર ગ્રાફિક્સ અને વિશંગ દિલીપકુમાર ચોકશી | ભા. રૂ. ૨૩૬૬૦૦૦.૦૦/- | ભા. રૂ. ૨૩૬૬૦૦.૦૦/- | ૦૭-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૦૬-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૯-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : વિશાલ દેસાઈ સંપર્ક નં.૯૯૯૮૯૮૩૩૪૪ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા સિટી સર્વે નં.૩૦૦૫ (મ્યુ. સેસ નં.૨૦૪૮), ક્ષેત્રફળ ૪૦.૧૩.૨૮ ચો.મી. એટલે કે ૪૮ ચો.વાર અને તેના પર બાંધકામ, સ્થિત અત્રે સિટી સર્વે વોર્ડ ખાડિયા-૨, તા. સિટી અને જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૧ (સિટી ઝોન), ગુજરાત-૩૮૦૦૦૧, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : રોડ, પશ્ચિમ : ડોડિયા ખડકીનો વાડો, ઉત્તર : સિટી સર્વે નં.૩૦૦૬ અને દક્ષિણ : સિટી સર્વે નં.૩૦૦૪

ડિસ્ક્લેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૫.૧૦.૨૦૨૪



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિ.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨
IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૧૯૧૬૦૯૭.૭૬/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૭-ફેબ્રુ-૨૦૨૪ | ૩૧૬૩૮૮૩૪ અને ૮૬૪૩૯૯૫૬ | રાવરાની ભાવેશભાઈ ચંદુભાઈ અને રાવરાની જલપાબેન ભાવેશભાઈ | ભા. રૂ. ૨૫૩૫૫૦૦.૦૦/- | ભા. રૂ. ૨૫૩૫૫૦.૦૦/- | ૦૭-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૦૬-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૯-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું રેસિડેન્શિયલ ફલેટ નં.૧૦૫ બિલ્ટ અપ એરિયા ધરાવતો ૪૯.૬૬ ચો.મી. પહેલો માળ, બિલ્ડિંગ નામે 'અરહામ રેસિડેન્સી' તરીકે જાણીતી પ્લોટ નં.૧૬૩+૧૬૪ની જમીન પર બંધાયેલ આરએસ નં.૨૮ પૈકી (પી/૧/૨) ગામ ઘંટેશ્વર, જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત-૩૬૦૦૦૬ અને આ મુજબ ખૂંટ : પૂર્વ : ઓટીએસ, પશ્ચિમ : રસ્તો અને ફલેટ નં.૧૦૪, ઉત્તર : ફલેટ નં.૧૦૬ અને દક્ષિણ : ઓટીએસ

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | ભા.રૂ.૫૦૮૦૪૭૩.૮૩/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૫-માર્ચ-૨૦૧૯ | ૨૭૧૩૦૩૦ | લાઈફકેર મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, શ્યામ એચ.રાજાની, કરિશ્મા એ.ગાંધી, ભારતીબેન એચ. રાજાની અને હેમંતભાઈ ડી. રાજાની | ભા. રૂ. ૧૯૯૧૬૦૦૦.૦૦/- | ભા. રૂ. ૧૯૯૧૬૦૦.૦૦/- | ૦૭-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૦૬-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૯-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું :** સમાવિષ્ટ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ લાઈફ કેર હોસ્પિટલના, રેવન્યુ સર્વે નં.૧૨૩, સિટી એસ. વોર્ડ નં.૧૨ શીટ નં.૧૫૯, સિટી સર્વે નં.૧૦૧૦પી, ટી.પી. નં.૮, એફપી નં.૫૫ કુવાડવા રોડ, રિલાયન્સ પમ્પ સામે, કુવાઢવા રોડ રાજકોટ-૩૬૦૦૦૩

ડિસ્ક્લેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૫.૧૦.૨૦૨૪

# બેંગ્લુરૂના મહાલક્ષ્મી મર્ડર કેસને લવ જેહાદ એન્ગલ સાથે વાયરલ કરવામાં આવ્યો છે

## પોલીસે આ કેસના મુખ્ય આરોપીની ઓળખ મુક્તિરંજન રોય તરીકે કરી હતી, જે ભાગી ગયો હતો અને બાદમાં આત્મહત્યા કરી હતી

(એજન્સી) તા.૪

સોશિયલ મીડિયા યુઝર્સે કર્ણાટકના બેંગલુરુમાં એક મહિલાની ભયંકર હત્યા વિશેની પોસ્ટ્સ શેર કરી છે, અને દાવો કર્યો છે કે તે 'લવ જેહાદ'નો કેસ હતો.

**દાવો :** આ પોસ્ટ્સ શેર કરનારાઓએ દાવો કર્યો છે કે મૃતક, મહાલક્ષ્મીની હત્યા અશરફ નામના વ્યક્તિએ કરી હતી, જેની સાથે તેણીના કથિત રીતે લગ્નેત્તર સંબંધ હતા.

- કેટલાક નોંધપાત્ર અને X પ્રીમિયમ એકાઉન્ટ્સે પણ આ દાવા સંબંધિત વિગતો શેર કરી, અને આરોપીને અશરફ તરીકે ઓળખાવ્યો હતો.
- આમાં BJP કર્ણાટક, ઋષિ બાગ્રી, અરુણપુદુર, અને વોકફ્લિક્સ અને મીડિયા સંસ્થા DNA ઈન્ડિયાના ખાતાનો સમાવેશ થાય છે.

પરંતુ અનેક સમાચાર અહેવાલો, બેંગલુરુ પોલીસ અને ભદ્રક પોલીસે મુખ્ય આરોપીની ઓળખ મુક્તરંજન રોય તરીકે કરી છે.

- અમે ઈન્ડિયા ટુડેનો એક અહેવાલ જોયો. જેમાં પોલીસ સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે આ કેસનો મુખ્ય આરોપી મુક્તરંજન રોય ઓડિશા ભાગી ગયો હતો, જ્યાં તેણે તેની માતા સમક્ષ ગુનો કબૂલ્યો હતો.
- સંસ્થાના અન્ય અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મહાલક્ષ્મીએ હેમંત દાસ સાથે લગ્ન કર્યા હતા, પરંતુ તેઓ અલગ થઈ ગયા હતા. દાસે આ



A 26-year-old woman, Mahalaxmi was chopped into 32 pieces allegedly by Mohd Ashraf.

કેસમાં શંકાસ્પદ વ્યક્તિ તરીકે અશરફનું નામ આપ્યું હતું, તેને લાગ્યું હતું કે તેણી સાથે ગેરકાયદેસર સંબંધ ધરાવે છે.

- એબીપી ન્યૂઝના એક લેખમાં અહેવાલ છે કે અશરફને શરૂઆતમાં બેંગલુરુ પોલીસ દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો, પરંતુ પછીથી તેને છોડી દેવામાં આવ્યો હતો. એબીપીએ ઉલ્લેખ કર્યો છે કે અશરફની પૂછપરછ કરવામાં આવી હતી.
- હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલમાં આવી સમાન વિગતો દર્શાવવામાં આવી હતી, જેમાં કહ્યું હતું કે રોયે તેમના વતન ઓડિશાના ભદ્રક ભાગી જવા માટે તેમના ભાઈઓની મદદ લીધી હતી, જ્યાં તેણે આત્મહત્યા કરી હતી.
- પોલીસને શંકા છે કે રોયે હત્યાના સંબંધમાં "ધરપકડના ડરથી" આકરું પગલું ભર્યું હતું.
- તેમને રોય દ્વારા મુકવામાં આવેલી એક ચિઠ્ઠી મળી છે, જ્યાં તેણે કથિત રીતે હત્યાની કબૂલાત કરી હતી.
- બેંગલુરુના કમિશનર બી દયાનંદે પ્રેસ કોન્ફરન્સમાં કેસ વિશે પ્રેસ સાથે વાત કરી, જ્યાં તેમણે રોય અને મળી આવેલી નોંધ વિશે સમાન વિગતોનો પણ ઉલ્લેખ કર્યો હતો.
- તેમણે એમ પણ કહ્યું કે બેંગલુરુ પોલીસ, ૨૭ સપ્ટેમ્બરના રોજ, મામલો ઓડિશામાં ન્યાયાધીન હોવાને કારણે હજુ સુધી પત્રની નકલ પ્રાપ્ત કરી શકી નથી અને તે કેસની વધુ તપાસ હાથ ધરશે.
- બેંગલુરુ સિટી પોલીસની યુટ્યુબ ચેનલ પર અપલોડ કરાયેલ આ વિડિયોમાં તેનું નિવેદન અંગ્રેજીમાં સાંભળી શકાય છે.

# ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો; પુલબંગશના પીડિતની પત્નીએ ટાઈટલર વિરૂદ્ધ જુબાની આપી

## પોતાના નિવેદનમાં કૌર જણાવે છે કે એક નજરે જોનારા સાક્ષીએ મને કહ્યું હતું કે ટાઈટલર બનાવના દિવસે ઘટનાના સ્થળે એક વાહનમાં આવ્યા હતા અને ટોળાની ઉશ્કેરણી કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોમાં ઉત્તર દિલ્હીના પુલબંગશ નામના એક ગુરૂદ્વારા ખાતે બનેલી ઘટનાના પીડિતની પત્નીએ કોંગ્રેસના નેતા જગદીશ ટાઈટલર વિરૂદ્ધ ત્રીજી ઓક્ટોબરે દિલ્હીની કોર્ટમાં જુબાની આપી હતી. સ્પેશિયલ જજ રાકેશની હાજરીમાં બાદલ સિંહની પત્ની લખવીનદર કૌર દ્વારા અપાયેલા નિવેદનને નોંધવામાં આવ્યું હતું. ગુરૂદ્વારા પર એ વખતે ટોળાના હુમલામાં જે ત્રણ શીખ માર્યા ગયા હતા તેમાં બાદલ સિંહ પણ હતા. કૌર દ્વારા નિવેદનમાં જણાવ્યું હતું કે નજરે જોનારા એક સાક્ષીએ મને કહ્યું હતું કે ટાઈટલર એક વાહનમાં એ દિવસે ઘટના સ્થળે આવ્યા હતા અને ટોળાની ઉશ્કેરણી કરી હતી. હું એ સમયે ગુરૂદ્વારામાં ગ્રંથિ તરીકે કામ કરનાર સુરેન્દ્ર સિંહ ગ્રંથિને ૨૦૦૮માં મળી હતી અને એમણે પણ એ ઘટનાની વિગતો મને આપી હતી. સુરેન્દ્ર સિંહે મને કહ્યું હતું કે ગુરૂદ્વારાની છત પરથી મેં આ ઘટના જોઈ હતી અને ગ્રંથિ એ જોયું કે મારા પતિ ગુરૂદ્વારામાંથી બહાર નીકળી રહ્યાં હતાં ત્યારે ટોળાએ તેમના પર હુમલો કર્યો હતો



તેમણે મારા પતિની કિરપાણ પણ કાઢી લઈને મારા પતિની હત્યા કરી નાખી હતી. એ વખતે ટાઈટલર ઘટના સ્થળે આવ્યા હતા અને ટોળાને ભેગું કર્યું હતું અને ઉશ્કેરણી કરી હતી. કૌરનું નિવેદન જણાવે છે કે સુરેન્દ્ર સિંહે મને એવું પણ કહ્યું હતું કે ટાઈટલરની ઉશ્કેરણીને કારણે ટોળું હિંસા પર ઊતરી આવ્યું હતું અને મારા પતિના મૃતદેહને એક ગાડા પર મૂકી દીધો હતો અને તેના પર સળગતા ટાયરો મૂકી મારા પતિના મૃતદેહને સળગાવી નાખ્યો હતો. આ ઘટના પછી હું ન્યાય માટે અદાલત પાસે પહોંચી હતી. જગદીશ ટાઈટલરના વકીલે દલીલ કરી હતી કે ગ્રંથિની વાતો સાંભળેલી અફવા પર આધારિત છે અને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય નહીં. જોકે અદાલતે વકીલનો વાંધો ફગાવી દીધો હતો અને વધુ સુનાવણી ૧૫ ઓક્ટોબર પર નિશ્ચિત કરી હતી. ૧૩ સપ્ટેમ્બરે જ જગદીશ ટાઈટલર વિરૂધ વિવિધ અપરાધો સબબ ચાર્જશીટ મૂકવાનો જજે હુકમ કર્યો હતો. ટાઈટલરે પોતે દોષિત ન હોવાનો બચાવ કર્યો હતો પણ જજે ચાર્જશીટ બનાવવાનો આદેશ આપ્યો હતો. પહેલી નવેમ્બર ૧૯૮૪ના રોજ દિલ્હીના આઝાદ માર્કેટમાં આવેલા પુલબંગશ ગુરૂદ્વારા પાસે આ ઘટના બની હતી ત્યારે ટોળાએ ગુરૂદ્વારા સળગાવી દીધું હતું અને ઠાકોરસિંગ તથા બાદલ સિંહ અને ગુરૂચરણ સિંહની હત્યા કરી નાખી હતી તેવું સીબીઆઈના ચાર્જશીટમાં દર્શાવાયું છે. ચાર્જશીટ ઉમેરે છે કે એ દિવસે જગદીશ ટાઈટલર સફેદ એમ્બેસેડર કારમાં ગુરૂદ્વારા તરફ આવ્યા હતા અને શીખોને મારી નાખો તેમણે આપણી માતાને મારી નાખી છે એવા પોકારો કરીને લોકોની ઉશ્કેરણી કરી હતી.

# 'જેમ કે અમે ફસાઈ ગયા છીએ' : મ્યાનમારના રખાઈનમાં સંઘર્ષ વચ્ચે લઘુમતીઓ પીડાય છે

(એજન્સી) તા.૪

આ વર્ષની શરૂઆતમાં, પશ્ચિમ મ્યાનમારના ચીન રાજ્યના પલેટવામાં યુ ખુપ થાંગના ઘર પર તોપના હુમલામાં તેમના પુત્રનું મૃત્યુ થયું હતું. 'તે એક દુ:સ્વપ્ન જેવું લાગ્યું. હું હજી પણ તેને શબ્દોમાં મૂકવા માટે સંઘર્ષ કરી રહ્યો છું,' યુ ખુપ થાંગ, એક વંશીય ચિન ખેડૂત અને મજૂર જણાવ્યું હતું. ઈન્ટરવ્યુ લીધેલા અન્ય લોકોની જેમ, તે સુરક્ષાના કારણોસર ઉપનામનો ઉપયોગ કરી રહ્યો છે. યુ ખુપ થાંગ એ પશ્ચિમ મ્યાનમારના લાખો લોકોમાંથી એક છે જેમનું જીવન ગયા નવેમ્બરથી પલટાઈ ગયું છે, જ્યારે અરાખા આર્મી (એએ) - એક શક્તિશાળી વંશીય સશસ્ત્ર સમૂહ જે અગાઉ અરકાન આર્મી તરીકે ઓળખાતું હતું - લશ્કરી લક્ષ્યો સામે સંકલિત હુમલાઓ શરૂ કરવામાં આવ્યા હતા. આ હુમલાઓએ સૈન્ય સામે રાષ્ટ્રવ્યાપી બળવોનો નવો મોરચો ખોલ્યો, જેણે ૨૦૨૧માં બળવા કરીને સત્તા કબજે કરી. તેઓએ ૨૦૧૮થી AA ના બીજા મોટા આક્રમણની શરૂઆત પણ ચિહ્નિત કરી, કારણ કે તે વંશીય રખાઈન લોકો તેમના વતન માને છે તે પ્રદેશ પર સ્વાયત્તતાના તેના 'અરકાન ડ્રીમ'ને અનુસરવા માંગે છે. ત્યારથી AA એ નાટ્યાત્મક પ્રાદેશિક લાભો મેળવ્યા છે, જેમાં મોટાભાગના મધ્ય અને ઉત્તર રખાઈન રાજ્ય તેમજ પાલેટવા, ચીન રાજ્ય પર કબજો મેળવ્યો છે. ઈન્ટરનેશનલ ક્રાઈસિસ ગ્રૂપ દ્વારા ઓગસ્ટમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, એએ હવે બાકીના રખાઈન રાજ્યમાંથી 'લશ્કરી હકાલપટ્ટીની અણી પર' છે. સેનાએ બજારો અને રહેણાંક વિસ્તારો પર બોમ્બ વિસ્ફોટ અને તોપમારો કરીને એએ એડવાન્સિસનો જવાબ આપ્યો. તેણે AAના કથિત સમર્થન માટે મુખ્યત્વે વંશીય રખાઈન લોકોને નિશાન બનાવ્યા છે, પરંતુ અન્ય સમુદાયો પણ હિંસામાં ફસાઈ ગયા છે. હ્યુમન રાઈટ્સ વોચ (HRW) અનુસાર, ફેબ્રુઆરીમાં સૈન્યએ રખાઈન રાજ્યના અત્યાચાર ગુજારાયેલા મુસ્લિમ રોહિંગ્યા લઘુમતીઓને નિશાન બનાવીને એક ભરતી અભિયાન શરૂ કર્યું હતું, જેમાં અપહરણ, ધાકધમકી અને બળજબરી જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરીને AA સામેની તેની લડાઈમાં સામેલ થઈ શકે છે. ક્રાઈસિસ ગ્રૂપ અને અન્યોએ અહેવાલ આપ્યો છે કે સૈન્યએ પડોશી બાંગ્લાદેશ સ્થિત રોહિંગ્યા સશસ્ત્ર સમૂહોને પણ સહકાર આપ્યો હતો. એચઆરડબ્લ્યુ અને અન્યોના અહેવાલો અનુસાર, આ વિકાસ બાદ, એએ દળોએ રોહિંગ્યા ગામોને બાળી નાખ્યા અને રખાઈન રાજ્યના ઉત્તરીય નગરોમાં રોહિંગ્યા નાગરિકોની હત્યા કરી. AA એ આરોપોને નકારી કાઢ્યા છે, તેના બદલે હિંસા માટે સૈન્ય અને 'મુસ્લિમ આતંકવાદીઓ'ને જવાબદાર



ગણાવ્યા છે. દરમિયાન, તમામ સમુદાયોના નાગરિકો સંઘર્ષનો બોજ ઉઠાવી રહ્યા છે. સ્વતંત્ર સંશોધન અને અધિકારોની દેખરેખ કરતી સંસ્થા સેન્ટર ફોર અરાકાન સ્ટડીઝના જણાવ્યાં અનુસાર નવેમ્બરથી રખાઈન રાજ્ય અને પાલેટવા ટાઉનશીપમાં સંઘર્ષ-સંબંધિત હિંસામાં ૪૨૦થી વધુ નાગરિકો મૃત્યુ પામ્યા છે અને લગભગ ૧,૦૦૦ ઘાયલ થયા છે. યુનાઈટેડ નેશન્સ અનુસાર, લડાઈએ લગભગ ૩,૨૭,૦૦૦ લોકોને તેમના ઘરોમાંથી વિસ્થાપિત કર્યા છે, જેણે મે મહિનામાં અંદાજ લગાવ્યો હતો કે સંઘર્ષના પરિણામે લગભગ ૩૦ લાખ લોકો દેશભરમાં વિસ્થાપિત થયા છે, તેમાંથી ૯૦ ટકા બળવા પછીના છે. અલ જઝીરાએ રખાઈન રાજ્ય અને પલેટવાના છ લઘુમતી સમૂહના સભ્યો સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે લડાઈ, તેમજ રાજ્યમાં પાણી અને રસ્તાની પહોંચની સૈન્ય નાકાબંધી, પહેલાથી જ અસ્તિત્વ ટકાવી રાખવા માટે સંઘર્ષ કરી રહેલા સમુદાયો માટે મુશ્કેલીઓ વધારી છે, તેમજ તેમના જીવનને જોખમમાં મૂકે છે. 'સંઘર્ષે દવાઓ સહિતની મૂળભૂત ચીજવસ્તુઓના પ્રવાહમાં વિક્ષેપ પાડ્યો હતો અને ભાવમાં વધારો કર્યો હતો, જેના કારણે અમને અસહાયતાનો અનુભવ થયો હતો,' યુ ખુપ થાંગે તેના ઘર પર બોમ્બ વિસ્ફોટ થયાના મહિનાઓ વિશે જણાવ્યું હતું. હવે, તેના ચર્ચના સમર્થન સાથે રાજ્યની બહાર રહેતા, તે ઘરે પાછા ફરવા માંગે છે પરંતુ શું થઈ શકે છે તેનાથી ડર છે. તેમણે જણાવ્યું કે, 'હું પહેલેથી જ પૂરતો પસાર થઈ ગયો છું.' 'મને ચિંતા છે કે હું આ કટોકટીમાંથી બચી શકીશ નહીં. હું કંઈપણ ખરીદી શકીશ નહીં અને મારી પાસે મારી જાતને બચાવવા માટેના સાધનો નથી.'

# ઉત્તરાખંડમાં બાળકોના જાતીય શોષણના કાયદાનો ઉપયોગ અંગત બદલો લેવા માટે કરવામાં આવે છે

## દહેરાદૂનમાં ૨૦૨૩માં ૯૫% પોક્સો કેસોમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો હતો

(એજન્સી) તા.૪

નૈનીતાલના એક કિશોરના પાડોશીએ તેની વિરુદ્ધ મે ૨૦૨૧માં, પોલીસ ફરિયાદ નોંધાવી હતી. રામનરેશ કશ્યપે આરોપ લગાવ્યો હતો કે ૧૮ વર્ષીય પ્રદીપસિંહ તેની પુત્રીને લઈ ગયો હતો અને તેનું યૌન શોષણ કર્યું હતું. કશ્યપના જણાવ્યા અનુસાર, તેમની પુત્રી જયા ૩૦ એપ્રિલ, ૨૦૨૧ના રોજ એક સંબંધીના લગ્નમાં હાજરી આપવા માટે ઘરેથી નીકળી હતી. જ્યારે તેણી પરત ન આવી, ત્યારે તેને શંકા હતી કે તેણીને સિંહ દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવી હતી, જે તેણીને ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં તેના પૈતૃક ઘરે લઈ ગયો હતો.

ફરિયાદની તપાસ કરતા પોલીસે દાવો કર્યો હતો કે જયાને મુરાદાબાદમાં સિંહના ઘરે મળી હતી. તેઓએ તેમની પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરી હતી. સિંહે સાત મહિના ઉત્તરાખંડની હલવાની જેલમાં વિતાવ્યા હતા. પરંતુ ટ્રાયલ દરમિયાન આ કેસ માટે ઝડપથી નિર્દોષ સાબિત થયો હતો.

કશ્યપ અને તેની પુત્રીએ તેમના બધા જ આરોપ નકારી કાઢ્યા હતા. પિતાએ કહ્યું કે ફરિયાદ તેના ગામના લોકોએ લખી હતી. તે વાંચી શકતો ન હોવાથી તે જાણતો ન હતો કે તે શું કહે છે અને તેણે માત્ર સહી કરી હતી. બીજી તરફ જયાએ દાવો કર્યો હતો કે તેણી તેના સંબંધીના લગ્ન દરમિયાન સિંહને મળી ન હતી અને તેની સાથે ભાગી ન હતી. પોલીસને મુરાદાબાદમાં બંને મળ્યા ન હતા કારણ કે તેઓ ક્યારેય ત્યાં ગયા ન હતા, અને સિંહે તેની સાથે જાતીય હુમલો કર્યો ન હતો.

ડિસેમ્બર ૨૦૨૩માં, સિંહને હલ્દવાની કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, મને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યો હતો કારણ કે જયાના પરિવારને અમારા આર્થિક સુખાકારી માટે અમારી ઈર્ષ્યા હતી, હું તેની (કશ્યપની) પુત્રીને ઓળખતો પણ ન હતો. ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક વર્ષોમાં પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલા કેસોમાં નાટ્યાત્મક વધારો નોંધાયો છે. ૨૦૧૬ અને ૨૦૨૨ની વચ્ચે પોક્સો ક્રાઈમ રેટ લગભગ ચાર ગણો વધ્યો છે.

રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કડક કાયદાના ઉપયોગથી ચિંતાઓ વધી રહી છે. રાજ્યભરના એડવોકેટ્સ અને પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમાંના મોટાભાગના કેસો ન્યાયિક ચકાસણીમાં યોગ્ય હોતા નથી. ચિંતાજનક રીતે, હિંદુ ઉગ્રવાદી જૂથોના દબાણ હેઠળ, પોલીસ કાયદાનો ઉપયોગ કરીને આંતરધર્મ સંબંધોમાં મુસ્લિમ કિશોરોને નિશાન બનાવી રહી છે. પોલીસ પર આરોપ છે કે તેઓ કાયદાની કડકાઈનો ઉપયોગ કરીને અંગત મુદ્દાઓનો બદલો લે છે અને નિર્દોષોને હેરાન કરે છે.

માર્ચ ૨૦૨૦માં, હલ્દવાની પોલીસે ઉત્તર પ્રદેશના બરેલીના સુથાર ૨૮ વર્ષીય તાહિર હુસૈનની ધરપકડ કરી હતી, જે હલ્દવાનીના બનભૂલપુરા પડોશમાં તેના ઘરમાં ઘૂસીને સગીર સાથે છેડતી કરવાના આરોપમાં હતી. આ એફઆઈઆર પોલીસ અધિકારીએ નોંધાવી હતી જે સગીરના કાકા હતા. હુસૈન પર પોક્સો એક્ટની કલમ ૭ અને ૮નો આરોપ મૂકવામાં આવ્યો હતો, જે જાતીય હુમલાથી સંબંધિત છે. હુસૈને ૧૪ મહિના જેલમાં વિતાવ્યા હતા અને મે ૨૦૨૧માં ઉત્તરાખંડ હાઈકોર્ટ દ્વારા તેને જામીન આપવામાં આવ્યા હતા.

હુસૈને કહ્યું કે તેણે ઘરમાં પ્રવેશ કર્યો ન હતો કે યુવતીને સ્પર્શ પણ કર્યો ન હતો. પરંતુ તે કામ પર જવા નીકળ્યો ત્યારે પોલીસ અધિકારીએ તેને પકડી લીધો અને માર મારવા લાગ્યો. તેણે કહ્યું કે મેં છોકરી તરફ અશ્લીલ હરકતો કરી હતી. મને હલ્દવાની જેલમાં રાખવામાં આવ્યો હતો જ્યાં હું અન્ય ઘણા લોકોને મળ્યો હતો જેમણે કહ્યું હતું કે આ



પોલીસ અધિકારી દ્વારા તેઓને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે, જે નૈનીતાલ જિલ્લાના કેટલાક પોલીસ સ્ટેશનોમાં એસએચઓ (સ્ટેશન હાઉસ ઓફિસર) રહી ચૂક્યા છે.

કોર્ટ પણ આ જ નિષ્કર્ષ પર આવી હતી. સગીરના ઘરની બહાર સીસીટીવી કેમેરામાં આ આરોપ સાબિત થયો ન હતો. પોક્સોના ન્યાયાધીશ નંદનસિંહે ફૂટેજનો અભ્યાસ કર્યો અને નોંધ્યું કે હુસૈનની ઘટનાઓનું સંસ્કરણ સાચું હતું. ઓગસ્ટ ૨૦૨૩માં તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.

ન્યાયાધીશ સિંહે નોંધ્યું કે કેવી રીતે પોલીસ અધિકારીઓએ હુસૈનને ફસાવવા માટે ખોટી તપાસ ઊભી કરી હતી. આ કાર્યવાહીની વાર્તા પોલીસ વિભાગ દ્વારા તેના કર્મચારીને ગેરકાયદેસર સહાયતા હોવાનું જણાય છે. તપાસકર્તા પાસેથી આવી વસ્તુની અપેક્ષા રાખી શકાય નહીં. તપાસકર્તા દ્વારા સીસીટીવી ફૂટેજ જોયા ત્યારે પણ આરોપીઓ સામે ખોટી ચાર્જશીટ રજુ કરવામાં આવી છે. એવું પણ લાગે છે કે તપાસકર્તાએ કાયદેસર રીતે તેની ફરજો નિભાવી નથી.

# વૈવાહિક બળાત્કારના અપવાદને રદ કરવાથી લગ્નજીવન અસ્થિર થઈ શકે છે : સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રનું નિવેદન

## કેન્દ્રએ જણાવ્યું હતું કે વૈવાહિક બળાત્કારનો મુદ્દો માત્ર બંધારણીય પ્રશ્ન નથી, પરંતુ એક જટિલ સામાજિક મુદ્દો છે

(એજન્સી) તા.૪

કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતને વૈવાહિક બળાત્કારને ગુનાહિત બનાવવાની દૂરગામી સામાજિક-કાનૂની અસરો સામે ચેતવણી આપી છે અને અદાલતને કડક કાયદાકીય માળખાથી આગળ વ્યાપક અભિગમ અપનાવવા વિનંતી કરી છે. સર્વોચ્ચ અદાલતમાં સબમિટ કરવામાં આવેલ એફિડેવિટમાં, કેન્દ્રએ દલીલ કરી હતી કે આ મુદ્દા પરની કોઈપણ ન્યાયિક સમીક્ષામાં વ્યાપક સામાજિક પરિણામો અને સંસદના વલણને સ્વીકારવું જોઈએ. ભારતીય કાયદા હેઠળ વૈવાહિક બળાત્કારના અપવાદની બંધારણીયતાને પડકારતી શ્રેણીબદ્ધ અરજીઓના જવાબમાં એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી, જેમાં જો પત્ની પુખ્ત હોય તો પતિને બળાત્કાર માટે કાર્યવાહીમાંથી મુક્તિ આપે છે. તે મૂળરૂપે ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૩૭૫માં સમાવિષ્ટ જોગવાઈ છે, તે તેના અનુગામી કાયદા, ભારતીય ન્યાય સંહિતા (BNS)માં જાળવી રાખવામાં આવી હતી. તેની રજૂઆતમાં, કેન્દ્રએ જણાવ્યું હતું કે વૈવાહિક બળાત્કારનો મુદ્દો માત્ર બંધારણીય પ્રશ્ન નથી, પરંતુ એક જટિલ સામાજિક મુદ્દો છે. આવા વિષયો પર ન્યાયિક સમીક્ષા કરતી વખતે, એ ધ્યાન રાખવું જોઈએ કે વર્તમાન પ્રશ્ન માત્ર બંધારણીય પ્રશ્ન નથી, પરંતુ અનિવાર્યપણે એક સામાજિક પ્રશ્ન છે, જેના પર સંસદને જાણ કર્યા પછી અને વર્તમાન પરના અભિપ્રાયની તમામ બાજુઓથી વાકેફ થયા પછી આ વલણ લેવામાં આવ્યું છે. સરકારે ધ્યાન દોર્યું હતું કે IPCમાં ૨૦૧૩ના સુધારા દરમિયાન, સંસદે આ મુદ્દા પર કાળજીપૂર્વક વિચાર કર્યો હતો અને વૈવાહિક બળાત્કારના અપવાદને જાળવી રાખવાનું પસંદ કર્યું હતું. કેન્દ્રએ દલીલ કરી હતી કે અપવાદને દૂર કરવાના કોઈપણ પગલાથી ભારતમાં લગ્ન પર ઊંડી અસર પડશે. એફિડેવિટમાં ચેતવણી આપવામાં આવી હતી કે વૈવાહિક બળાત્કારને ગુનાહિત રૂપ આપવાથી વૈવાહિક સંબંધોમાં ખલેલ પડી શકે છે અને લગ્નને અસ્થિર કરી શકે છે. તેણે એવી ચિંતા પણ વ્યક્ત કરી હતી કે, સામાજિક અને પારિવારિક માળખાના સ્વભાવને જોતાં, સુધારેલી જોગવાઈઓનો દુરુપયોગ થઈ શકે છે. ઝડપથી વિકસતા અને સતત બદલાતા સામાજિક અને પારિવારિક માળખામાં, સુધારેલી જોગવાઈઓનો દુરુપયોગ પણ નકારી શકાય નહીં, કારણ કે વ્યક્તિ માટે સંમતિ હતી કે નહીં તે સાબિત કરવું મુશ્કેલ અને પડકારજનક હશે.



હવે નાબૂદ કરાયેલ આઈપીસી હેઠળ, કલમ ૩૭૫ જો પીડિત તેની પત્ની હોય અને તે સગીર ન હોય તો બળાત્કારના આરોપમાંથી પુરૂષને મુક્તિ આપે છે. જુલાઈ ૨૦૨૩માં અમલમાં આવેલ BNS, હવે કલમ ૬૩ હેઠળ આ મુક્તિ જાળવી રાખે છે. આ જોગવાઈને ઘણા અરજદારો તરફથી કાનૂની પડકારોનો સામનો કરવો પડ્યો છે જેઓ દલીલ કરે છે કે તે પરિણીત મહિલાઓને તેમના પતિ દ્વારા જાતીય હુમલા સામે કાનૂની રક્ષણ નકારીને તેમની સાથે ભેદભાવ કરે છે. જાન્યુઆરી ૨૦૨૩માં, સર્વોચ્ચ અદાલતે વૈવાહિક બળાત્કારના અપવાદની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવતી શ્રેણીબદ્ધ અરજીઓ માટે કેન્દ્રનો જવાબ માંગ્યો હતો. કોર્ટે મે ૨૦૨૩માં નવી અધિકૃત BNSમાં જોગવાઈઓને પડકારતી અરજીઓ પર સમાન નોટિસ જારી કરી હતી.

બે ન્યાયાધીશો વૈવાહિક બળાત્કારના અપવાદની બંધારણીયતા પર મતભેદ ધરાવતા હતા. ન્યાયાધીશ રાજીવ શકધરે દલીલ કરી હતી કે વૈવાહિક બળાત્કારનો અપવાદ ગેરબંધારણીય છે. તેનાથી વિપરિત, ન્યાયમૂર્તિ સી હરિ શંકરે અપવાદની માન્યતાને સમર્થન આપ્યું હતું.

બીજી અરજીમાં કર્ણાટકના ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાને પડકારનાર એક વ્યક્તિનો સમાવેશ થાય છે, કારણ કે કોર્ટે તેની પત્ની પર કથિત રીતે બળાત્કાર કરવા બદલ તેની સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. માર્ચ ૨૦૨૨માં, કર્ણાટક હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે પતિઓને બળાત્કાર માટે કાર્યવાહીમાંથી મુક્તિ આપવી એ બંધારણની કલમ ૧૪ની વિરુદ્ધ છે, જે કાયદા સમક્ષ સમાનતાની ખાતરી આપે છે.

# જયા બચ્ચન સંસદની IT સમિતિમાંથી નીકળી ગયાં, શ્રમ અંગેની સંસદીય સમિતિમાં સભ્ય તરીકે રહેશે

## શ્રમ અંગેની સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય રહેલા તૃણમૂલ કોંગ્રેસના નેતા સાંકેત ગોખલે IT તથા સંદેશા વ્યવહારની સંસદીય સમિતિમાં સભ્ય તરીકે જયા બચ્ચનનું સ્થાન લેશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સમાજવાદી પાર્ટીના રાજ્યસભાના સભ્ય જયા બચ્ચને સંદેશા વ્યવહાર અને આઈ. ટી.ની સંસદીય સ્ટેન્ડિંગ સમિતિના સભ્ય પદેથી હટી જવાનું નક્કી કર્યું છે. આ સમિતિના અધ્યક્ષ ભાજપના સભ્ય નિશિકાંત દુબે છે. જયા બચ્ચન હવે શ્રમ અંગેની સંસદીય સ્ટેન્ડિંગ સમિતિના સભ્ય તરીકે રહેશે. શ્રમ કાપડ અને કૌશલ્ય વિકાસની સંસદીય સમિતિના અધ્યક્ષ તરીકે કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બસવરાજ બોમ્બાઈ રહેશે તેવું રાજ્યસભાના બુલેટિનમાં દર્શાવવામાં



આવ્યું છે. જ્યારે શ્રમ સમિતિના સભ્ય રહેલા તૃણમૂલ કોંગ્રેસના નેતા સાંકેત ગોખલે હવે આઈટી સમિતિમાં સભ્ય તરીકે જયા બચ્ચનનું સ્થાન લેશે. વિદેશી બાબતોની સંસદીય સમિતિના સભ્ય રાજ્યસભાના માર્ક્સવાદી સભ્ય એ.એ. રહીમ અને આર. ગિરીરાજન હવે ગૃહ નિર્માણ અને શહેરી બાબતોની સંસદીય સમિતિના સભ્ય બન્યા છે. વિદેશી બાબતોની સમિતિના અધ્યક્ષ તરીકે કોંગ્રેસના શશી થરૂર છે. રાજ્યસભાના ચેરમેન જગદીપ ધન ખરે જળ સંપત્તિ અંગેની સંસદીય સમિતિના સભ્યો તરીકે જેડીયુના સંજય કુમાર ઝા અને ભાજપના ધૈર્યશીલ પાટીલની નિમણૂક કરી છે.

### ૩૭ યોજનાઓના એક આરોગ્ય રક્ષા ચક્રથી વડાપ્રધાને લોકોના આરોગ્યની ચિંતા કરી : અમિત શાહ

# ફાસ્ટ જીવન અને પ્રદૂષણથી પાણી પણ દૂષિત થતાં તેની અસર માનવ શરીર ઉપર થઈ રહી છે

## સરકારની સાથે સામાજિક સંસ્થાઓનો પ્રયાસ મળે ત્યારે જનસેવા વધુ વ્યાપક બને : CM



(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૪

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૭ યોજનાઓના એક આરોગ્ય રક્ષા ચક્રથી દેશના ૧૪૦ કરોડ નાગરિકોના આરોગ્યની ચિંતા કરી છે. તેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અડાલજ ખાતે આરોગ્યધામનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું કે, ફાસ્ટ જીવન અને પ્રદૂષણયુક્ત વાતાવરણ સાથે જમીન પ્રદૂષિત થવાથી પાણી પણ દૂષિત થયું છે. તેની અસર માનવ શરીર ઉપર થઈ રહી છે. એવા રોગો કે જેને લાંબા સમય સુધી સાતત્યપૂર્ણ આરોગ્ય સેવાની જરૂર હોય છે. તેવી આરોગ્ય સેવાઓ સામાન્ય નાગરિકો અને ગરીબોને ખૂબ મોંઘી પડે છે. આ તમામ આરોગ્ય સેવાઓને ધ્યાનમાં રાખી આરોગ્યધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આઝાદીના ૭૦ વર્ષ સુધી જનસુખાકારીના ક્ષેત્રમાં આરોગ્ય ક્ષેત્રના અનેક પાસાઓને આવરી લેવામાં આવ્યા નહીં. દેશના વડાપ્રધાને બારીકાઈથી અભ્યાસ કરી હોલિસ્ટિક એપ્રોચ સાથે દેશના નાગરિકો માટે આરોગ્ય સેવાઓ સુદ્દઢ બનાવી છે. તેમણે સ્વચ્છતા અભિયાન શરૂ કરી ૨૦ જેટલા સામાન્ય રોગો દૂર કર્યા છે. આજે સમગ્ર વિશ્વમાં યોગ અંગેની જાગૃતિ આવી છે. ગરીબ અને સામાન્ય પરિવારના ૬૦ કરોડ લોકોને રૂા.પાંચ લાખ સુધીની આરોગ્ય સેવાના કવચ માટે આયુષ્યમાન કાર્ડનું રક્ષણ આપ્યું છે. આરોગ્ય સેવાઓ સાથે-સાથે મેડિકલ કોલેજો પણ ચાલુ કરી છે. આગામી ૧૦ વર્ષમાં ૭૫ હજાર જેટલી મેડિકલ સીટો વધારવામાં આવશે. તેની સાથે પી.એચ.સી., સી.એસ.સી. અપગ્રેડેશન પણ કરવામાં આવી રહ્યું છે. આવી ૩૭ જેટલી જુદી-જુદી યોજનાઓનું એક ચક્ર બનાવીને તેમણે દેશના ગરીબ,વંચિત, જરૂરતમંદ લોકોની આરોગ્ય સુખાકારી વધારી છે. દેશમાં સુશાસનનો ઉદય થયો છે, તેવું જણાવી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગરીબ પરિવારના ઘરમાં હૃદય, કિડની કે અન્ય કોઈ ગંભીર રોગ આવે છે, ત્યારે પરિવાર ખર્ચના ખપ્પર હેઠળ હોમાઈ જતો હોય છે. પરંતુ દેશના વડાપ્રધાન સંવેદનશીલ ભાવથી દેશમાં સઘન આરોગ્ય સેવાઓ આપી રહ્યા છે. ૧૫ નવી એઈમ્સ હોસ્પિટલોનું નિર્માણ કરાઈ રહ્યું છે અને દેશમાં ૨૨૫ મેડિકલ કોલેજો કાર્યરત છે. ગુજરાતમાં આરોગ્ય સુખાકારી માટે અનેક નીતિ અમલમાં મૂકાઈ છે. આરોગ્ય કેન્દ્રો અદ્યતન બનાવવામાં આવી રહ્યા છે.

### પેટ્રોલિયમ પદાર્થ વહેતો જોઈને લોકો ભયમાં મૂકાયા

# રતલામમાં માલગાડીના બે ડબ્બા પાટા પરથી ઉતર્યા : અન્ય એક પલ્ટી ગયો



સુરક્ષાની દૃષ્ટિએ ૧૨ કલાક ટ્રેન વ્યવહાર બંધ રહ્યો

(સંવાદદાતા દ્વારા) દાહોદ, તા.૪

પશ્ચિમ રેલવેના દિલ્હી-મુંબઈ રૂટની ડાઉન લાઈન પર રતલામ સ્ટેશનથી માત્ર ૫૦૦ મીટર દૂર પેટ્રોલિયમ ઉત્પાદનોથી ભરેલી માલગાડીના ૩ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ ટ્રેન દુર્ઘટના રતલામ સ્ટેશન અને છ-કેબિન વચ્ચે ક્રોસ ઓવર પોઈન્ટ (જ્યાં ટ્રેક બદલાય છે) પર થયું. જોકે રેલ દુર્ઘટના કયા કારણે સર્જાઈ હતી. તે હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ અકસ્માત ભયંકર હતો. જણાવવામાં આવી રહ્યું છે કે ક્રોસ ઓવર પરથી પસાર થતી વખતે વેગન નંબર ૪૦૦૮૯૭૬૬૫૮૯ અચાનક પાટા પરથી ઉતરી ગઈ અને પાટા પાસે પલટી મારી જતા તેમાંથી પેટ્રોલિયમ પદાર્થ નીકળવા લાગ્યો હતો. જોકે પલટી મારી ગયેલા વેગનમાંથી એટલો જોરદાર ઝાટકો લાગ્યો હતો કે આગળની વેગન નંબર ૪૦૦૭૯૨૬૦૭૫૨નું કપલિંગ તૂટી ગયું હતું અને વ્હીલ્સ પાટા પરથી ઉતરી આવ્યા હતા અને સ્લીપરને લગભગ ૨૫થી ૩૦ મીટર સુધી ખેંચી ગયા હતા. જેના કારણે સ્લીપર્સ પણ તૂટી ગયા હતા. જેના લીધે પલટી ગયેલા વેગનના પાછળના ડબ્બાના આગળના પૈડા પણ પાટા પરથી ઉતરી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે એ ૪૮ કોચવાળી BTPN (પેટ્રોલિયમ પ્રોડક્ટ વહન કરતી) માલસામાન ટ્રેન રતલામથી નાગદા તરફ જઈ રહી હતી. જે સમયે રતલામ યાર્ડમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. ત્યારબાદ રેલવે તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. જોકે અકસ્માત રાહત ટ્રેનના સ્ટાફે પહેલા પાટા પરથી ઉતરેલા કોચને કાપીને અલગ કર્યા હતા. આ પછી આગળના કોચને નાગદા અને પાછળના કોચને રતલામ લાવવામાં આવ્યા હતા. જ્યારે પલટી ગયેલા કોચને લોડ કરવાનો પ્રયાસ મોડી રાત સુધી ચાલુ હતું. ડાઉન લાઈન પરની પશ્ચિમ એક્સપ્રેસ સહિતની કેટલીક ટ્રેનોને આ અકસ્માતને કારણે અસર થઈ હતી.અપ લાઈન પરથી ટ્રેનો ૧૦ કિમીની ઝડપે પસાર થઈ હતી. ઉપરોક્ત મામલે કલેક્ટર રાજેશ બાથમ અને ડીઆરએમ રજનીશ કુમાર સહિત અનેક અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

ઘટનાસ્થળે પહોંચેલા રેલવે અધિકારીઓ પલટી ગયેલા વેગનમાંથી જ્વલનશીલ પેટ્રોલિયમ પદાર્થ વહેતો જોઈને ચોંકી ગયા. તે ડબ્બામાંથી બહાર નીકળીને ટ્રેકની બીજી તરફ ગટર અને અન્ય જગ્યાએ ફેલાઈ રહ્યો હતો. જો તેમાં આગ લાગી જાય તો મોટી દુર્ઘટના થઈ શકે. જેથી સાવચેતી રાખીને, આરપીએફ અને અન્ય સ્ટાફે તરત જ લોકોને દૂર ખસેડ્યા અને બીડી, સિગારેટ અને અન્ય જ્વલનશીલ વસ્તુઓનો ઉપયોગ ન કરવાની ચેતવણીઓ જાહેર કરતા રહ્યા. બાદમાં બાંગરોદ ડેપોના નિષ્ણાતોની હાજરીમાં આ કોચને ટ્રેક પર મૂકવામાં આવ્યો હતો.

આ ઘટના રાત્રિના દસ વાગ્યાના સુમારે બની હતી. આજરોજ દસ વાગ્યાના અરસામાં રેલવે તંત્ર એ ડાઉન ટ્રેકને ફીટ જાહેર કર્યા બાદ ધીમી ગતિએ ટ્રેનોનું સંચાલન શરૂ કર્યું હતું. આ પ્રક્રિયામાં અંદાજે ૧૨ કલાક જેટલું રેલવે વ્યવહાર ખોરવાયો હતો.

### ચાણક્યપુરીમાં ફરીવાર આતંક મચ્યો

# મિત્રતા તોડી નાખતા માથાભારે તત્વોએ યુવક પર પાવડાથી હુમલો કર્યો

## રિક્ષામાં તોડફોડ કરી, જાનથી મારી નાખવાની પણ ધમકી આપી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૪

અમદાવાદ શહેરમાં તોફાની તત્વોનો આતંક વધ્યો છે. થોડા દિવસ પહેલાં ચાણક્યપુરીનાં શિવમ આર્કેડ ફ્લેટમાં માથાભારે તત્વોએ હથિયારો સાથે બબાલ કરી હતી. ઘાતક હથિયારો લઈને દહેશત ઊભી કરી હતી. ત્યારે ચાણક્યપુરી વિસ્તારમાં તોફાની તત્વોએ મચાવેલા આંતકનો માહોલ હજુ શાંત નથી થયો, ત્યારે ગઈકાલે માથાભારે તત્વોએ તેના જુના મિત્ર પર પાવડા વડે હુમલો કરીને રિક્ષામાં તોડફોડ કરતા મામલો બીચક્યો છે. માથાભારે તત્વો બે નંબરના કામ કરતા હોવાથી યુવકે તેમની સાથેની મિત્રતા તોડી નાખી હતી. મિત્રતા તુટતાની સાથે જ માથાભારે તત્વો ઉશ્કેરાયા હતા અને ચાંદલોડીયામાં ટી-સ્ટોલ પાસે યુવક પર હુમલો કરી દીધો હતો. બે શખસોએ જાહેરમાં યુવકને પાવડાથી મારમાર્યો હતો અને બાદમાં રિક્ષામાં તોડફોડ કરીને નાસી ગયા હતા.

નારોલ વિસ્તારમાં આવેલા ઈન્દીરાનગરમાં રહેતા સુખદેવ ધાકડે સોલા પોલીસ સ્ટેશનમાં રોકી યાદવ (રહે, વાડજ) અને શીવમ ધાકડ (રહે, નારોલ) વિરૂદ્ધ હુમલો તેમજ તોડફોડની ફરિયાદ કરી છે. સુખદેવ મૂળ મધ્યપ્રદેશના ઘોરાર ગામનો વતની છે અને અમદાવાદમાં તેના પરિવાર સાથે રહે છે. સુખદેવ વાડજથી ગોતા સુધીને રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારે સુખદેવ રિક્ષા લઈને પોતાના ધંધા માટે ઘરેથી નીકળ્યો હતો. સુખદેવ ગોતાથી વાડજ જવા માટે નીકળ્યો, ત્યારે ચાંદલોડીયા વિશ્વકર્મા મંદિરની પાસે આવેલી ઠાકર ટી સ્ટોલ પાસે તે ચા પીવા માટે ઉભો હતો. સુખદેવ ચા પી રહ્યો હતો ત્યારે તેના જુના મિત્ર રોકી યાદવ અને શીવમ ધાકડ રિક્ષા લઈને આવ્યા હતા. રોકી પહેલાં સુખદેવનો સારો મિત્ર હતો, પરંતુ તે બે નંબરના કામ કરતો હોવાના કારણે સુખદેવે તેની સાથે બોલવાનું બંધ કરી દીધુ હતું. સુખદેવે સંબંધ તોડી નાખતા રોકી બબાલ કરવાના મુડમાં આવ્યો હતો. રોકી આવતાની સાથે જ સુખદેવને ગાળો આપવાની શરૂ કરી દીધી હતી.

સુખદેવે ગાળો બોલવાની ના પાડતા તે રોકી વધુ ઉશ્કેરાયો હતો અને હુમલો કરી દીધો હતો. રોકીની સાથે શિવમે પણ સુખદેવને મારમારવાનો શરૂ કરી દીધો હતો. દરમિયાન રોકી પાવડો લઈને આવ્યો હતો અને સુખદેવને માથામાં મારી દીધો હતો. સુખદેવે બુમાબુમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. રોકી અને શિવમે પાવડાથી સુખદેવી રિક્ષાના કાચ પણ તોડી નાખ્યા હતા. બન્ને જણા એ જતા જતા ધમકી આપી હતી કે, તું ફરીથી મળ્યો તો તને જાનથી મારી નાખીશ. સુખદેવે આ મામલે સોલા પોલીસને જાણ કરી હતી. પોલીસે રોકી અને શિવમ વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### ભાજપ સદસ્યતા અભિયાન યથાવત

# ભાજપના પૂર્વ સાંસદે ગરબા ગ્રાઉન્ડની સિક્યુરિટીને પાર્ટીના સભ્ય બનાવી દીધાં !

## અગાઉ બ્યુટી સલૂન સ્ટાફની મહિલાઓને પણ સદસ્ય બનાવ્યા હતા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૪

રાજ્યમાં છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા ભાજપ સદસ્યતા અભિયાનને લઈને વિવાદોના કિસ્સાઓ સામે આવ્યાં છે. જેમાં ભાજપના નેતાઓ ગમે તે જગ્યાએ હાજર લોકોને કોઈ સ્પષ્ટતા કે સંમતિ વિના બારોબાર ભાજપના સદસ્ય બનાવી રહ્યા છે, ત્યારે વધુ એક ચોંકાવનારો કિસ્સો વડોદરાથી સામે આવ્યો છે. જેમાં વડોદરાના પૂર્વ સાંસદ રંજનબહેન ભટ્ટે ગરબા ગ્રાઉન્ડના સિક્યુરિટી સ્ટાફને આ રીતે બારોબાર ભાજપના સભ્ય બનાવી દીધા. વડોદરાના પૂર્વ સાંસદ રંજનબહેન ભટ્ટ ન્યુ સમા સ્થિત અયપ્પા મેદાન ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં ગયા હતા, ત્યાં તેમણે ગરબા ગ્રાઉન્ડના સિક્યુરિટી સ્ટાફને ચિવટપૂર્વક પાર્ટીના સદસ્ય બનાવી દીધા. જેના ફોટોગ્રાફ ખૂદ રંજનબહેને સોશિયલ મીડિયા પોસ્ટ પર શેર કર્યા છે. અગાઉ પણ તેમણે નિઝામપુરા સ્થિત બ્યુટી સલૂન સ્ટાફની તમામ મહિલાઓને આ રીતે બારોબાર ભાજપના સદસ્ય બનાવ્યા હતા. આ અગાઉ રંજનબહેન ભટ્ટે ન્યુ સમા રોડ વિસ્તાર સ્થિત બાલ ગોપાલ ગરબા ગ્રાઉન્ડ ખાતે મહિલાઓ અને નાગરિકોને, વલસાડ જિલ્લાના વાપી તાલુકાના છીરી ગામ ખાતે મહિલાઓને, જૂનાગઢ સ્થિત ભવનાથની તળેટી ખાતે મહાદેવ મંદિરના પરિસરમાં આવેલા નાગરિકો તેમજ મહિલાઓને, ભાવનગર ખાતે વિશિષ્ટ વ્યક્તિ સંપર્ક ડ્રાઈવ સંદર્ભે વકીલ મહિલાઓને, ભાવનગર પશ્ચિમ વિધાનસભામાં આવેલ હીરા ઉદ્યોગના કારીગરોને પણ ભાજપના સદસ્ય બનાવ્યા હતા. પહેલા રાજકીય પક્ષમાં લોકો સામે ચાલીને વિચારધારા સાથે જોડાઈને રાજકારણમાં એટલે કે પક્ષમાં જોડાતા જ્યારે હવે ભાજપના નેતાઓ હતા, માત્ર સંખ્યાબળ વધારવા માટે જ્યાં જાહેર જનતા દેખાય ત્યાં તેમના મોબાઈલ ફોનમાં OTP મંગાવી સદસ્ય બનાવવી રહ્યાની ઘટનાઓ સામે આવી રહી છે. જેને લઈને વિરોધ પક્ષ ભાજપ પર પસ્તાવ પણ પાડવામાં આવી રહી છે તેમ છતાં પણ ભાજપનું આ પ્રકારનું સદસ્યતા અભિયાન જારી છે.

### રિપેરીંગની કામગીરીને લઈ

# અખબારનગર અંડરપાસ સહિત ૪ જગ્યાએ એક તરફનો રોડ બંધ

## ભારે વાહનોએ વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૪

અમદાવાદ શહેરમાં હવે ટ્રાફિક એ શહેરજનો માટે માથાના દુઃખાવા સમાન બની ગયો છે. કાલુપુર રેલવે સ્ટેશન રોડનો એક ભાગ બંધ થઈ જતા ત્યાં તો વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં અખબારનગર અને નિર્ણયનગર અંડર પાસ અને રાણીપ ડી માર્ટ પાસે આવેલા પ્રબોધ રાવલ બ્રિજ પર મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ દ્વારા રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી એક તરફનો રોડ વાહન વ્યવહાર માટે સમયાંતરે ચાલુ રાખવામાં આવશે. જેના કારણે ટ્રાફિક થવાની સંભાવના હોવાથી આ રોડ પરથી પસાર થતા લોકોએ ટ્રાફિકનો સામનો ન કરવો પડે તેના માટે વૈકલ્પિક રોડ પરથી જઈ શકે છે. બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા શુક્રવારથી કામગીરી શરૂ કરવામાં આવશે. ૧૫થી ૩૦ દિવસ સુધી લોકોને આ રોડ પરથી પસાર થતા ટ્રાફિકનો સામનો કરવો પડી શકે છે. અખબારનગર અને નિર્ણયનગર અંડરપાસની સ્ટ્રોમ વોટર કેચ ડ્રેઈન જાળીનાં સ્ટ્રક્ચરલ બીમ અને લોખંડની જાળી ખરાબ થઈ ગઈ છે. રાણીપ ડી માર્ટથી RTO સર્કલ તરફ પ્રબોધ રાવલ બ્રિજ આવેલો છે. જેના એક્સપાન્સન જોઈન્ટ અને વેરીંગ કોટની સરફેસ ખરાબ થઈ ગઈ છે. બે અન્ડરપાસ અને બ્રિજની રીપેરીંગની કામગીરી કરવામાં આવશે. ૪ ઓક્ટોબર શુક્રવારથી સૌપ્રથમ નિર્ણયનગર અંડરપાસમાં ૧૫ દિવસ સુધી જાળી બદલવાની કામગીરી કરવામાં આવશે. ત્યારબાદ પ્રબોધ રાવલ બ્રિજ અને અખબારનગર અંડરપાસમાં કામગીરી થશે. એક બાદ એક કામગીરી કરવામાં આવશે. જેથી, ૩૦ દિવસ અથવા રીપેરીંગની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી એક તરફની બંને લેનમાં સ્થળ પરિસ્થિતિ અનુસાર તબક્કાવાર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવશે. અખબારનગરથી પ્રગતિનગર તરફ અને અખબારનગરથી નિર્ણયનગર અંડરપાસ થઈ કે.કે.નગર-ચાંદલોડીયા તરફ અવરજવર કરતાં તેમજ આર.ટી.ઓ. સર્કલથી રાણીપ ડી માર્ટ ચાર રસ્તા તરફ અવરજવર કરતાં અને રોડ ઉપરથી પસાર થતા સમયે વાહનોને ધીમી ગતિથી સાવધાની તેમજ સાવચેતીથી ચલાવવા જણાવવામાં આવ્યું છે. ડાયવર્ઝન આપવામાં આવ્યું હોવાથી એક જ લેનમાંથી વાહન ચલાવવાનું રહેશે. ભારે વાહનો જો આ રૂટ પરથી પસાર થવાના હોય તો તેમને અન્ય વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે. તેમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સ્પા અને મસાજ પાર્લરની આડમાં ચાલતા દેહ વ્યાપારના ગોરખધંધાનો પર્દાફાશ

અમદાવાદ, તા.૪

શહેરમાં ફરી એક વાર સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપારનો પર્દાફાશ થયો છે.

અમદાવાદના પોશ વિસ્તાર સમાન જજીસ બંગ્લોઝ નજીકના શોપિંગ કોમ્પ્લેક્ષમાં સ્પા અને મસાજ પાર્લરની આડમા ચાલતા દેહ વ્યાપારના ગોરખધંધાનો પર્દાફાશ સીઆઈડી ક્રાઈમની ટીમે કર્યો છે. આ બનાવને લઈને ચકચાર મચી જવા પામી છે. નાગાલેન્ડ અને થાઈલેન્ડની યુવતીઓને ઈ-બિઝનેશ વિઝા પર બોલાવીને દેહવ્યાપારના ધંધામાં ધકેલી દેવામાં આવતી હોવાની બાતમીના આધારે દરોડા પાડીને સ્પા સેન્ટરના માલિક સહીત ત્રણ યુવતીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

તાજેતરમાં સીઆઈડી ક્રાઈમે જુદી-જુદી ટીમો બનાવીને શહેરની હોટલોમાં દરોડા પાડીને દેહવ્યાપારના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. ત્યારે હવે ફરી એક વખત શહેરના જજીસ બંગ્લોઝ નજીક આવેલા કોમ્પ્લેક્ષમાં ધ થાઈ સ્પા સેન્ટરમાં ડમી ગ્રાહક મોકલીને દરોડા પાડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ વખતે પણ પોલીસ બેડામાં ચાલતા ગણગણાટ મુજબ કદાચ સ્પા સેન્ટર પર દરોડાની કાર્યવાહી માત્ર કાગળ પર જ રહેવાની છે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

નોંધનીય છે કે આ મામલે ૨ ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે જેમાં એક સ્પા ના માલિક અને બીજો ગુનો વિદેશી યુવતીઓ પણ દાખલ કરવામાં આવેલ છે.

જોકે સીઆઈડી ક્રાઈમ દ્વારા હાલ આ મામલે વધુ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને તપાસ બાદ અન્ય ખુલાસો સામે આવી શકે તેમ છે.

### રાજ્યમાં ૨૪ કલાક દરમિયાન કોઈ પણ જિલ્લામાં વરસાદ નહીં

# અમદાવાદમાં છૂટાછવાયા વાદળોથી ગરમી સાથે બફારાનો અનુભવ

## ગાંધીનગર અને અમદાવાદમાં તાપમાન ૩૫ ડિગ્રી રહેશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૪

રાજ્યમાં વરસાદે વિરામ લઈ લીધો છે. ગુજરાત છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોઈપણ જિલ્લામાં વરસાદ નથી પડ્યો તેમજ અમદાવાદ સહિત આસપાસના વિસ્તારમાં મહત્તમ તાપમાન ૩૪થી ૩૫ ડિગ્રી સેલ્સિયસ રહેવાની પણ શક્યતાઓ છે, ત્યારે ગાંધીનગરમાં પણ મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતાઓ છે. એક તરફ આજે વહેલી સવારથી જ અમદાવાદમાં સામાન્ય વાદળછાયું વાતાવરણ રહ્યું હતું, જે આ સમયગાળા દરમિયાન સામાન્ય છે અને બીજી તરફ ચોમાસાએ વિદાય લેવાની શરૂઆત કરી દીધી છે, ત્યારે હજુ પણ જો આગામી ત્રણથી ચાર દિવસ આ પ્રકારનું વાતાવરણ યથાવત રહે તો હજુ પણ રાજયના અન્ય જિલ્લાઓમાંથી નૈઋત્યના ચોમાસાએ વિદાય લીધી છે તેમ કહી શકાશે. ઉલ્લેખનીય છે કે, હાલમાં અમદાવાદવાસીઓ ૩૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વેઠી રહ્યા છે, ત્યારે હજુ પણ આગામી ૨થી ૩ દિવસ રાજ્યભરનું મહત્તમ તાપમાન યથાવત રહેશે. ત્યાર બાદ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન વધી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાતના દક્ષિણ ભાગમાં છુટાછવાયા હળવા વરસાદની શક્યતાઓ છે. આ સિવાય રાજ્યના અન્ય કોઈ ભાગમાં વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી નથી. પરંતુ હાલમાં નૈઋત્યના ચોમાસાની વિદાયની પ્રક્રિયા ચાલી રહી છે, જેને કારણે રાજયના કેટલાક ભાગમાં છુટાછવાયા વાદળો દેખાઈ શકે છે. મોન્સૂન વિડ્રોઅલની પ્રક્રિયાના ભાગરૂપે અમદાવાદ શહેરમાં પણ છુટાછવાયા વાદળો દેખાઈ શકે છે.

**જાહેર નોટિસ**

આથી અમો સહી કરનાર અને જાહેર નોટિસ આપનાર મુખ્ય પ્રયોજક શ્રી મકવાણા અમનકુમાર જયંતીભાઈ, બી - ૮ , સુરભી સોસાયટી , વિભાગ- ૨, કલિકુંડ, તા . ધોળકા, જિ. અમદાવાદ જણાવીએ છીએ કે અમોએ ( સૂચિત) ધરોહર કો ઓપરેટિવ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લિમિટેડ તાલુકો ધોળકાની નોંધણી અંગેની પ્રક્રિયા શરૂ કરેલ છે અને સૂચિત સોસાયટીનું કાર્યક્ષેત્ર સમગ્ર અમદાવાદ જિલ્લો, સીટી અને ગ્રામ્ય વિસ્તાર કરવા કાર્યવાહી કરેલ છે. તેમાં કોઈ સંસ્થા, વ્યક્તિ, કંપની અથવા કોઈપણ ને વાંધો કે વિરોધ હોય તો દિન - ૧૦ માં નીચેના સરનામે અથવા જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. ( રૂરલ) અમદાવાદ વસ્ત્રાપુર બહુમાળી ભવન કચેરીમાં જાણ કરવી.
તા . ૦૫/૧૦/૨૦૨૪

**સરનામું : (સૂચિત) ધરોહર કો. ઓ . ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લિ. એફ-૮, બાલાજી સ્કવેર, પહેલો માળ, પાર્શ્વનાથ હોસ્પિટલની સામે, કલિકુંડ, ધોળકા. જિ. અમદાવાદ**

### તા.૭ ઓકટોબરના રોજ

# જુહાપુરા ખાતે પસંદગી પામેલા હજ યાત્રીઓના કવર નંબર જાહેર કરાશે

અમદાવાદ,તા.૪

હજ ૨૦૨૫ માટે અગાઉ સંભવિત તારીખ ૪/૧૦/૨૦૨૪ના રોજ નક્કી થયેલ હતી, જે માટે સમય ખુબ જ ઓછો હોવાથી ગુજરાત રાજ્ય હજ સમિતિના ચેરમેન ઈકબાલ સૈયદએ રૂબરૂ લઘુમતી બાબતોના મંત્રાલય, નવી દિલ્હી ખાતે જે તારીખ ૭/૧૦/૨૦૨૪ના રોજ રાખવા સંયુકત સચિવ તથા ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરને રજૂઆત કરી હતી જે રજૂઆત માન્ય રાખી તા.૭/૧૦/૨૦૨૪ના રોજ હજ ૨૦૨૫ માટે સવારે ૧૧:૩૦ કલાકે રેન્ડમ ડિજિટલ સિલેકશન (કુર્રાહ) દિલ્હીની હજ કમિટી ઓફ ઈન્ડિયાની બ્રાન્ચ ઓફિસ ખાતેથી કરવામાં આવશે. ચેરમેન ઈકબાલ સૈયદ દ્વારા ઉકત અધિકારીઓને ગુજરાત રાજયમાં વધારે અરજી હોવાથી વધારે કવોટા ફાળવાય તેવી રજૂઆત કરવામાં આવી છે. તા.૭/૧૦/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ગાંધી હોલ, જુહાપુરા, અમદાવાદ ખાતે પસંદગી પામેલા હજ યાત્રીઓના કવર નંબર જાહેર કરવામાં આવશે તેથી ઉકત પ્રોગ્રામમાં આવવા દરેક હજ અરજદારને ગુજરાત રાજય હજ સમિતિના ચેરમેન ઈકબાલ સૈયદ જાહેર આમંત્રણ પાઠવે છે. તેમ ગુજરાત રાજય હજ સમિતિની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ગુજરાત કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટની બેઠક યોજાઈ



આગામી દિવસોમાં ગુજરાતમાં નગરપાલિકા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ યોજાનાર છે. તેને ધ્યાને લઈ તારીખ ૩/૧૦/૨૦૨૪ના રોજ પાલડી ખાતે આવેલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવનમાં ગુજરાત કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટના ચેરમેન વઝીરખાન પઠાણના અધ્યક્ષસ્થાને અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાત કોંગ્રેસ માઈનોરિટી ડિર્પા.ના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

**નામ બદલેલ છે.**

મે મારૂ નામ આફરીનનાઝ સોહેલખાન મેવ હતું તે બદલીને રીદાફાતિમા સોહેલખાન મેવ રાખેલ છે.

સી-૬, ગુલમોહર સોસાયટી, મેમણ હોલ પાસે જુહાપુરા અમદાવાદ - ૩૮૦૦૫૫

**ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ (યાંત્રિક)**
**ટેન્ડર નોટીસ નં.૦૪ સને ૨૦૨૪-૨૫ (બીજો પ્રયત્ન)**
**(ઓફ લાઈન)**

| | |
|---|---|
| ૧. કામનું નામ | રીપેરીંગ સપ્લાય એન્ડ ફીટીંગ ઓફ એસેમ્બલી સ્પેર્સ ઈન યુનીપેવ મેક પેવર નં.જીજે-૦૨ જી-૦૮૫૯ એટ હોટ-મીક્ષ પ્લાન્ટ, રામનગર-બાવળ. |
| ૨. કામની અંદાજિત કિંમત | રૂા.૨,૯૯,૫૦૦/- |
| ૨.ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ | તા.૧૧/૧૦/૨૦૨૪, ૧૬.૦૦ કલાક સુધી |
| ૩.ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | તા.૧૯/૧૦/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી |
| ૪. ટેન્ડર ખોલવાની તારીખ- | તા.૨૧/૧૦/૨૦૨૪, ૧૫.૦૦ કલાકે |
| ૫. કચેરીનું નામ તથા સરનામું | નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, અમદાવાદ યાંત્રિક પેટા વિભાગ નં.૩ (મામ.), બી/૭, બહુમાળી ભવન, વસ્ત્રાપુર અમદાવાદ-૩૮૦૦૫૨ |

ઉપરના કામે પાનકાર્ડ, જી.એસ.ટી.રજિસ્ટ્રેશન, લેટરપેડ, પ્રોપરાઈટશીપના પુરાવા તથા આવા કામના અનુભવ ધરાવતા ઈસમો પાસેથી સીલબંધ કવરમાં બીડ ઓફર મંગાવવામાં આવે છે. ટેન્ડર ડોકયુમેન્ટ પુરાવા સાથે ટેન્ડર ફી રૂા.૬૦૦=૦૦ રોકડા ભર્યેથી નિયત તારીખ સુધીમાં ટેન્ડર આપવામાં આવશે. કોઈપણ કે બધા ટેન્ડર અસ્વીકારવાનો ખાતાનો અધિકાર અબાધિત રહેશે. આ કામની વિગતવાર નોટિસ કચેરીના નોટિસ બોર્ડ ઉપર જોઈ શકાશે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૨૭/૨૦૨૪

# આગામી પાંચ વર્ષમાં ભારતની માથાદીઠ આવકમાં ૨૦૦૦ અમેરિકન ડોલરનો વધારો થશે : નાણામંત્રી સીતારમણ

(એજન્સી) તા.૪

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે ભારતને આઝાદીના ૭૫ વર્ષ બાદ માથાદીઠ આવક ૨૭૩૦ ડોલર હાંસલ કરવામાં લાગી હતી. પરંતુ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ મુજબ આગામી ૫ વર્ષમાં માથાદીઠ આવકમાં ૨૦૦૦નો વધારો થઈ જશે. તેમણે કહ્યું કે, આવનારા દાયકાઓમાં સામાન્ય માણસની જીવનશૈલીમાં મોટો બદલાવ આવશે જે ભારતીયોના જીવનને ફરીથી પરિભાષિત કરશે. નાણામંત્રીએ કહ્યું, અસમાનતામાં ઘટાડો કરીને આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી રહી છે. કૌટિલ્ય ઈકોનોમિક કોન્ક્લેવને સંબોધતા નાણામંત્રી સીતારમણે કહ્યું, છેલ્લા દાયકામાં આર્થિક મોરચે ભારતનું ઉત્તમ પ્રદર્શન, ૫ વર્ષમાં વિશ્વની ૧૦મી સૌથી મોટી અર્થ વ્યવસ્થા, સતત ઉચ્ચ વૃદ્ધિ દર અને નીચો ફુગાવો આ શક્ય બન્યું છે રાખવાને કારણે. નાણામંત્રીએ કહ્યું કે ભારતને ૨૭૩૦ ડોલરની માથાદીઠ આવક હાંસલ કરવામાં ૭૫ વર્ષ લાગ્યા છે, પરંતુ આગામી ૫ વર્ષમાં તેમાં ૨૦૦૦ ડોલર વધુ ઉમેરી શકાય છે. નાણામંત્રીએ કહ્યું કે, જ્યારે આખું વિશ્વ વિભાજિત છે અને સતત સંઘર્ષ જોવા મળી રહ્યો છે, જે વૈશ્વિક શાંતિ માટે એક મોટો ખતરો છે, તેમ છતાં ભારતની ૧૪૦ કરોડની મોટી વસ્તીને કારણે માથાદીઠ આવક, જે કુલ ૧૮ ટકા છે. વિશ્વની વસ્તી આગામી થોડા વર્ષોમાં બમણી થવા માંગે છે. નાણામંત્રીએ કહ્યું કે, ૨૦૦૦ના દાયકામાં, વૈશ્વિક વેપાર અને રોકાણનું વાતાવરણ તેમના તરફેણમાં હોવાને કારણે




ચીન જેવા ઉભરતા બજારો સરળતાથી ઝડપથી વિકાસ કરી શક્યા હતા. પરંતુ જ્યારે ભારત માટે આ એક મોટો પડકાર છે, ત્યારે તે એક તક પણ લઈને આવે છે. તેમણે કહ્યું, વૈશ્વિક સ્થિતિ પહેલા જેવી નથી, તેમ છતાં ભારત આગામી દાયકામાં ઝડપથી વિકાસ કરવાનું ચાલુ રાખશે. નિર્મલા સીતારમણે કહ્યું કે, આગામી દાયકામાં ભારતમાં વપરાશમાં જોરદાર વધારો થશે. હાલમાં, ૪૩ ટકા ભારતીયો ૨૪ વર્ષથી ઓછી ઉંમરના છે અને તેઓએ તેમના વપરાશની રીતો શોધવાની બાકી છે.

# ‘ચીન ઝડપથી LAC પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી રહ્યું છે, ભારત પણ અપગ્રેડ કરી રહ્યું છે’ : IAF ચીફ એ.પી. સિંહ

## એર ચીફ માર્શલ એ.પી. સિંહે કહ્યું હતું કે, ભવિષ્યના કોઈપણ સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે સ્વદેશી શસ્ત્ર પ્રણાલી હોવી મહત્ત્વપૂર્ણ છે

(એજન્સી) તા.૪

એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે કહ્યું હતું કે ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા પર, ખાસ કરીને લદ્દાખ સેક્ટરમાં ઝડપથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યું છે, જ્યારે ભારત પણ સરહદ પર તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરી રહ્યું છે.

વાયુસેના દિવસ પહેલા એક પ્રેસ કોન્ફરન્સમાં એપી સિંહે વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં ભૌગોલિક રાજકીય તણાવ અને સંઘર્ષો પર પણ વાત કરી હતી અને કહ્યું હતું કે ભવિષ્યના કોઈપણ સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે સ્વદેશી શસ્ત્ર પ્રણાલી હોવી મહત્વપૂર્ણ છે. એપી સિંહે કહ્યું, "ભારતીય વાયુસેના પાસે ૨૦૪૭ સુધીમાં ભારતમાં ઉત્પાદિત સમગ્ર ઇન્વેન્ટરી હોવી જોઈએ."

એક પ્રશ્નના જવાબમાં એર ચીફ માર્શલે કહ્યું કે રશિયા દ્વારા S-400 મિસાઈલ સિસ્ટમના ત્રણ યુનિટ આપવામાં આવ્યા છે અને બાકીના બે યુનિટ આવતા વર્ષ સુધીમાં પહોંચાડવાનું વચન આપ્યું છે. ટેસ્ટ પાઈલટ એપી સિંઘે ગયા મહિને ભારતીય વાયુસેનાના નવા વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમણે એર ચીફ માર્શલ વીઆર ચૌધરી પાસેથી ચાર્જ લીધો હતો જેઓ ચીફ તરીકે ત્રણ વર્ષના કાર્યકાળ પછી આજે નિવૃત્ત થયા હતા.

એર ચીફ માર્શલ સિંહ અગાઉ વાઈસ ચીફ ઓફ ધ એર સ્ટાફ હતા. ૨૭ ઓક્ટોબર, ૧૯૬૪ના રોજ જન્મેલા એસીએમ સિંઘને



ડિસેમ્બર ૧૯૮૪માં ભારતીય વાયુસેનાના ફાઈટર પાઈલટ સ્ટ્રીમમાં કમિશન આપવામાં આવ્યું હતું.

તેમની લગભગ ૪૦ વર્ષની લાંબી અને વિશિષ્ટ સેવા દરમિયાન, તેમણે વિવિધ કમાન્ડ, સ્ટાફ, સૂચનાત્મક અને વિદેશી નિમણૂંકોમાં સેવા આપી છે. નેશનલ ડિફેન્સ એકેડેમી, ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કૉલેજ અને નેશનલ ડિફેન્સ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, તે ક્વોલિફાઈડ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર અને વિવિધ ફિક્સ્ડ અને રોટરી વિંગ એરક્રાફ્ટ પર ૫,૦૦૦ કલાકથી વધુ ઉડ્ડયન અનુભવ સાથે પ્રાયોગિક ટેસ્ટ પાઈલટ છે.

# CBIએ NIAના ડે. એસપી અને પટણામાં બે વચેટિયાને ૨૦ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપ્યા, વધુ તપાસ હાથ ધરાઈ

(એજન્સી) તા.૪

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ ગુરૂવારે NIAના એક વરિષ્ઠ અધિકારીની ધરપકડ કરી છે. અધિકારીની સાથે તેના બે વચેટિયાની પણ ધરપકડ કરવામાં આવી છે. ત્રણેય પર ફરિયાદી પાસેથી ૨૦ લાખ રૂપિયાની લાંચ લેવાનો આરોપ છે. મામલાની તપાસ કરતા અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપી NIA અધિકારીએ એક વ્યક્તિને તેના વિરૂદ્ધ ચાલી રહેલા એક કેસના મામલામાં તપાસથી બચાવવા માટે લાંચ લીધી હતી. સીબીઆઈને રામૈયા કન્સ્ટ્રક્શનના માલિક રોકી યાદવ તરફથી ફરિયાદ મળી હતી કે નાયબ પોલીસ અધિક્ષક અજય પ્રતાપ સિંહ મારા પરિવારને લાયસન્સ વિના ગેરકાયદેસર હથિયાર રાખવાના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપીને મારી પાસેથી પૈસા પડાવી રહ્યાં છે. અધિકારીઓએ જણાવ્યું કે NIAના લાંચિયા અધિકારીએ ૧૯ સપ્ટેમ્બરે યાદવના ઘરની તપાસ કરી હતી અને તેને




૨૬ સપ્ટેમ્બરે કેસના તપાસ અધિકારી સિંહ સમક્ષ પૂછપરછ માટે હાજર થવા કહ્યું હતું. તેમણે કહ્યું કે અજય પ્રતાપ સિંહ પર યાદવને ધમકી આપવાનો અને તપાસના પરિણામો બચાવવા માટે ૨.૫ કરોડ રૂપિયાની લાંચ માંગવાનો આરોપ છે. અધિકારીએ જણાવ્યું કે રોકી યાદવ પોતાના પરિવારને ખોટા આરોપોથી બચાવવા માટે અજય પ્રતાપ સિંહને લાંચ આપવા માટે તૈયાર થયો હતો. આ મામલાની તપાસ દરમિયાન CBIએ NIA અધિકારીની લાંચ લેતા ધરપકડ કરી છે. હવે આરોપી અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# આરક્ષણ પરની ૫૦ ટકાની મર્યાદા દૂર કરો : શરદ પવારની કેન્દ્ર સમક્ષ માંગ

(એજન્સી) તા.૪

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના દિગ્ગજ નેતા શરદ પવારે કેન્દ્ર સરકારને શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામત પરની ૫૦% મર્યાદાને નાબૂદ કરવા હાકલ કરી છે.

આ માંગ ઐતિહાસિક અન્યાય અને સામાજિક-આર્થિક અસમાનતાઓને સંબોધવા માટે હાલની હકારાત્મક પગલાંની નીતિઓની પર્યાપ્તતાને લગતા વિવિધ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોમાં વધતી ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે.

“હાલમાં આરક્ષણની મર્યાદા ૫૦ ટકા છે. પરંતુ જો તમિલનાડુમાં ૭૮ ટકા (વિવિધ સમુદાયો માટે ક્વોટા) હોઈ શકે છે, તો મહારાષ્ટ્રમાં ૭૫ ટકા અનામત કેમ ન હોઈ શકે ?

પવારે તાજેતરના જાહેર સંબોધન દરમિયાન તેમની સ્થિતિ સ્પષ્ટ કરી, ભારપૂર્વક જણાવ્યું કે વર્તમાન મર્યાદા પછાત વર્ગો, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય વંચિત જૂથોના અસંખ્ય લાયક ઉમેદવારો માટેની તકોને મર્યાદિત કરે છે. તેમણે દલીલ કરી હતી કે આરક્ષણનો મૂળ ઉદ્દેશ અન્ડરપ્રેઝેન્ટેડ સમુદાયોના ઉત્થાનનો હતો અને ટોચમર્યાદા જાળવવાથી તે હેતુને નબળો પડે છે.

પવારે નોંધ્યું હતું કે સામાજિક-આર્થિક લેન્ડસ્કેપ નોંધપાત્ર રીતે વિકસિત થયું છે, અને નિષ્પક્ષ પ્રતિનિધિત્વ અને તકોની પહોંચ સુનિશ્ચિત કરવા નીતિઓ માટે તે મુજબ અનુકૂલન કરવું મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું, કેન્દ્રએ આગેવાની લેવી જોઈએ અને ક્વોટાની મર્યાદા વધારવા માટે બંધારણીય સુધારો લાવવો જોઈએ. "અમે સુધારાને સમર્થન આપીશું,".

પવારે જણાવ્યું હતું કે વિપક્ષી જૂથ મહા વિકાસ અઘાડી (MVA)ના નેતાઓ વચ્ચે બેઠક વહેંચણીની વાટાઘાટો આવતા અઠવાડિયે ચાલુ રહેશે. તેમણે કહ્યું, "હું ફક્ત નેતાઓને સલાહ આપીશ કે શક્ય તેટલી વહેલી તકે વાટાઘાટો પૂર્ણ કરો જેથી અમે એવા લોકો પાસે જઈ શકીએ, જેઓ પરિવર્તન ઈચ્છી રહ્યા છે."

MVA ભાગીદારો NCP (SP), ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT) અને કોંગ્રેસે તાજેતરની લોકસભા ચૂંટણી એક એકમ તરીકે લડી અને પ્રભાવશાળી પ્રદર્શન કર્યું, રાજ્યની ૪૮ બેઠકોમાંથી ૩૦ બેઠકો જીતી. મહારાષ્ટ્ર



વિધાનસભાની ચૂંટણી નવેમ્બરમાં થવાની છે.

૫૦% અનામત મર્યાદા સર્વોચ્ચ અદાલત દ્વારા ૧૯૯૨ માં ઈન્દ્રા સાહની વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના સીમાચિહ્નરૂપ ચુકાદામાં સ્થાપિત કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ મેરીટોક્રસીના સિદ્ધાંત સાથે હકારાત્મક પગલાંને સંતુલિત કરવાનો હતો. જો કે, પવાર દલીલ કરે છે કે આ મર્યાદા હવે પ્રગતિમાં અવરોધ છે. તેમણે કેન્દ્રને સમાજની બદલાતી વસ્તી અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને અનામત નીતિની વ્યાપક સમીક્ષા પર વિચાર કરવા વિનંતી કરી. તદુપરાંત, પવારે એવા કિસ્સાઓ પ્રકાશિત કર્યા કે જ્યાં અમુક રાજ્યોએ કાનૂની ગૂંચવણો વિના ઉચ્ચ અનામત ટકાવારીને સફળતાપૂર્વક લાગુ કરી છે, જે સૂચવે છે કે વધુ લવચીક અભિગમ ફાયદાકારક બની શકે છે. તેમણે તમિલનાડુ જેવા રાજ્યોના ઉદાહરણો ટાંક્યા, જેમણે ઉચ્ચ કેપ લાગુ કરી છે અને પ્રતિનિધિત્વ અને સામાજિક ગતિશીલતાના સંદર્ભમાં સકારાત્મક પરિણામો જોયા છે. ખાસ કરીને જાહેર સેવાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઉન્નત પ્રતિનિધિત્વ માટે વિવિધ જૂથોની વધતી માંગને ધ્યાનમાં રાખીને એનસીપી નેતાની અરજી આરક્ષણ પર વ્યાપક રાષ્ટ્રીય પ્રવચન સાથે સંરેખિત છે. સુધારા માટેના આ કોલમાં ઘટકોની વિશાળ શ્રેણી સાથે પડઘો પાડવાની ક્ષમતા છે, કારણ કે ઘણા સમુદાયોને લાગે છે કે હાલનું માળખું તેમની જરૂરિયાતોને યોગ્ય રીતે સંતોષતું નથી.

# પ્રિયંકા ગાંધીએ મને ફરીથી કુસ્તી કરવા માટે પ્રોત્સાહિત કરી : રેલીમાં વિનેશ ફોગાટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ બુધવારના રોજ હરિયાણાના જુલાનામાં મહિલા મતદારોને એક ખેડૂતના ઘરે તેમની મુલાકાતની ટુચકાઓ શેર કરીને ભાવનાત્મક અપીલ કરી, રાજ્યની મહિલાઓના નિર્ધારની પ્રશંસા કરી. પ્રિયંકા કોંગ્રેસના ઉમેદવાર અને ભૂતપૂર્વ ઓલિમ્પિયન કુસ્તીબાજ વિનેશ ફોગાટ માટે ચૂંટણી બંધિત રાજ્યમાં પ્રચાર કરી રહ્યા હતા,જ્યાં ૫ ઓક્ટોબરે ચૂંટણી યોજાવાની છે.

પેરિસ ઓલિમ્પિકમાં તાજેતરની ઘટનાને પગલે ફોગાટની તેની સ્થિતિસ્થાપકતાની પ્રશંસા કરતા, જ્યાં કુસ્તીબાજને ૧૦૦ ગ્રામ વધારે વજન હોવાને કારણે સિલ્વર મેડલ નકારવામાં આવ્યો હતો, પ્રિયંકાએ ભાજપ પર તેના વિવાદાસ્પદ કૃષિ કાયદા, અગ્નિપથ યોજના અને બેરોજગારી પર પણ પ્રહારો કર્યા હતા.

એક ખેડૂતના ઘરે તેમની મુલાકાત વિશે બોલતા, પ્રિયંકાએ કહ્યું કે,તે તેને જ્યારે તેની પુત્રી હરિયાણામાં બાસ્કેટબોલ કોચિંગ કેમ્પમાં જતી હતી અને તે નજીકના ખેતરમાં કામ કરતી હતી ત્યારે મળ્યા હતા.તેમણે કહ્યુવૃદ્ધ માણસ જેને હું દાદુ (દાદા) કહેતી હતી તેઓ તેનો પાક લણતા હતા. હું તેમની પાસે ગઈ અને તેમને મને પાક કેવી રીતે કાપવો તે શીખવવા કહ્યું. તેઓ જાણતા ન હતા કે હું કોણ છું, પરંતુ તેઓ સંમત થયા અને થોડાં સમય પછી, મને તેમના ઘરે લઈ ગયા. તેમના આખા પરિવારે મને તેમના પોતાના તરીકે શુભેચ્છા પાઠવી.

પ્રિયંકાએ કહ્યું, તેમનો પુત્ર મનોજ આવ્યો ત્યારે મેં ત્યાં ચાર-પાંચ કલાક વિતાવ્યા હતા. તેમણે રાયબરેલીમાં કોંગ્રેસ માટે કામ કર્યું હતું અને તરત જ મને ઓળખી કાઢી હતી. ત્યારથી લગભગ આઠ વર્ષ વીતી ગયા, પરંતુ મનોજ અને તેના દાદુ અને દાદી હજુ પણ મારા ઘરે આવે છે. આ હરિયાણાની સંસ્કૃતિ છે. હરિયાણાના લોકો આટલા પ્રેમાળ છે.

કોંગ્રેસના નેતાએ ફોગાટની પણ પ્રશંસા કરી, જેઓ જુલાનાથી રાજકીય પદાર્પણ કરી રહ્યા છે. વિનેશ તેના સમગ્ર સફર દરમિયાન મજબૂત હતી. તેણી ભાંગી પડી હતી, પરંતુ ઊભી થઈ અને ઓલિમ્પિકમાં ગઈ. મોદીજીની પોલીસ તેમને દિલ્હીની



ગલીઓમાં વાળથી ખેંચી ગઈ, પરંતુ તે વધુ મજબૂત થઈ. તે ઓલિમ્પિકમાં રમી હતી અને જાપાનની ગોલ્ડ મેડલ વિજેતાને હરાવી હતી.

પ્રિયંકાએ કહ્યું,જ્યારે તે ભારત પાછી આવી, ત્યારે તેણે મને કહ્યું કે,તે ભાંગી પડી છે, અને રાજકારણમાં જોડાવા માટે મારી સલાહ માંગી. મેં તેને કહ્યું કે, તેણે જોડાવું જ જોઈએ અને તેણે ચૂંટણી લડવી જોઈએ, તેના ખાતર નહીં, પરંતુ હરિયાણાની તમામ દીકરીઓ,હરિયાણાની મહિલાઓ માટે.

તેણે કેન્દ્રની ભાજપ સરકાર પર પણ પ્રહાર કરતા કહ્યું કે, આજે દરેક સ્તરે તમારી સાથે દગો કરવામાં આવી રહ્યો છે. ત્રણ કાળા કૃષિ કાયદા રજૂ કરનાર વડા પ્રધાન મોદીનો જ્યારે તમે (ખેડૂતો) વિરોધ કરી રહ્યા હતા ત્યારે એક વખત પણ તમારી મુલાકાત લીધી ન હતી. તેમના નિવાસસ્થાનથી થોડાક કિલોમીટર દૂર તેઓ જાણતા હતા કે આ કાયદાઓથી માત્ર મોટા વેપારીઓને જ ફાયદો થશે, જ્યારે ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી ત્યારે જ તેઓએ આ કાયદાઓ રદ કર્યા.

ફોગાટે કહ્યું કે,જ્યારે તેણી અને અન્ય કુસ્તીબાજોએ ગયા વર્ષે દિલ્હીમાં ભાજપના પૂર્વ સાંસદ અને તત્કાલીન રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે જાતીય શોષણનો કેસ નોંધાવવા વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા, ત્યારે હરિયાણા કોંગ્રેસના નેતા દીપેન્દ્ર હુડ્ડા અમારી પાસે દોડી આવ્યા હતા, અમે ઠીક છીએ કે કેમ તે તપાસવા.

ફોગાટે કહ્યું,જ્યારે અમારી બાજુમાં આવા ભાઈ હશે, ત્યારે મને ખાતરી છે કે તમે બધા અમને આશીર્વાદ આપશો. હું તમને બધાને ખાતરી આપું છું કે હું તમારો પ્રેમ ઘણી વખત પાછો આપીશ. તમે મને ઓલિમ્પિકમાં ભાગ લેતો જોઈ જ હશે. મારી સહભાગિતામાં પ્રિયંકા ગાંધીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. જ્યારે હું તેને મળી ત્યારે મેં તેમને કહ્યું, દીદી, હું એટલી ખરાબ રીતે તૂટી ગઈ છું કે મને લાગે છે કે મારે આ દેશ છોડી દેવો જોઈએ.

દીદીએ મને તેમના પિતાની વાર્તા કહી. તેમણે મને કહ્યું કે તેમને પણ લાગ્યું કે આ દેશે તેમને અને તેમના પરિવાર સાથે ન્યાય કર્યો નથી. પરંતુ જ્યારે તેઓ શેરીઓમાં બહાર નીકળી, ત્યારે તેમને લાગ્યું કે આખો દેશ તેમની પીડા વહેંચવા માટે ત્યાં છે. તેણીએ મને કહ્યું કે, આખું રાષ્ટ્ર ખોટું ન હોઈ શકે, અને આ દેશ મારા પર પણ અપાર પ્રેમ વરસાવશે.

તેમણે મને ફરીથી કુસ્તી કરવા માટે પ્રોત્સાહિત કરી. તે દિવસે એક વિખેરાઈ ગયેલી છોકરી ઓરડામાં પ્રવેશી પણ દુર્ગા બનીને બહાર નીકળી. હું રાજકારણમાં નવી છું. એવું ન વિચારો કે હું કોંગ્રેસની પ્રશંસા કરી રહી છું કારણ કે હું પાર્ટીમાં જોડાઈ છું. પરંતુ મને હૃદયપૂર્વક લાગ્યું છે કે પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓ મારા પરિવાર જેવા છે.

જુલાનામાં, ફોગાટ આમ આદમી પાર્ટીની કવિતા રાની, WWE કુસ્તીબાજ, ઈન્ડિયન નેશનલ લોકદળના સુરેન્દર લાથેર, BJPના યોગેશ કુમાર અને જનનાયક જનતા પાર્ટીના અમરજીત ધંડા સામે છે, જેઓ વર્તમાન ધારાસભ્ય પણ છે.

# ઈઝરાયેલે બનાવેલા ટાઈમ મશીન દ્વારા યુવાન બનાવી દેવાના ઝાંસામાં ફસાવી યુપીના દંપતીએ કરી મોટી છેતરપિંડી

## ઈઝરાયેલની ટેક્નોલોજીથી તમે ૬૦થી ૨૫ વર્ષના દેખાશો ! લોકોને છેતરી યુપીના દંપતીએ ૩૫ કરોડનું કૌભાંડ કર્યું

(એજન્સી) તા.૪

ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લામાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં વૃદ્ધોને યુવાન બનવાનો ચસ્કો ભારે પડ્યો છે. વદ્ધોએ ઈઝરાયેલી મશીનથી થેરેપીના ચક્કરમાં ૩૫ કરોડ ગુમાવી દીધા છે. આ મામલો એવો છે કે, અહીં એક પતિ-પત્નીએ વદ્ધોને થેરેપી દ્વારા યુવાન કરવાનો ઝાંસો આપીને ૩૫ કરોડ રૂપિયા ઠગી લીધા છે. હવે આ સમગ્ર મામલે કિદવઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. યુવાન દેખાવાની લાલસામાં માણસ એ ભૂલી ગયો છે કે વૃદ્ધ થવું એ પણ જીવનની એક વાસ્તવિકતા છે. કદાચ એટલે જ હવે કેટલાક લોકોએ પોતાની યુવાની જાળવી રાખવાની લોકોની ઈચ્છાનો ફાયદો ઉઠાવીને તેમને ઠગવાનો પ્લાન બનાવ્યો છે. કાનપુરમાં એક પતિ-પત્ની પર ઈઝરાયેલી મશીન દ્વારા ૬૦ વર્ષથી વધુ વયના વદ્ધોને ૨૫ વર્ષના યુવાન બનાવી દેવાનો ઝાંસો આપીને લગભગ ૩૫ કરોડ રૂપિયા ઠગવાનો રિપોર્ટ નોંધાવામાં આવ્યો છે. લોકોને ચૂનો લગાડનાર આ પતિ-પત્નીએ બધાને ઝાંસો આપ્યો હતો કે, આ ઈઝરાયલી મશીન ઓક્સિજન થેરેપી કરે છે, જેના કારણે વૃદ્ધો યુવાન બની જાય છે. પતિ-પત્ની પર ૩૫ કરોડ રૂપિયાની ઠગાઈ કરવાનો આરોપ લોકોને યુવાન બનવાનો ચસ્કો એવો ચઢ્યો કે, થોડા જ દિવસોમાં હજારો લોકોએ લગભગ ૩૫ કરોડ રૂપિયા આ પતિ-પત્નીની સંસ્થામાં જમા કરાવી દીધા. ઘણા લોકોએ આ મશીનમાં ઓક્સિજન થેરેપી પણ લીધી પરંતુ કોઈ પણ વ્યક્તિ ૬૦ વર્ષથી ઓછા થઈને ૫૯ વર્ષના જેવા પણ ન થઈ શક્યા. અંતે લોકોને જાણ થઈ ગઈ કે અમારી સાથે છેતરપિંડી થઈ રહી છે જ્યારે બીજી તરફ આ વાતની ભનક યુવા પતિ-પત્નીને થઈ જતા તેઓ પણ ગાયબ થઈ ગયા. હવે બંને વિરૂદ્ધ ડો.રેનૂ સિંહ ચંદેલે પોલીસમાં રિપોર્ટ નોંધાવ્યો છે. પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી દીધી છે. રેનૂ સિંહ ચંદેલનો આરોપ છે કે સ્વરૂપ નગરના રહેવાસી રાજીવ દુબે અને તેની પત્ની રશ્મિ દુબેએ સાકેત નગરમાં રિવાઈવલ વર્લ્ડ નામની સંસ્થા ખોલી છે. બંનેએ દાવો કર્યો છે કે તેમણે ઈઝરાયેલથી વૃદ્ધોને યુવાન બનાવવાની મશીન મંગાવી છે.ર આ મશીન વૃદ્ધોને કેટલીક થેરેપી આપીને ૬૦ વર્ષથી ૨૫ વર્ષના યુવાન બનાવી દે છે. તેમણે આ સંસ્થાનો ખૂબ પ્રચાર કર્યો. રેનૂએ પણ તેમની મશીન પર વિશ્વાસ કરીને સેંકડો



લોકોને પોતાની તરફથી યુનિટ બનાવીને તેમની સંસ્થામાં પૈસા લગાવી દીધા. રેનૂનો આરોપ છે કે, કેટલાક લોકોને તેમણે ઓક્સિજન થેરેપી આપી. મશીનમાં એક સાથે ઘણા લોકોનાં બેસવાની વ્યવસ્થા હતી પરંતુ તેમણે ન તો ક્યારેય મશીનનું કોઈને બિલ બતાવ્યું કે ન તો મશીનનું સાચું નામ બતાવ્યું. વદ્ધમાંથી યુવાન બનવાની ચાહમાં લોકો તેમની થેરેપી લેતા રહ્યા. થેરેપી માટે પતિ-પત્નીએ કેટલાક લોકો પાસેથી ૬૦૦૦ રૂપિયા અને કેટલાક લોકો પાસેથી ૯૦૦૦૦ રૂપિયા લીધા હતા. પરંતુ આ થેરાપીથી કોઈ પણ યુવાન ન થયું અને કોઈની ઉંમર ૬૦ વર્ષથી ૫૯ વર્ષ પણ ન થઈ. જ્યારે લોકોને ખબર પડી કે આ લોકો આપણી સાથે છેતરપિંડી કરી રહ્યા છે ત્યારે તેઓએ તેમના પૈસા પાછા માંગવાનું શરૂ કર્યું. પરંતુ આ દંપતી તેમના ફ્લેટને તાળું લગાવીને ગાયબ થઈ ગયું હતું. રેનૂ સિંહનું કહેવું છે કે તેણે લગભગ હજારો લોકો પાસેથી ૩૫ કરોડ રૂપિયાથી વધુની ઠગાઈ કરી છે. હવે આ લોકો વિદેશ ભાગી જવાના ચક્કરમાં છે. આથી અમે પોલીસ કમિશનર સાથે મુલાકાત કરી પતિ-પત્ની વિરૂદ્ધ કિડવાઈ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ મામલે કિદવાઈ નગર ACP અંજલિ વિશ્વકર્માએ જણાવ્યું કે, અમે રિપોર્ટ દાખલ કર્યો છે. ફ્લેટને તાળું લાગેલું છે. બંનેની તલાશ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં બંનેની ધરપકડ કરી લેવામાં આવશે.

# છત્તીસગઢમાં ૩૬ માઓવાદી નકસલવાદીઓ એન્કાઉન્ટરમાં ઠાર

**નકસલી ઈતિહાસનું અત્યાર સુધીનું સૌથી મોટામાં મોટું એન્કાઉન્ટર ● કેવી રીતે સલામતી દળોએ કરી જબ્બર આક્રમણની તૈયારી, દસ કિલોમીટરના વિસ્તારમાં માઓવાદીઓને ઘેરી લેવાયા હતા**



(એજન્સી) નવી દિલ્હી, તા.૪

છત્તીસગઢના દંતેવાડા અને નારાયણપુર વિસ્તારમાં નકસલી ઈતિહાસના આજ સુધીના સૌથી મોટા અને વ્યાપક એન્કાઉન્ટરમાં સલામતી દળોએ ૩૬ માઓવાદી નકસલીઓને ઢાળી દીધા હતા. સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને ડિસ્ટ્રીકટ રિઝર્વ ગાર્ડના જવાનો અને નકસલવાદીઓ વચ્ચે બસ્તર પ્રદેશના દંતેવાડા પાસેના જંગલોમાં ભીષણ ગોળી યુદ્ધ ખેલાયું હતું. જંગલ વિસ્તારના અનેક ગામોમાં નકસલવાદીઓ સાથે ભારે સામસામા ગોળીબાર થયા હતા. મળતા અહેવાલો મુજબ ૩૬ જેટલા માઓવાદીઓ માર્યા ગયા હતા.

તાજેતરના સમયમાં નકસલ વિરોધી ઓપરેશનમાં સુરક્ષા દળોને આ મોટામાં મોટી સફળતા મળી છે. પૂર્વ બાતમીને આધારે સુરક્ષા દળોનો મોટો કાફલો નારાયણપુર અને દંતેવાડા સરહદ પરના વન વિસ્તારના ધસી ગયો હતો અને નકસલીઓને ઘેરી લીધા હતા. કલાકો સુધી સામસામા ધાણીપુટ ગોળીબાર થયા હતા અને નકસલીઓને મોટી જાનહાનિ સહન કરવી પડી હતી. એન્કાઉન્ટર સ્થળેથી એકે શ્રેણીની અનેક રાઈફલ અને દારૂગોળો મળ્યા હતા. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ દ્વારા મીડિયાને માહિતી આપવામાં આવી હતી કે, આજે બસ્તરના જંગલોમાં સલામતિ દળોને નકસલ વિરોધી ઓપરેશનમાં બહુ મોટી કામયાબી મળી છે. રાજયમાં હવે નકસલવાદ આખરી શ્વાસ લઈ રહ્યો છે. અમે આ દૂષણને નાબૂદ કરીને રહીશું. તેમણે સલામતી દળોને અભિનંદન આપ્યા હતા.

નારાયણપુર વિસ્તાર માઓવાદી નકસલી માટે સૌથી સુરક્ષિત વિસ્તાર ગણાતો હતો હવે સલામતી દળોએ એમની કમર તોડી નાખી છે. એન્કાઉન્ટરમાં નકસલવાદીના અનેક ઝોનલ કમાન્ડર અને સિનિયર લડાકુ માર્યા ગયા હતા.

# સુપ્રીમ કોર્ટની કેન્ટીનમાંથી નવરાત્રી પર નોનવેજ ફૂડ નહીં આપવાનો નિર્ણય ખોટી પરંપરા ઊભી કરશે : સુપ્રીમના એડવોકેટનો અસાધારણ પત્ર

**કેન્ટીનમાંથી નવરાત્રી પર નોનવેજ વાનગીઓ અને ડુંગળી-લસણ સાથેનું શાક નહીં પીરસવાનો નિર્ણય લેવાતા ભારે વિવાદ જાગી ઉઠ્યો**



(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં બનેલી પહેલી ઘટનામાં સુપ્રીમ કોર્ટના કેટલાક એડવોકેટ દ્વારા સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનને પત્ર પાઠવવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટની કેન્ટીનમાંથી નોનવેજ ફૂડ નવરાત્રી પર નહીં આપવાના નિર્ણયનો વિરોધ કરીને પત્રમાં એડવોકેટો દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે, આ પ્રકારનો નિર્ણય ભવિષ્ય માટે ખોટી પરંપરા પ્રસ્થાપિત કરી શકે છે. જુઓ આવું પગલું લેવાશે તો અને નવરાત્રી પર નોનવેજ થાળી તથા ડુંગળી-લસણ સાથેના શાક નહીં પીરસવાના પગલાને મંજૂરી અપાશે તો આપણી વિવિધતાની પરંપરાને નુકસાન થશે અને એકમેક માટેના સન્માનમાં ઘસારો આવશે. થોડાક લોકોને ખાતર આવો નિર્ણય લેવાયો છે એટલે ભવિષ્યમાં આવ જાત-જાતના પ્રતિબંધો માટેની માગણીઓનો દરવાજો ખૂલી જશે. સુપ્રીમના કેટલાક વકીલોએ બાર એસો. ઉપરાંત સુપ્રીમ કોર્ટ એડવોકેટ ઓન રેકોર્ડ એસો.ના પ્રમુખને પણ પત્ર લખ્યો છે અને કેન્ટીનના નિર્ણયનો સખત વિરોધ કર્યો છે. પત્રો ઉમેરે છે કે, આ તો ઘણો અસાધારણ નિર્ણય છે. જેનાથી ખૂબ જ ખોટી પરંપરા શરૂ થઈ જશે. નવરાત્રી પર નોનવેજ ફૂડ અથવા તો ડુંગળી અને લસણ સાથેનું શાક નહીં પીરસવાનું પગલું મુઠ્ઠીભર લોકોની માગણીને વશ થઈને લેવાયું છે. આપણી વૈવિધ્યસભર પરંપરાને નુકસાન થશે એટલે આ નિર્ણયને પાછો ખેંચવામાં આવે અને નોર્મલ મેનુ ચાલું રાખવામાં આવે ઓવી અમારી વિનંતી છે. જે ઉપવાસ કરે તેને નવરાત્રીનું મેનું આપો બીજાને વંચિત શું કામ રાખવા જોઈએ.

# પૂર્વ ભારતીય ક્રિકેટર સલીલ અંકોલાની માતાનો મૃતદેહ ગળું કાપેલી હાલતમાં મળ્યો

**પૂણે ખાતેના ફ્લેટમાં નોકરાણી આવ્યા બાદ ઘટના પ્રકાશમાં આવી**



(એજન્સી) પૂણે, તા.૪

પૂર્વ ભારતીય ક્રિકેટર સલીલ અંકોલાની માતાનો મૃતદેહ પૂણેના એમના ફ્લેટમાંથી ગળું કપાયેલી હાલતમાં મળી આવ્યો હતો એવું પોલીસે જણાવ્યું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ પોતાના હાથે ગળા પર ઘા કર્યા હોય એવું પ્રથમદર્શી તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસે જણાવ્યું હતું કે, આજે બપોરે ડેક્કન જીમખાના પાસે પ્રભાત રોડ પર આવેલા ફ્લેટમાંથી માલા અશોક અંકોલા (૭૭)નો મૃતદેહ મળી આવ્યો હતો. એમની નોકરાણી ઘરે આવી ત્યારે દરવાજો ખુલતો જ ન હતો પરિવારજનોને જાણ કરી હતી એ પછી દરવાજો ખોલવામાં આવતા મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો અને ગળું કપાયેલું હતું. પોલીસને આપઘાતની શંકા છે પણ દરેક પાસા પર તપાસ થઈ રહી છે. એવું ડેપ્યુટી પોલીસ કમિશનર સંદીપ સિંઘ ગીલે જણાવ્યું હતું. મૃતકને માનસિક બીમારી પણ હતી એવું જાહેર થયું છે.

# ભારતીય અર્થતંત્ર પરિવર્તનના તબક્કામાંથી પસાર થાય છે, ૭ ટકાના દરે વિકાસ થવાની આશા : પીએમ મોદી

**તમામ નિષ્ણાતોના અંદાજથી વિપરીત આપણે ઘણી સારી પ્રગતિ કરી છે અને મને વિશ્વાસ છે કે, ભારત વધુ સારો દેખાવ કરશે**



(એજન્સી) નવી દિલ્હી, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, અવનારા વર્ષોમાં ભારતીય અર્થતંત્ર ૭ ટકાના અંદાજીત વિકાસ દરથી પણ વધુ સારો દેખાવ કરશે. ભારતીય અર્થતંત્રના તમામ પાયાના વિભાગો મજબૂત છે એટલે દેશ એકધારા ઉંચા વિકાસ દર સાથે આગળ વધી રહ્યો છે. કૌટિલ્ય આર્થિક પરીસંવાદની ત્રીજી આવૃત્તિમાં સંબોધન કરતા વડાપ્રધાને કહ્યું કે, અપણું અર્થતંત્ર ૭ ટકાથી પણ વધુ વિકાસ દર સાથે આગળ વધી રહ્યું છે. દરેકની ધારણા કરતા વધુ સારો દેખાવો અર્થતંત્ર કરી રહ્યું છે. ભારતીય અર્થતંત્ર અત્યારે મોટા પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. અર્થતંત્રના પાયા મજબૂત છે એટલે ભારત ટોચ પર પહોંચવા અને ટોચનું સ્થળ જાળવી રાખવાની દિશામાં જઈ રહ્યું છે. આપણા GDP અનુસાર ભારત વિશ્વનું પાંચમાં ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર છે એટલું જ નહીં વિશ્વનું સૌથી ઝડપથી વિકાસ પામતું અર્થતંત્ર છે. ડેટા ઉપયોગમાં વિશ્વમાં પ્રથમ ક્રમે છે. ઈન્ટરનેટના ઉપયોગમાં વિશ્વમાં બીજા સ્થાને છે. વિશ્વની રિન્યુએબલ એનર્જીની ચોથા ક્રમની સત્તા ભારત છે જયારે મોબાઈલ ઉત્પાદનમાં બીજા સ્થાને છે. જયારે ટુ-વ્હીલર અને ટ્રેક્ટર ઉત્પાદનમાં આપણે વિશ્વમાં પ્રથમ સ્થાને છીએ.

મોદી કહે છે કે, હવે અમારી સરકારે રોજગારી નિર્માણ અને કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. કેમ કે ભારત વિશ્વનું સૌથી યુવાન દેશ છે. એટલે યુવાનોના કૌશલ્યમાં વધારો કરીને વધુ નોકરીની તકો ઉભી કરવાનું લક્ષ્ય છે. છેલ્લા પાંચ વર્ષમાં ટોચની ૫૦૦ કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશીપ આપવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ રૂા.૧.૨૫ લાખ કરોડનું મૂડી રોકાણ મળ્યું છે.

# મુંબઈની અજીબ ઘટના : ગેંગરેપની ફરિયાદ નોંધાવનાર પીડિતા અને અપરાધી ભેદી રીતે ગાયબ, પોલીસ ધંધે લાગી

**ફરિયાદ કર્યા બાદ ગાયબ થયેલી પીડિતા અને બે અપરાધીને શોધી રહી છે પોલીસ**

(એજન્સી) મુંબઈ,તા.૪

મુંબઈના ક્રોફર્ડ માર્કેટ વિસ્તારમાં ૨૯ વર્ષની એક મહિલાએ પોતાના પર ગેંગરેપ થયાની MRA માર્ગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. CSMT રેલવે સ્ટેશન વિસ્તારમાં બે અજાણ્યા શખ્સોએ પોતાના પર દુષ્કર્મ કર્યાની ફરિયાદ મહિલાએ કરી હતી પરંતુ પોલીસને મૂંઝવણ એ વાતની થઈ પડી છે કે, ફરિયાદી મહિલા ગાયબ થઈ ગઈ છે એટલે પોલીસ બે તહોમતદારોની સાથે-સાથે ફરિયાદી મહિલાને પણ શોધી રહી છે. પોલીસમાં નોંધાયા અનુસાર ૨૨ સપ્ટેમ્બરની રાત્રે મહિલા રેલવે સ્ટેશન પર ઉભી હતી ત્યારે બે અજાણ્યા બદમાશો તેની પાસે આવ્યા હતા એક શખ્સે તેનું મોઢું બંધ કરી ગળું દબાવી દીધું હતું. બંને બદમાશો મહિલાને ખેંચીને ટેક્સી સ્ટેન્ડમાં લઈ ગયા હતા અને વારાફરતી બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસે તપાસ શરૂ કરી દીધી હતી. પણ હવે ફરિયાદી મહિલા મળતી નથી. બદમાશો પણ પકડાયા નથી. પોલીસ હવે ત્રણેયને શોધી રહી છે. છત્રપતિ શિવાજી ટર્મિનસ જેવા સતત અવર જવર વાળા રેલવે સ્ટેશનમાં આ બનેલી ઘટનાથી ભારે ચર્ચા જાગી છે.

# ભાજપ નેતાના ઘર ઉપર બોમ્બમારો અને ગોળીબાર

(એજન્સી) કોલકાતા, તા.૪

પશ્ચિમ બંગાળના બીજેપી નેતા અર્જુન સિંહના ઘર પર બોમ્બ ફેંકવામાં આવ્યા છે અને ગોળીઓ ચલાવવામાં આવી છે. બીજેપી નેતાએ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. તેમણે કહ્યું કે હુમલો સવારે સાડા આઠ વાગ્યે થયો હતો. અર્જુન સિંહ ઉત્તર ૨૪ પરગણાના રહેવાસી છે અને ત્યાં તેમની હોમ ઓફિસ પર હુમલો કરવામાં આવ્યો હતો. અર્જુન સિંહે દાવો કર્યો હતો કે બોમ્બના કારણે તેમને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. અર્જુન સિંહે ઠ પર આ સંદર્ભમાં એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે. તેણે આ વીડિયોની સાથે કેપ્શનમાં લખ્યું, 'આજે સવારે જ્યારે બધા દુર્ગા પૂજામાં વ્યસ્ત હતા, ત્યારે ઘણા જેહાદીઓ અને ગુંડાઓએ મારા ઘર પર હુમલો કર્યો હતો. આ હુમલો NIA કેસના આરોપી નમિત સિંહના નેતૃત્વમાં કરવામાં આવ્યો હતો.

**ત્રણ દિવસથી હતા દાખલ**

# હૃદયની સારવાર બાદ રજનીકાંતને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ

**પેટમાં દુઃખાવાની ફરિયાદ બાદ ફિલ્મ અભિનેતાને ચેન્નાઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા**

(એજન્સી) ચેન્નાઈ, તા.૪

સુપરસ્ટાર રજનીકાંતને સોમવારે સ્વાસ્થ્ય સમસ્યાને લઈને ચેન્નાઈ ખાતેની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતા કરવા લાગ્યા હતા. જો કે હવે તેમના ચાહકો માટે સારા સમાચાર એ છે કે રજનીકાંતને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. પેટમાં દુખાવાની ફરિયાદ બાદ તેમને ચેન્નાઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તપાસ કરતા તેમણે હૃદય સાથે જોડાયેલી નાની સમસ્યા હોવાનું સામે આવ્યું હતું. તેમની સારવાર કોઈપણ સર્જરી વિના કરવામાં આવી હતી. રજનીકાંતના સ્વાસ્થ્ય અંગે એપોલો હોસ્પિટલે એક મેડિકલ બુલેટિન બહાર પાડ્યું હતું. જેમાં કહેવામાં આવ્યું હતું કે, ' રજનીકાંતને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને હૃદય તરફ જતી લોહીની રક્તવાહિનીમાં સોજો હતો. જેની સારવાર ટ્રાન્સકેથેટર દ્વારા કોઈપણ સર્જરી વગર કરવામાં આવી હતી. આયોટામાં સ્ટેન્ટ મૂકીને સોજો સંપૂર્ણપણે બંધ કરી કરી દીધો છે. અમે તેમના શુભચિંતકો અને ચાહકોને જણાવવા માંગીએ છીએ કે પ્રક્રિયા યોજના મુજબ થઈ હતી. રજનીકાંત હવે સ્થિર અને સ્વસ્થ છે. તેઓ બે દિવસમાં ઘરે પહોંચી જશે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ફોન કરીને રજનીકાંતની તબિયત અંગે અપડેટ લીધી હતી. તમિલનાડુ ભાજપના નેતા કે. અન્નામલાઈએ પીએમ મોદી સાથે રજનીકાંત અને તેમની પત્ની લતાનો જૂનો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ આપણા સુપરસ્ટાર શ્રી રજનીકાંતજીના સ્વાસ્થ્ય અંગે શ્રીમતી લતા રજનીકાંત સાથે ટેલિફોન પર વાત કરી હતી. માનનીય વડાપ્રધાનને સારવાર બાદ રજનીકાંતની તબિયત વિશે જાણ કરવામાં આવી હતી. વડાપ્રધાને તેમને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી.' ૭૩ વર્ષીય રજનીકાંત હવે તમિલ ફિલ્મ 'વેટ્ટૈયાં'માં જોવા મળશે. આ ફિલ્મ ૧૦ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. જેમાં રજનીકાંત ૩૦ વર્ષ પછી બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે પડદા પર જોવા મળશે. આ સિવાય ફિલ્મમાં ફહાદ ફાઝીલ અને રાણા દગ્ગુબાતી જેવા કલાકારો જોવા મળશે. આ સિવાય રજનીકાંતે નિર્દેશક લોકેશ કનગરાજ સાથે તેની આગામી ફિલ્મ 'કુલી' પર પણ કામ શરૂ કરી દીધું છે.

# કેરાલામાં એર ઈન્ડિયાના વિમાનમાંથી ઉડાન સમયે જ ધૂમાડા નીકળતા ઉતારૂઓને સલામત નીચે ઉતારાયા

**થિરૂવનંતપુરમ એરપોર્ટ પર બની ઘટના, એર ઈન્ડિયા એક્સપ્રેસનું વિમાન મસ્કત જવાનું હતું**




(એજન્સી) નવી દિલ્હી, તા.૪

કેરાલાના થિરૂવનંતપુરમ એરપોર્ટ પર શુક્રવારે સવારે મસ્કત જતા વિમાનમાંથી ટેકઓફ સમયે જ ધૂમાડો નીકળવા લાગતા તુરંત જ રાહત અને બચાવ કામગીરી કરીને ઉતારૂઓને સુરક્ષિત નીચે ઉતારી લેવાયા હતા. એર ઈન્ડિયા એક્સપ્રેસ એરલાઈનનું વિમાન મસ્કત જવાનું હતું.

એરલાઈનના અધિકારીએ જણાવ્યા મુજબ તમામ ૧૪૨ મુસાફરો સહી સલામત છે. એમને ટર્મિનલમાં લાવીને ભોજન અને ઠંડા પીણા આપવામાં આવ્યા હતા. એ પછી બીજા વિમાનમાં ઉતારૂઓને મસ્કત રવાના કરવામાં આવ્યા હતા. ઘટનાની તપાસ ચાલી રહી છે.

**ગોવિંદાના ચાહકો માટે ગૂડ ન્યુઝ**

# વ્હીલચેર પર બેસી નીકળ્યો ગોવિંદા, ડિસ્ચાર્જ બાદ ખુશ

**ગોવિંદાની સાથે પત્ની અને પુત્રી પણ જોવા મળ્યાં હતાં**

(એજન્સી) મુંબઈ, તા.૪

ફિલ્મ અભિનેતા ગોવિંદાને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં ગોવિંદાને પગમાં ગોળી વાગ્યા બાદ હવે તેમને સારવારને અંતે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ગોવિંદા વ્હીલચેર પર બેસીને હોસ્પિટલની બહાર આવ્યા હતા. આ દરમિયાન તેમની સાથે પત્ની અને પુત્રી પણ જોવા મળ્યા હતા. મુંબઈની ક્રિટિકેર હોસ્પિટલમાં ત્રણ મહિનાની હોસ્પિટલમાં દાખલ થયા બાદ ગોવિંદાને હવે રજા આપવામાં આવી છે. તેઓ હોસ્પિટલની બહાર મીડિયાને મળ્યા હતા. અભિનેતા સાથે તેનો પરિવાર પણ જોવા મળ્યો હતો. તેમણે ચાહકોનો આભાર માન્યો હતો. ગોવિંદા વ્હીલચેર પર બેઠેલા જોવા મળ્યો હતો. ગોવિંદાએ તેમના માટે પ્રાર્થના કરનારા તમામ ચાહકો અને શુભેચ્છકોનો આભાર માન્યો છે. તેમની સાથે પત્ની અને પુત્રી જોવા મળ્યા હતા. અભિનેતાને સુરક્ષિત અને સ્વસ્થ જોઈને ચાહકોની ખુશીની કોઈ સીમા નથી. લોકો હોસ્પિટલની બહાર અભિનેતાની એક ઝલક મેળવવા માટે ઉમટી પડ્યા હતા. આ ગોળીબારનો મામલો હોવાથી પોલીસે આ મામલાની પોતાની બાજુથી તપાસ કરી હતી. ડીસીપી દીક્ષિત ગેડમના જણાવ્યા અનુસાર આ મામલો માત્ર અકસ્માત છે. તેને કોઈ કાવતરું કે ગડબડ દેખાઈ ન હતી. તેથી હજુ સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી. પોલીસે આ કેસને પોતાની ડાયરીમાં માત્ર એક ઘટના તરીકે નોંધ્યો છે.

# ઈરાકમાંથી થયેલા ડ્રોન હુમલામાં બે ઈઝરાયેલી સૈનિકોનાં મોત, ૨૪ ઘાયલ

**ઉત્તર ઈઝરાયેલ પર બે ડ્રોનથી હુમલો થતા જાનહાનિ થયાનું સ્વીકારતી ઈઝરાયેલી આર્મી**

(એજન્સી) જેરૂસલેમ, તા.૪

ઉત્તર ઈઝરાયેલમાં પહેલી વખત ઈઝરાયેલની એર ડિફેન્સ સિસ્ટમને વીંધીને ઈરાકી ડ્રોનથી થયેલો હુમલો સફળ થતા ઈઝરાયેલના બે સૈનિકોના મોત થયા હતા અને ૨૪ સૈનિકો ઘાયલ થયા હતા. ઈઝરાયેલી આર્મીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ઈરાક તરફથી બે ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો હતો. સીરિયાના કબ્જાગ્રસ્ત ગોલાન હાઈટ્સ વિસ્તારમાં એક લશ્કરી મથકને નુકસાન થયું હતું. બે મોટા હુમલામાં આર્મીની ગોલાની બ્રિગેડના બે સૈનિકો માર્યા ગયા હતા અને ૨૪ ઘવાયા હતા જેમાંથી બેની હાલત ગંભીર છે. પહેલી વખત એર ડિફેન્સ સિસ્ટમ ડ્રોનને રોકવામાં નિષ્ફળ ગઈ છે. તેવું ઈઝરાયેલી આર્મીએ કબૂલ કર્યું હતું. ડ્રોનની જાણ જ થઈ ન હતી એટલે સાયરન પણ વાગી ન હતી.

**બેંગ્લુરૂની ત્રણ પ્રતિષ્ઠિત કોલેજોને ઈ-મેઈલ મળ્યો**

# બેંગ્લુરૂની ત્રણ જાણીતી કોલેજને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૪

બેંગલુરુની ત્રણ પ્રતિષ્ઠિત કોલેજોને બોમ્બની ધમકી ધરાવતો ઈમેલ મોકલવામાં આવ્યો છે. ઈમેલ મળ્યા બાદ કોલેજોમાં ભયનો માહોલ છે અને પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે પહોંચી હતી. અધિકારીઓએ તપાસ કરી હતી અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે સાવચેતી રાખવામાં આવી રહી છે.

બેંગલુરુની ત્રણ મોટી કોલેજોને બોમ્બની ધમકી ધરાવતો ઈમેલ મોકલવામાં આવ્યો હતો. શુક્રવારે બીએમએસ કોલેજ, એમએસ રામૈયા કોલેજ અને બીઆઈટી કોલેજને ઈમેલ દ્વારા બોમ્બની ધમકીઓ મોકલવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ધમકીમાં કહેવામાં આવ્યું છે કે આ સંસ્થાઓમાં બોમ્બ રાખવામાં આવ્યા છે. આ કોલેજો સદાશિવનગર, હનુમંત નગર અને બસવાનાગુડીમાં આવેલી છે. મળતી માહિતી મુજબ, પોલીસ ફોર્સ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ હાલમાં ઘટનાસ્થળે છે અને સંપૂર્ણ તપાસ કરી રહી છે. પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે અને તપાસ ચાલુ છે. અધિકારીઓ જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી સાવચેતીઓ લઈ રહ્યા છે. અગાઉ મે મહિનામાં દિલ્હી-એનસીઆરની ૧૫૦ શાળાઓને ધમકીભર્યા ઈમેલ મળ્યા હતા. દિલ્હી-એનસીઆરની ઘણી શાળાઓને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી હતી. આ ધમકી ઈમેલ દ્વારા આપવામાં આવી હતી. જ્યારે પોલીસે તેની તપાસ કરી તો મોકલવામાં આવેલ ઈમેલનું આઈપી એડ્રેસ રશિયાનું હોવાનું બહાર આવ્યું.

પોલીસે જણાવ્યું હતું કે ઈમેલ મોકલવા માટે વિદેશી સ્થાપિત સર્વર અને ડાર્ક વેબનો ઉપયોગ કરી શકાય છે. ભૂતકાળમાં પણ ઘણી શાળાઓને ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓ મળી છે અને મોટા ભાગના કિસ્સાઓમાં ઈમેલ મોકલનારની જાણ થતી નથી.

# લેબેનોનમાંથી ઉત્તર ઈઝરાયેલ પર ૧૮૦ રોકેટનો મારો

**અમેરિકી મિલિટરી દ્વારા યમનમાં હૌથી મથકો પર હુમલા, ઈઝરાયેલનો દાવો ભૂમિ યુદ્ધ શરૂ કરાયા પછી અત્યાર સુધીમાં હિઝબુલ્લાહના ૨૫૦ લડાકુઓનો ખાતમો કર્યો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

મધ્યપૂર્વમાં યુદ્ધ વધુ ગંભીર બનતું જાય છે શુક્રવારે રાત્રે અમેરિકાએ યમનમાં હૌથી મથકો પર હુમલા કર્યા હતા તો બીજી તરફ લેબેનોનમાંથી ઉત્તર ઈઝરાયેલ પર ૧૮૦ રોકેટનો મારો કરવામાં આવ્યો હતો એવું આર્મીના પ્રવક્તાએ જણાવ્યું હતું. ઈઝરાયેલે દાવો કર્યો છે કે ભૂમિ યુદ્ધમાં અત્યાર સુધીમાં હિઝબુલ્લાહના ૨૫૦ લડાકુઓનો ખાતમો કરવામાં આવ્યો છે. ઈરાને પણ ચેતવણી આપી છે કે, જો ઈઝરાયેલ હુમલો કરશે તો અમે પણ વળતુ આક્રમણ કરશું.

ઈઝરાયેલના લશ્કરી પ્રવક્તાએ દાવો કર્યો હતો કે, હિઝબુલ્લાહ લડાકુઓ સાથે યુદ્ધ ચાલી રહ્યું છે અમારા ૯ સૈનિકો માર્યા ગયા છે. સૈનિકો જે વિસ્તારમાં લડી રહ્યા છે ત્યાં ચારેય તરફ વિસ્ફોટકો પાથરવામાં આવ્યા છે.

### માત્ર દંડ કરવાથી કામ નહીં ચાલે તેમને રોકી રાખો

# હેલ્મેટ નહીં પહેરનારને રસ્તા ઉપર ઊભા રાખો, ઓફિસ જવામાં વિલંબ થશે તો આપોઆપ હેલ્મેટ પહેરશે : હાઈકોર્ટનું મૌખિક સૂચન

## હાઈકોર્ટ આવતા સમયે ચીફ જસ્ટિસે મોબાઈલમાં ફોટા પાડ્યા, માત્ર ત્રણ-ચાર જણાએ જ હેલ્મેટ પહેર્યા હતા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૪

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠ દ્વારા ગુજરાત સરકારને સ્પષ્ટ રીતે મૌખિક આદેશ કરવામાં આવ્યો હતો કે, જો લોકો હેલ્મેટના નિયમોનું ઉલ્લંઘન કરતા હોય અને રાજી ખુશીથી દંડ ભરીને ચાલતા થવા તૈયાર હોય તો બીજો રસ્તો અપનાવો. ઓફિસના સમય દરમિયાન તમે તેમને રોકી રાખો, ભલે તેમને મોડું થાય, ઓફિસમાં તેમને ઠપકો પડશે એટલે ખબર પડશે કે હવે હેલ્મેટ પહેરો. બીજી બાજુ અમદાવાદ-ગાંધીનગર હાઈવે ઉપર પણ બંને તરફ અવર-જવર હોય છે તો ત્યાં ચેક પોસ્ટ ઊભી કરીને લોકોને હેલ્મેટના નિયમોનો અમલ કરાવો. આ ઉપરાંત ટેક્નોલોજીનો અમલ કરવા ઉપર પણ ચીફ જસ્ટિસે ભાર મૂકીને વધુ સુનાવણી આવતા શુક્રવારે રાખી હતી.

કેસની વિગતો મુજબ ટ્રાફિક સમસ્યા, રસ્તાઓ અને ફ્લાય ઓવર બાબતે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી ચાલી રહી છે. તેમાં ગત શુક્રવારે હાઈકોર્ટ દ્વારા હેલ્મેટના નિયમનો કડકાઈથી અમલ કરવાનો આદેશ આપ્યો હતો. આજે સુનાવણીની શરૂઆત થઈ તે સાથે જ હાઈકોર્ટે એડવોકેટ જનરલને ટકોર કરી હતી કે, હેલ્મેટના નિયમનું અસ્તિત્વ જ રહ્યું નથી જાણે. આજે હું હાઈકોર્ટ આવતી હતી ત્યારે કારમાંથી કેટલાક ફોટો લીધા છે. હું આપને બતાવી શકું છું. કારની બંને બાજુ દ્વિચક્રી વાહનોની હાર હતી તેમાંથી માત્ર ત્રણ-ચાર જણાએ જ હેલ્મેટ પહેરેલા હતા. રસ્તાની બંને બાજુ વીઆઈપી બંદોબસ્ત માટે ટ્રાફિક જવાનો હતા પરંતુ કોઈ દરકાર લેતું નહોતું. તમે ચાહો તો તમને ફોટો બતાવી શકું છું.

એડવોકેટ જનરલ દ્વારા હાઈકોર્ટને માહિતી આપવામાં આવી હતી કે, તેઓએ પગલાં લેવાના શરૂ કરી દીધા છે જેમાં બે હજાર જેટલા લોકો સામે કેસ કર્યા છે અને તે પૈકી ત્રણ વખત હેલ્મેટના નિયમનો ભંગ કરનારનો લાઈસન્સ ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવા માટે આરટીઓને દરખાસ્ત કરી છે. આથી કોર્ટે કહ્યું હતું કે, આ બાબતે ઝીરો ટોલરન્સ પોલિસી હોવી જોઈએ. દેહરાદૂનમાં પણ લોકો હેલ્મેટ પહેરે છે કારણ કે, તેમને પકડાઈ જવાનો ભય છે. દિલ્હી, મુંબઈ અને દેહરાદૂન જેવા શહેરોમાં પણ લોકો ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા પહેલા વિચાર કરે છે. અમે હજાર લોકોને જેલમાં મોકલવા માંગતા નથી. પરંતુ કાયદાનો ભય જરૂરી છે.

એડવોકેટ જનરલ દ્વારા હાઈકોર્ટને જણાવવામાં આવ્યું હતું કે, એક મોબાઈલ એપ્લિકેશન ડેવલપ કરવામાં આવી છે. જો કોઈ વાહનચાલક હેલ્મેટ વગર પકડાશે અને તેનો વાહન નંબર મોબાઈલ એપ્લિકેશનમાં નાંખવામાં આવશે તો તરત જ ખબર પડી જશે કે હેલ્મેટના નિયમનો કેટલી વખત ભંગ કર્યો છે. જો ત્રણ વખતથી હેલ્મેટ પહેર્યા વગર પકડાયા હશે તો વાહનનો નંબર સીધો જ આરટીઓને મોકલી આપવામાં આવશે અને તેમનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. હેલ્મેટના નિયમની ચર્ચા દરમિયાન ચીફ જસ્ટિસ દ્વારા હળવા સૂરમાં સૂચના કરવામાં આવ્યું હતું કે, જે વ્યક્તિને ક્યાંક જવું છે તે કાયમ ઉતાવળમાં જ હોય છે અને તેને દસથી પંદર મિનિટ પણ ઊભા રાખશો તેને ખબર પડશે કે, કોણ બબાલમાં નહીં પડે અને બીજી વખત પહેરી લઈએ તેવું વિચારશે. આથી આ રીતે કાર્યવાહી થવી જોઈએ. હાઈકોર્ટે સરકારને સૂચન કર્યું હતું કે, જો દંડની કામગીરીના વિકલ્પમાં વિચારીએ તો ઓફિસના સમયગાળા દરમિયાન સવારે ૧૦થી ૧૦:૩૦ દરમિયાન હેલ્મેટ વગરના ચાલકને રોકો અને તેને દસથી પંદર મિનિટ ઊભા રાખો. તેને ઓફિસ પહોંચવામાં વિલંબ થશે અને ઓફિસથી ઠપકો મળશે એટલે આપોઆપ ખબર પડશે કે હેલ્મેટ પહેરવું જોઈએ. માત્ર દંડ કરવાથી કામ નહીં ચાલે તેમને રોકી રાખો. દરમિયાન ચીફ જસ્ટિસ અને સાથે બેઠેલા જસ્ટિસ પ્રણવ ત્રિવેદીએ થોડા ક્ષણો માટે મસલત કરી હતી અને પછી કહ્યું હતું કે, અમે એક પરિપત્ર બહાર પાડીને હાઈકોર્ટના કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત બનાવવા માટે વિચારી રહ્યા છીએ અને જો કોઈ પકડાશે તો તેમની પાસેથી દંડ વસૂલ કરાશે અને પગલાં લઈશું. આથી એડવોકેટ જનરલે આ નિર્ણયને આવકાર્યો હતો અને બીજી કચેરીઓમાં પણ આવું થવું જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો. દરેક નોકરીદાતાઓએ આવો નિર્ણય લેવો જોઈએ.

### રાજ્યમાં મોડે સુધી ગરબા મુદ્દે રાજકારણ ગરમાયું !

# ગરબા રમવા માટે પાકિસ્તાન જવાની જરૂર નથી કાયદો-વ્યવસ્થા જાળવવાની જવાબદારી ગૃહ ખાતાની

## ગરબાની મંજૂરી ૧૨ વાગ્યા સુધીની જ હોવી જોઈએ : સાંસદ ગેનીબેન ઠાકોર

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૪

રાજ્યમાં જ્યારથી ગરબા મોડે સુધી ચાલુ રાખવાની ગૃહ રાજ્યમંત્રીએ છૂટ આપવાની જાહેરાત કરી છે. ત્યારથી મોડે સુધી ગરબા રમવાનો મુદ્દો સતત ચર્ચામાં રહ્યો છે. જેમાં બનસાકાંઠા ના એકમાત્ર કોંગ્રેસના સાંસદે અંબાજી ખાતે મોડે સુધી ગરબા મુદ્દે સણસણતો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે ગરબા માટે પાકિસ્તાન જવાની જરૂર નથી. નવરાત્રિના પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેની જવાબદારી ગૃહ વિભાગની છે. માત્ર યુવાનોને ખુશ કરવા માટે મોડે સુધી ગરબા રમવાની છૂટ આપી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

રાજ્યમાં હવે મોડે સુધી ગરબા મુદ્દે રાજકારણ શરૂ થઈ ગયું છે. અંબાજી મંદિર ખાતે મહાઆરતીમાં ભાગ લેવા માટે આવેલ સાંસદ ઠાકોરે નવરાત્રિમાં મોડે સુધી ગરબા રમવાની છૂટછાટ મુદ્દે પ્રહાર કરતાં જણાવ્યું હતું કે કાયદો અને સુરક્ષા જાળવવાની જવાબદારી ગૃહ વિભાગની છે.

## મોડે સુધી ગરબા રમવાની પરવાનગીથી કેટલાક લોકોને પેટમાં દુ:ખાવો થયો : ગૃહ રાજ્યમંત્રી

નવરાત્રિ દરમ્યાન સુરક્ષા અને સલામતી જાળવવી રાખવી એ પોલીસ વિભાગની ફરજ બને છે. યુવાનોને ખુશ કરવા માટે સવારે ૫ વાગ્યા સુધી ગરબા ઘૂમવાની છૂટ આપી છે. હું પ્રાર્થના કરું છું કે નવરાત્રિના પર્વ દરમિયાન કોઈપણ અઈચ્છનિય બનાવ ન બને, સુખ-શાંતિપૂર્ણ માહોલમાં નવરાત્રિનો પર્વ ઉજવાય.

મોડે સુધી ગરબાની છૂટ આપ્યાની જાહેરાત હર્ષ સંઘવીએ એક કાર્યક્રમમાં આડકતરી રીતે વિપક્ષ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા મોડે સુધી ગરબા રમવાની છૂટ આપતાં કેટલાક લોકોના પેટમાં દુખવો થવા લાગ્યો છે. ગુજરાતીઓ ગુજરાતમાં ગરબા નહી રમે તો શું પાકિસ્તાનમાં જઈને રમશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ નવરાત્રિ દરમિયાન આખી રાત ગરબાની છૂટ આપી છે. ખેલૈયાઓ જેટલા વાગ્યા સુધી ઈચ્છે ત્યાં સુધી ગરબા રમી શકશે.

આ ઉપરાંત આટલા સમય સુધી ખાવા-પીવાની હોટલ-સ્ટોલ પણ ચાલુ રાખવાની છૂટ આપવામાં આવી છે.

### રાજકોટના અગ્નિકાંડ બાદ એક્શનમાં આવેલ તંત્ર ફરી શાંત-સુષુપ્ત થયું કે કેમ ?

# શહેર મધ્યે ત્રણ માળની BU વિનાની બિલ્ડિંગમાં દોઢ વર્ષથી ૬૦૦ વિદ્યાર્થીઓથી ધમધમતી સ્કૂલ !

## ગેરકાયદે બાંધકામ બાબતે નોટિસ અગાઉ અપાઈ હતી, ફાયર એનઓસી સહિત કોઈ સર્ટિ. નથી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, ૪

રાજકોટ મનપાના તત્કાલીન ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાનું વધુ એક કારસ્તાન સામે આવ્યું છે. ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ સાગઠિયા હાલ જેલમાં છે. ત્યારે રાજકોટ શહેરના મવડીમાં બાપા સીતારામ ચોક પાસે શેરી નં. ૧૬માં આવેલી જય કિશન સ્કૂલનું નવું બિલ્ડિંગ ગેરકાયદે ધમધમતું હોવાનું સામે આવ્યું છે. એમાં સ્કૂલ-સંચાલક મિલન વેકરિયા દ્વારા બિલ્ડિંગ યુઝ પરમિશન તેમજ કમ્પ્લિશન સર્ટિફિકેટ ઉપરાંત ફાયર એનઓસી મેળવવામાં આવ્યાં ન હતાં. આમ છતાં અહીં ૬૦૦ જેટલા વિદ્યાર્થી અભ્યાસ કરતા હોવાથી તેમના જીવ ઉપર જોખમ છે.



સૂચિત જગ્યા ઉપર ગેરકાયદે રીતે બાંધકામ કરવામાં આવ્યું હોવાનું સામે આવતાં જ સૌ પ્રથમ આ સ્કૂલમાં નળ કનેક્શન અને વીજ કનેક્શન કાપવામાં આવશે. આ ઉપરાંત ગેરકાયદે બિલ્ડિંગમાં ધમધમતું શિક્ષણકાર્ય બંધ કરાવવામાં આવશે. બાદમાં બિલ્ડિંગ ડિમોલિશન કરવામાં આવશે. જય કિશન સ્કૂલને વર્ષ ૨૩ મે, ૨૦૨૩માં ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાએ ગેરકાયદે બાંધકામ ૨૬૦ (૨) મુજબ તોડી પાડવા માટે નોટિસ આપી હતી અને ત્યારબાદ સાત દિવસમાં જવાબ આપવાનો આદેશ અપાયો હતો. જોકે બાદમાં છેલ્લા દોઢ વર્ષથી કાર્યવાહી કરવામાં આવી નથી. આ મામલે જ્યારે મીડિયાની ટીમ સ્કૂલ પર પહોંચી તો સ્કૂલ સંચાલકો દ્વારા એવો રૂઆબ કરવામાં આવ્યો કે મવડી પ્લોટ સૂચિતમાં છે અને એમાં ઘણી બધી સોસાયટીઓ ગેરકાયદે રીતે ધમધમી રહી છે, એટલે કે પોતાનું ગેરકાયદે બાંધકામ હોવા છતાં પોતે જાણે રાજકીય ઓથ ધરાવતા હોય એમ શેખી મારી હતી.

રાજકોટ મહાનગર પાલિકાના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર આ અંગે જણાવ્યું હતું કે મવડીમાં આવેલી જય કિશન સ્કૂલનું નવું બિલ્ડિંગ ગેરકાયદે રીતે ધમધમી રહ્યું છે, જે અમારા ધ્યાને આવ્યું છે. એમાં મહાનગરપાલિકાની બિલ્ડિંગ યુઝ પરમિશન લેવામાં આવી નથી અને સર્ટિફિકેટ પણ લીધું નથી, એટલે કે પ્લાન પાસ કરાવેલો નથી. આ વાત ધ્યાનમાં આવતાં અમને ખ્યાલ આવ્યો કે વર્ષ ૨૦૨૩માં ગેરકાયદે બાંધકામ બાબતે આ સ્કૂલને નોટિસ આપવામાં આવી હતી, દરમ્યાન હવે સૌપ્રથમ અહીંનું નળ કનેક્શન અને વીજ કનેક્શન કાપવા તેમજ શિક્ષણકાર્ય બંધ કરવા માટે પણ પત્ર લખવામાં આવશે. બાદમાં એ મકાનનું ડિમોલિશન કરવામાં આવશે.

રાજકોટના ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારીએ આ મુદ્દે જણાવ્યું હતું કે જય કિશન સ્કૂલના નવા બિલ્ડિંગમાં ગેરકાયદે બાંધકામ હોવા છતાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. આ બાબત મીડિયાના માધ્યમથી મને જાણવા મળી છે. પ્રાથમિક તબક્કે એવો ખ્યાલ આવ્યો છે કે આ બિલ્ડિંગ જે.કે. એકેડેમીના નામે ચાલે છે. જોકે શિક્ષણ વિભાગની ટીમને સ્થળ તપાસ માટે મોકલવામાં આવી છે, એનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ મહાનગર પાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સી.કે. નંદાણીએ જણાવ્યું હતું કે, મવડીમાં આવેલી જય કિશન સ્કૂલ બાંધકામની મંજૂરી વિના ગેરકાયદેસર રીતે કાર્યરત છે. ૨૬૦/૨ મૂજબ બાંધકામને તોડી પાડવા માટે ગત તા.૨૩ મે ૨૦૨૩ના નોટિસ આપવામાં આવી હતી. જોકે, અહીં બાંધકામ હજુ સુધી દૂર ન થતા હવે ફરી વખત નોટિસ આપવામાં આવશે. આ બિલ્ડિંગની બિલ્ડિંગ યુઝ પરમિશન મેળવવામાં આવી નથી. જોકે શહેરના એકલા વેસ્ટ ઝોનમાં જ ૨૬૦/૨ મૂજબ બાંધકામ તોડી પાડવા માટે નોટિસ આપવામાં આવી હોય તેવી ૫૦ બિલ્ડિંગ હોવાનો ઘટસ્ફોટ થયો છે.

### ADC બેંકના 'સ્વર્ણિમ શતાબ્દી મહોત્સવ'માં કેન્દ્રીય મંત્રી અમિત શાહે કર્યુ સંબોધન

# સહકારિતાનો મૂળ ઉદ્દેશ્ય સામૂહિક ઉત્કર્ષનો છે

## ગુજરાતમાં શરૂ થયેલું સહકારિતા આંદોલન આજે રાષ્ટ્રવ્યાપી આંદોલન બની ગયું છે : શાહ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે આજે અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક-ADCનો 'સ્વર્ણિમ શતાબ્દી મહોત્સવ' યોજાયો હતો. અમિત શાહે જણાવ્યું હતું કે, સહકારિતાનો મૂળ ઉદ્દેશ્ય સામૂહિક ઉત્કર્ષનો છે, જેને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક છેલ્લા ૧૦૦ વર્ષથી પૂર્ણ કરી રહી છે. એટલા માટે જ આજે ADC નાના માણસોની મોટી બેંક તરીકે પ્રસ્થાપિત થઈ છે.



### સહકારી સેક્ટર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રોથ તરફ આગળ વધ્યું છે : મુખ્યમંત્રી

તેમણે ઉમેર્યું હતું કે, ખેડૂતો અને સામાન્ય નાગરિકોને શાહુકારોના વિષચક્રમાંથી બચાવવા માટે વર્ષ ૧૯૨૫માં અમદાવાદ ખાતે એક નાની ઓરડીમાં શરૂ થયેલી ધ અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકે ૧૦૦ વર્ષમાં અનેક ઉતાર-ચઢાવ જોયા છે. છતાં પણ આજે રૂા.૧૭,૦૦૦ કરોડથી વધુનો બિઝનેસ, રૂા.૧૦૦ કરોડનો નફો, અડધા ટકા કરતા પણ ઓછો NPA રેટ તેમજ આશરે રૂા.૬૫૦૦ કરોડના ધિરાણ સાથે ADC બેંક દેશની સૌથી વધુ નફો કરતી અગ્રણી જિલ્લા સહકારી બેંક તરીકે પ્રસ્થાપિત થઈ છે. ગુજરાતના ખેડૂતો પાસે સામાન્ય વ્યવસ્થાનો અભાવ હતો, દુકાળના પરિણામે આર્થિક તંગી હતી અને ખેડૂતો શાહુકારોના વિષચક્રનો ભોગ બનતા હતા. તેવા કપરા સમયે મહાત્મા ગાંધીજીએ સરદાર વલ્લભભાઈ પટેલને ગુજરાતમાં સહકારનો પાયો નાંખવાની હાકલ કરી હતી. ગુજરાતમાં શરૂ થયેલું સહકારિતા આંદોલન આજે રાષ્ટ્રવ્યાપી આંદોલન બની ગયું છે. જેના પરિણામે આવનાર ૧૦૦ વર્ષ દરમિયાન સહકાર ક્ષેત્રે દેશના નાગરિકોનું યોગદાન વધશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અમિત શાહે કહ્યું હતું કે, 'નાના માણસની મોટી બેંક'ના મંત્રને ADCએ સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. નાના વ્યક્તિએ સહકારી બેંકોના માધ્યમથી દેશના આર્થિક વિકાસમાં મોટું પ્રદાન આપ્યું છે. સહકારી ક્ષેત્રમાં આવતી અનેક અડચણો દૂર થઈ છે. સેવા સહકારી મંડળીઓ દ્વારા હાલમાં પેટ્રોલ પંપ, ખાતર વેચાણ કેન્દ્રો, સસ્તા અનાજની દુકાનો, પાર્લર જેવા અનેકવિધ નાના-મોટા વ્યવસાય શરૂ કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે સહકારી ક્ષેત્ર માટે મોડેલ બાય-લોઝ તૈયાર કર્યા છે જેને તમામ રાજ્યો સ્વીકાર્યા છે. ડિજિટલ યુગમાં બેંકો અને સહકારી સંસ્થાઓ કોમ્પ્યુટરાઈઝ બની છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની અંદાજે ૩૦૦ જેટલી યોજનાઓનો સીધો લાભ સહકારી ક્ષેત્રે મળતો થયો છે. ADC બેંકે ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે ત્યારે અમદાવાદ-ગાંધીનગરના નાગરિકોના આરોગ્ય, પોષણ અને શિક્ષણના વિકાસ માટે સેવાનો યજ્ઞ શરૂ કરે જેમાં જરૂરી મદદ કરવાનું વિશ્વાસ અપાવતા તેમણે કહ્યું કે, આપણે ADC બેંકને વધુ પારદર્શક, સહયોગી અને જનસેવા માટેનું આદર્શ મોડલ બનાવું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સતત છ વર્ષથી NPA વધતાં મોટી રકમના બૂકલોસમાં આવી ગયેલી ADC બેંકને પોતાની આગવી સૂઝ, કુનેહ અને વહીવટી કુશળતાથી અમિત શાહે બેંકને પાટા પર ચઢાવી હતી. એક સમયે જ્યારે માધુપુરા બેંક નબળી પડી ત્યારે સહકારી ક્ષેત્ર પરનો લોકોનો વિશ્વાસ ડગી ન જાય તેની પણ ખાસ તકેદારી લીધી હતી. સહકારી બેંકો દ્વારા ખેડૂતોને ઓછા વ્યાજે ધિરાણ મળે તે માટે ઈન્ટરેસ્ટ સબવેન્શન તથા બેંકોના ફંડનું સલામત રોકાણ જેવા અનેક ઉદાહરણરૂપ પગલાં તેમના દિશાદર્શનમાં લેવાયા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સમગ્ર સહકારી સેક્ટર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રોથ તરફ આગળ વધ્યું છે. 'સહકાર સે સમૃદ્ધિ'ની દિશા મળી છે અને ગુજરાત તેમાં અગ્રેસર રહ્યું છે. સહકારિતા વચ્ચે સહકાર 'કો-ઓપરેશન એમોંગ્સ કો-ઓપરેટિવ'ની મુવમેન્ટથી સહકારી બેંકો વચ્ચેનો તાલમેલ વધ્યો હોવાનું મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. ADC બેંકના ચેરમેન અજય પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કો-ઓપરેશન ઓવર કો-ઓપરેટિવ પહેલ અમલમાં મૂકવામાં આવી છે. જેનાથી રાજ્યના અંતરિયાળ વિસ્તારોના નાગરિકોને મદદ મળી રહી છે. આ પહેલ સહકારી ક્ષેત્રે નવો આયામ લખશે. બેંક દ્વારા શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે નિમિત્તે ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી એટલે કે ૧૮૦ દિવસના વિશેષ સેવાયજ્ઞનું આયોજન હાથ ધરાયું છે, જેમાં આજુબાજુના ગામોમાં મેડિકલ કેમ્પ, રક્તદાન કેમ્પ, શૈક્ષણિક સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

### છોટાઉદેપુરમાં મહિલાને રસ્તામાં પ્રસૂતિ થઈ, મોતના બનાવનો પડઘો હાઈકોર્ટમાં પડ્યો

# અમારૂં માથું શરમથી ઝૂકી ગયું છે, ગાંધીજી અને શાસ્ત્રીજીના જન્મદિવસે જ આવા અહેવાલ મળ્યા : હાઈકોર્ટે કરી સુઓમોટો કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૪

રાજ્યમાં આદિવાસી બહુમતી ધરાવતા છોટાઉદેપુર જિલ્લાના તુરખેડા ગામે એક મહિલાને પ્રસવ પીડા ઊપડતાં તેને કાપડ ઝોળીમાં નાખીને પરિવારના લોકો ચાલતા પાંચ કિ.મી. દૂર લઈ જતા હતા, જ્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવવાની હતી. પરંતુ રસ્તામાં જ પ્રસૂતિ થઈને મોત થઈ ગયાની ઘટનાના પડઘા ગુજરાત હાઈકોર્ટમાં પડ્યા હતા. હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવ અને જસ્ટિસ નિશા ઠાકોરની ખંડપીઠ બાબતે આ બાબતે અખબારી અહેવાલો ધ્યાન પર લઈને સુઓમોટો અરજી દાખલ કરવામાં આવી છે.

ગુરુવારે કેસની શરૂઆત કરતા પહેલાં જસ્ટિસ બિરેન વૈષ્ણવે આક્રોશ સાથે કોર્ટમાં કહ્યું હતું કે, તેમનું માથું આ સમાચાર વાંચીને શરમથી ઝૂકી ગયું છે. મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીના જન્મદિને અહેવાલ આવ્યો હતો કે, જિલ્લા છોટાઉદેપુરના તુરખેડા ગામે એક મહિલાને પ્રસવ પીડા ઊપડતાં તેને ઝોળીમાં નાખીને

### કેટલાક વર્ષોથી ગામડાના લોકો સરકાર પાસે રોડની માંગ કરી રહ્યા હતા, ટેન્ડર નીકળે પાંચ વર્ષ થયા પણ કશું જ થયું નથી

પરિવારના લોકો ચાલતા પાંચ કિ.મી. દૂર લઈ જતા હતા, જ્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવવાની હતી. ત્યાંથી ૧૦૮ મહિલાને પ્રાથમિક સારવાર કેન્દ્ર ખાતે લઈ જવાની હતી, જે ૨૫ કિ.મી. દૂર હતું, પરંતુ રસ્તામાં જ મહિલાને પ્રસૂતિ થઈ ગઈ, તેણે દીકરીને જન્મ આપ્યો અને મૃત્યુ પામી. આ તેની છેલ્લી યાત્રા બની રહી છે.

હાઈકોર્ટે રજિસ્ટ્રાર જ્યુડિશિયલને આ બાબતને સુઓમોટો પિટિશન તરીકે લેવા આદેશ આપ્યો હતો. ગુજરાતના ચીફ સેક્રેટરી આ બાબતે હાઈકોર્ટને ૧૭ ઓક્ટોબરે જવાબ આપે. કયા સંજોગોમાં આ દુ:ખદ ઘટના બની એનો રિપોર્ટ ચીફ સેક્રેટરી ચીફ જસ્ટિસની કોર્ટમાં મૂકશે. કોર્ટના આ હુકમની કોપી એડવોકેટ જનરલને પણ મોકલી આપવામાં આવે, સાથે જ ગુજરાત લીગલ સર્વિસ ઓથોરિટીના મેમ્બર સેક્રેટરી દ્વારા ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીનો સંપર્ક સાધીને આ ઘટનામાં પીડિત પરિવારની મુલાકાત લઈને તેમની તકલીફ જાણવામાં આવશે. ઉપરાંત ગામડામાં વસતા અન્ય લોકોની પણ તકલીફો જાણવામાં આવશે. એ પણ જોવામાં આવશે કે ગામડામાં કેવી સુવિધાઓ છે.

હાઈકોર્ટે પોતાના આદેશમાં લખ્યું હતું કે, કેટલાક વર્ષોથી ગામડાના લોકો સરકાર પાસે રોડની માંગ કરી રહ્યા હતા. ટેન્ડર નીકળે પાંચ વર્ષ થઈ ચૂક્યા છે પણ કશું જ થયું નથી. આ ગામડામાં પ્રાથમિક સારવાર કેન્દ્ર અને રોડ જેવી પાયાની મૂળભૂત સુવિધાઓ નથી. આ ગામડામાં ત્રીજો બનાવ બન્યો છે. આ ગામ નર્મદાના કિનારે આવેલું છે. નર્મદામાં જ સ્ટેચ્યુ ઓફ યુનિટી આવેલું છે અને આપણે વિકસિત ગુજરાતમાં સમાનતાની વાત કરીએ છીએ.

કોર્ટે વધુમાં કહ્યું હતું કે, આપણે રાજ્યના વિકાસની વાતો કરીએ છીએ પણ સરકાર આવી જગ્યાએ રોડ બનાવી શકતી નથી. આપણે જમ્મુ-કાશ્મીરમાં ટનલો બનાવીએ છીએ અને આવા ગામડાને પાંચ વર્ષથી રોડ નથી આપી શકતા. જસ્ટિસ વૈષ્ણવે પોતાનો અનુભવ વર્ણવ્યો હતો કે, રાજપીપળાની મુલાકાત વખતે લીગલ સર્વિસ ઓથોરિટીના ચેરમેન તરીકે ત્યાં જવું કેટલું અઘરૂં હતું એ તેમને જ ખબર છે. ત્યાંથી બે કિલોમીટર આગળ જાઓ એટલે પહોળા રોડ મળતા કારણ કે, તે સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા હતા. ત્યાં ગામડામાં એસ.ટી. બસો નહોતી આવતી, જ્યાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ફક્ત ૧૫ કિલોમીટર દૂર હતું. આ બાબત કોર્ટને ખૂબ દુ:ખી કરનારી છે પણ કોર્ટ કશું કરી શકતી નથી. જેની પત્ની મૃત્યુ પામી છે તે બાળકોના પિતા વિશે વિચારો, બાળકી પણ હવે ક્રિટિકલ છે.

### વારંવાર સર્વરના ધાંધિયા જારી રહેતા બે દિવસથી ટેસ્ટ ટ્રેક બંધ

# RTOના સર્વરમાં ખામી સર્જાવવાના કારણે રાજ્યના તમામ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ

## રિ-શિડ્યુલ અંગેની માહિતી અરજદારોને મેસેજ ઉપર મળશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૪

રાજ્યમાં કેટલીક વાર RTOના સર્વરમાં ખામી સર્જાવવાને લઈ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ થઈ જા છે. જેથી અરજદારોની મુશ્કેલી વેઠવાનો વારો આવે છે.

ગુજરાતભરની આરટીઓ કચેરીમાં એક જ સર્વર દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ માટેની ટેસ્ટ લેવાની કામગીરી કરવામાં આવે છે. ત્યારે આરટીઓના સર્વરમાં ખામી સર્જાતા ગઈકાલે અને આજે (૪ ઓક્ટોબર) ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેતા લાઈસન્સના ટેસ્ટની કામગીરી બંધ રહી હતી. તો આવતીકાલે (૫ ઓક્ટોબર) પણ ટેસ્ટ ટ્રેક બંધ રહેશે તેવી જાણકારી આરટીઓ અધિકારી દ્વારા આપવામાં આવી છે. RTO સર્વરના ધાંધિયાને કારણે ટુ વ્હીલર અને ફોર વ્હીલરના ત્રણ દિવસના સ્લોટ રિ-શિડ્યુલ કરવામાં આવ્યાં છે. આ સાથે જ અરજદારોને આરટીઓ દ્વારા અપીલ કરાય છે કે, રિ-શિડ્યુલ અંગેની માહિતી આપના રજિસ્ટર મોબાઈલ નંબર પર મળશે, જેથી આરટીઓ કચેરીએ ધક્કો ન ખાવો.

લાંબા સમયથી કોઈપણ એજન્સીને મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો નથી. આરટીઓના ઈન્સ્પેક્ટરો અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરો પોતાની રીતે મેન્ટેનન્સ કરાવી રહ્યા છે. જોકે, હવે તો ડ્રાઈવિંગની ટેસ્ટ આપતા પહેલા ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં પણ ખામી સર્જાઈ રહી છે. આ સમસ્યાનો કયારે ઉકેલ આવશે તે ખબર નથી, પરંતુ ગુરૂવારે ટ્રેક બંધ રહ્યા બાદ આજે પણ ટ્રેક બંધ રહ્યો છે. આ સાથે જ આવતીકાલે પણ ટ્રેક બંધ રહેવાની જાણકારી મળી રહી છે અને આ ટ્રેક ક્યાં સુધી બંધ રહેશે તેની હાલ કોઈ માહિતી નથી.

અમદાવાદ RTO કચેરીમાં ગઈકાલથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક સર્વર બંધ રહેતા અનેક અરજદારોને ડ્રાઈવિંગ ટેસ્ટ આપ્યા વગર જ પરત ફરવું પડ્યું હતું. આ સાથે જ ૪૦૦થી વધુ અરજદારોની સ્લોટ રિ-શિડ્યુલ થતાં ફરી ધક્કો ખાવો પડશે. આજેપણ ડ્રાઈવિંગ ટેસ્ટ બંધ રહેવાની માહિતી અરજદારોને ટેક્સ્ટ મેસેજ દ્વારા આપી દેવામાં આવી હતી. તેમ છતાં કેટલાક અરજદારોએ તે મેસેજ ન જોયો હોવાથી તેમના અપોઈન્ટમેન્ટના સમય ઉપર RTO કચેરી ખાતે આવી રહ્યા હતા. હજુ પણ આવતીકાલે ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ચાલુ રહેશે કે બંધ ? તેની સ્થિતિ અંગે અમદાવાદ RTO અધિકારી પાસે હાલમાં કોઈ ચોક્કસ માહિતી નથી. જો આવતીકાલે પણ ડ્રાઈવિંગ ટેસ્ટ બંધ રહેશે તો તમામ અરજદારોને અગાઉથી માહિતગાર કરી દેવામાં આવશે.

વડોદરા આરટીઓ વિભાગમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર ટુ વ્હીલર માટે ૨૭૦ સ્લોટ હોય છે, જ્યારે ફોરવીલર માટે ૧૮૦ પ્લોટ આપેલા હોય છે. જે કુલ મળીને ૪૫૦ પ્લોટની એપોઈન્ટમેન્ટ બુક થતી હોય છે. રોજે રોજ અંદાજિત ૨૫૦ જેટલા અરજદારો એવરેજ આવતા હોય છે, ત્યારે ફરી એકવાર આરટીઓનું સર્વર ખોટકાતા અનેક અરજદારો મુશ્કેલીમાં મૂકાયા છે. આજદિન સુધીમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલરના ૩૧૮ સ્લોટ રિ-શિડ્યુલ કરવામાં આવ્યાં છે.

સુરત આરટીઓમાં રોજ ૨૮૦ બાઈકના અને ૧૬૦ કારના ડ્રાઈવિંગ ટેસ્ટ માટે અરજદારો આવે છે. છેલ્લા બે દિવસથી આ ટ્રેક બંધ હોવાના કારણે ૯૦૦ જેટલા લોકોને બે દિવસમાં સુરત આરટીઓનો ધક્કો ખાવાનો વારો આવ્યો છે. કારણ કે, ટેસ્ટ ટ્રેક બંધ હોવા અંગે અરજદારોને મેસેજ કે અન્ય કોઈ માધ્યમથી જાણ કરવાની સુવિધા નહીં હોવાથી એપોઈન્ટમેન્ટ લેનારા અરજદારોએ આરટીઓ કચેરીનો ધક્કો ખાવો પડી રહ્યો છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS